DIET
RAJKOT
॥ तेजस्विनो अवधीतम् अस्तु ॥

# વાર્ષિક અહેવાલ

## 2024-25

## આયોજન અને વ્યવસ્થાપન શાખા




## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન


ત્રિકોણબાગ પાસે, જવાહર રોડ, રાજકોટ-360001, ફોન નં. 0281-2242140
Email: dietrajkot1@gmail.com, Website: www.dietrajkot.org

**પ્રસ્તાવના**

પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારણા અર્થે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા વર્ષ: 2024-25દરમ્યાન જુદી જુદી કામગીરી કરવામાં આવી. તેમાં આંકડાકીય માહિતીને અદ્યતન કરવામાં આવી. સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ તાલીમ કાર્યક્રમો કરવામાં આવેલ. જેમાં સંસ્કૃત ઓરીએન્ટેશન તાલીમ, ધોરણ 3 થી 8 પ્રથમ અને દ્વિતિય સત્ર પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા, વિદ્યાર્થી મૂલ્યાંકન આધારિત તાલીમ, DIKSHA પોર્ટલ માટે FLN ઇ-કન્ટેન્ટ નિર્માણ કાર્યશાળા, શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા નિર્માણ અન્વયે સાહિત્ય નિર્માણ કાર્યશાળા, જૂથ સંસાધન ક્ષેત્રે સક્ષમ રીસોર્સીસ અને ગવર્નન્સ તાલીમ, શૈક્ષણિક નેતૃત્વ પ્રવૃત્તિ અને રમતો આધારિત કાર્યશાળા, સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન વર્કશોપ, ધોરણ 6 થી 8 માટે NEP 2020 અન્વયે “સ્કૂલ બેગ વગર 10 દિવસ” અનુભવજન્ય પ્રવૃત્તિઓ માટેની કાર્યશાળા, NEP 2020 અન્વયે પૂર્વ પ્રાથમિક શાળાનાં શિક્ષકો માટે રમકડાં નિર્માણ કાર્યશાળા, વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકો માટે રમકડાં નિર્માણ કાર્યશાળા, FLN અન્વયે શિક્ષકો માટે કોમ્પિટન્સી બેઇઝ્ડ કાર્યક્રમ, ECCE/FS અધ્યયન અધ્યાપન પ્રક્રિયા માટે સાહિત્ય નિર્માણ કાર્યશાળા, આંગણવાડી કાર્યકરોની તાલીમ, વસતિ અને સાતત્ય પૂર્ણ વિકાસ, સાયબર સિક્યુરિટી તાલીમ, વીરગાથા 4.0 મૂલ્યાંકન અને પુરસ્કાર, જિલ્લા કક્ષા વાર્તા સ્પર્ધા, ક્રિયાત્મક સંશોધન કાર્યશાળા, જેન્ડર સવેન્દલશીલતા તાલીમ, જિલ્લા કક્ષા ઇકોકલબ ડોક્યુમેન્ટ વર્કશોપ, D.El.Ed. તાલીમાર્થી માટે ઇકોકલબ પ્રવૃત્તિ તાલીમી ગુણોત્સવ ૨.૦ અન્વયે નીડ બેઇઝડ કાર્યક્રમ, ECCE & CPD અન્વયે શિક્ષકો માટે વ્યાવસાયિક સજ્જતા તાલીમ, ધોરણ 1 અને 2 બાલવાટીકાનાં શિક્ષકો માટે ઓરીએન્ટેશન કાર્યશાળા, ધોરણ 6 અને 7 ગુજરાતી નવા પાઠ્યપુસ્તક તાલીમ, ઇનોવેટીવ પેડાગોજી બેઇઝડ ઓરીએન્ટેશન કાર્યશાળા, નવ નિયુક્ત શિક્ષક તાલીમ, સંશોધન પેપર લેખન માર્ગદર્શન કાર્યશાળા, તાલીમ અસરકારકતા ચકાસણી ઉપકરણ સંરચના કાર્યશાળા, મિશન મોડ શાળા એક્રીડેશન વેરીફીકેશન કાર્ય, રિચર્ચ પેપર સિલેકશન કાર્યશાળા, ધોરણ 6 થી 8 વિજ્ઞાન

એમટી તાલીમ, ધોરણ 6 થી 8 ગણિત  એમટી તાલીમ, ધોરણ 6 થી 8 સામાજિક વિજ્ઞાન એમટી તાલીમ, અંગ્રેજી સેમેસ્ટર-2 પ્રશ્નબેંક  વર્કશોપ, રીસર્ચ એબસ્ટ્રેક અંગ્રેજી અનુવાદ વર્કશોપ, ધોરણ 3 થી 8 અંગ્રેજી પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પસંદિત કૃતિ માર્ગદર્શન કાર્યશાળા, ધોરણ  9 અને 10 ગણિત વિજ્ઞાન તાલીમ, જિલ્લા કક્ષા ઇકોકલબ શાળાકીય પ્રવૃત્તિ તાલીમ અને એક્સપોઝર વિઝીટ, બીઆરસી સંકલન બેઠક, બાળમેલા અને લાઇફ સ્કીલ બાળમેળા ડોક્યુમેન્ટેશન નિર્માણ કાર્યશાળા, ધોરણ 3 થી 5 ગણિત  એમટી તાલીમ, ધોરણ 3 થી 5 હિન્દી  એમટી તાલીમ, ધોરણ 6 થી 8 ગુજરાતી એમટી તાલીમ, ધોરણ 6 થી 8 હિન્દી  એમટી તાલીમ, ધોરણ 6 થી 8 સા.વિ. એમટી તાલીમ, ધોરણ 6 થી 8 વિજ્ઞાન એમટી તાલીમ, ધોરણ 6 થી 8 અંગ્રજી  એમટી તાલીમ,ધોરણ 3 થી 5 ગુજરાતી એમટી તાલીમ, માધ્યમિક અને ઉ.મા. સ્કૂલ અક્રેડીટેશન તાલીમ, સૌરાષ્ટ્ર-1 ઝોનકક્ષા વાર્તા સ્પર્ધા, GAS-6 FI તાલીમ, પ્રથમ અને દ્વિતીય સત્ર શિક્ષક તાલીમ તેમજ ફેકલ્ટી ડેવલોપમેન્ટ અંતર્ગત તાલીમ અને ફીલ્ડ વિઝીટને લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમ કરવામાં આવેલ.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા જે કામગીરી કરવામાં આવી તે કામગીરી આયોજનને આધારે ગ્રાસ રૂટ લેવલ સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જીસીઇઆરટીનાં ઇડીએન આયોજન પ્રમાણે જે કામગીરી કરવાની થતી હતી તે પણ બજેટ અને નાણાંકીય લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખીને પૂર્ણ કરવામાં આવ્યા છે. આ વાર્ષિક અહેવાલ ભવન દ્વારા જે કામગીરી કરવામાં આવી તેનો ચિતાર બતાવે છે. જે રાજકોટ અને મોરબી જિલ્લામાં કામ કરતી શૈક્ષણિક સંસ્થાઓને ઉપયોગી થશે તેમજ સંશોધનકાર, પોલીસીમેકર્સ, આયોજનકાર અને આ ફિલ્ડમાં કામ કરતી દરેક વ્યકિતને ઉપયોગી નિવડશે.

**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**રાજકોટ**
**માર્ચ : 2025**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| 1 | ડીસ્ટ્રીકટ પ્રોફાઇલ | 1 |
| 2 | આંકડાકીય માહિતી | 7 |
| 3 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પરિચય | 16 |
| 4 | મહેકમ | 29 |
| 5 | સ્ટાફ લિસ્ટ | 30 |
| 6 | લેબ એરિયાની માહિતી | 31 |
| 7 | સંલગ્ન સંસ્થાઓ | 32 |
| 8 | જિલ્લા કક્ષાએ GAS સર્વેમાં ધોરણ અને વિષયવાર એકંદર સરાસરી | 34 |
| 9 | વ્યાખ્યાતાઓએ લીધેલ તાલીમ | 36 |
| 10 | કાર્યક્રમ સલાહકાર સમિતિ | 41 |
| 11 | વર્ષઃ 2024-25 દરમ્યાન ફંકશન વાઇઝ થયેલ કાર્યક્રમ/તાલીમ/પ્રવૃત્તિ | 47 |
| 12 | પ્રવૃત્તિઓ/કાર્યક્રમ/તાલીમ/વર્કશોપ/સેમિનાર તેમજ અન્ય પ્રવૃત્તિઓનાં ફોટોગ્રાફક્સ | 119 |

**1.0 ડીસ્ટ્રીકટ પ્રોફાઇલ**

રાજકોટ નગર આજી નદીના કાંઠે 1610ની સાલમાં વસ્યું હતું. એ સમયના ઠાકોર વિભાજીએ રાજકોટ શહેરની સ્થાપના કરી. 282 ચોરસ માઇલ અને 64 ગામો ધરાવતું રાજય હતું. આધુનિક સમયમાં સૌરાષ્ટ્રના સૌથી મહત્ત્વના શહેર તરીકે વિકસતા રાજકોટની શરૂઆત છીબડા ગામના આઠ રુમના મેન્શનમાં થઇ હતી. છીબડા ગામ રાજકોટના સ્થાપક કુમાર વિભાજીને ઇ.સ. 1685માં દહેજમાં આપવામાં આવ્યું હતું. કાઠી ચૈફતન જામસતાજીના બીજા દીકરા, જે હતાશ છતાં મહત્વાકાંક્ષી હતા, તેઓએ પિતાનું ઘર છોડી દીધું અને તેના નાનાને ઘેર સરધાર સ્થળાંતર કર્યું, જે હાલ રાજકોટનું એક નાનું ગામ છે, અને તેજસ્વી રાજકીય પ્રયુકિત અને વફાદારીના કારણે આજીનદીના કિનારે રાજકોટની સ્થાપના થઇ. 1720ની સાલમાં સોરઠ પ્રાંતના નાયબ ફોજદાર માસૂમખાને ઠાકોર મેરામણજી બીજાને લડાઇમાં હરાવ્યા અને રાજકોટ સર કર્યું, અને રાજકોટ નામ બદલીને માસૂમાબાદ રાખવામાં આવ્યું. ફરી પાછું 1732માં ઠાકોર મેરામણજીના પાટવી કુંવર રણમલજીને પિતાનું વેર લેવા માસુમખાનને રાજકોટમાં ઠાર કર્યો અને રાજકોટ જીતી લીધું. આ વિજયની સાથે આ નગરનું નામ ફરીથી રાજકોટ રખાયું.

મોગલ સામ્રાજયની ભાગલા પાડવાની નીતિની અસરમાં આવી ગયેલા, રાજકોટની ગાદી માટેના વારસદારો વચ્ચે પ્રવર્તતી સો વર્ષની ઇર્ષ્યા અને સંઘર્ષોનો ઇ.સ. 1808માં કોલોનલ વોકરની સમજૂતીથી અંત આવ્યો. તેના પરિણામે રાજકોટ જિલ્લાની હાલની સ્થિતિ અસ્તિત્વમાં આવી છે. ઇ.સ.1822ના અરસા સુધીમાં બ્રિટીશરોએ આ દ્રીપકલ્પમાં સર્વોત્તમ સત્તા હાંસલ કરી, જેને કારણે ઇ.સ.1822માં રાજકોટમાં બ્રિટીશરોએ પોતાની એજન્સીની સ્થાપના કરી હતી. રાજકોટને કાઠીયાવાડ દ્રીપકલ્પના મુખ્ય મથકનો તાજ પહેરાવવામાં આવ્યો, જેને કારણે રાજકોટનો વિકાસ એક એવી વસાહત તરીકે થયો, જેમાં રાજકોટમાં બ્રિટીશરો પોતાના દેશમાં ભોગવતા હતા તેવા બધા લાભ ઉપલબ્ધ હોય, તેનો લાભ રાજકોટને મળ્યો, જેમકે રાજકુમાર કોલેજ અને આલ્ફ્રેડ હાઇસ્કૂલની સ્થાપના કે જેમાં મહાત્મા ગાંધી ભણ્યા, તેને ગણાવી શકાય.

રાજકોટ પ્રથમ એવું શહેર બન્યું કે જેમાં યુરોપિયન પદ્ધતિની સારવારની સુવિધાઓ ઇ.સ. 1936માં રાજકોટ સિવિલ હોસ્પિટલની સ્થાપનાથી ઉપલબ્ધ બની.

1889માં રાજકોટ વાંકાનેર સાથે રેલ્વેથી જોડાયું. 1893માં રાજકોટને જેતલસર સાથે રેલ્વે લાઇનથી સાંકળી લેવામાં આવ્યું. એ સમયની મીટરગેજ રેલ્વે લાઇન હાલના શહેરના ધોરીનસ જેવા ઢેબરરોડ ઉપરથી પસાર થતી હતી. 1937માં દીવાન વીરાવાળાના જુલમીતંત્ર સામે બેચરવાલા વાઢેરે તહોમતનામું પોકાર્યું અને 1938માં રાજકોટ સત્યાગ્રહ શરુ થયો, જેનું સરદાર વલ્લભભાઇ પટેલે આવીને સમાધાન કરાવ્યું, પાછળથી તેનો ભંગ થયો, એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રીયશાળામાં ઉપવાસ શરુ કર્યા. 1942ની હિન્દ છોડો ચળવળ સમયે રાજકોટ ભૂગર્ભ લડત પ્રવૃત્તિઓનું મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું.

સ્વતંત્ર સંગ્રામની ગતિની સાથે રાજકોટ શહેરે પણ પોતાનું યોગદાન આપ્યું હતું. ઇ.સ. 1922માં રાજકોટના રાજયકર્તા ઠાકોરસાહેબ લાખાજીરાજ દ્વારા પ્રતિનિધિસભાની સ્થાપના અને તેના દ્વારા ઉઠાવેલ સંલગ્ન મુદ્દાઓએ રાજકોટને મહાત્મા ગાંધીની અહિંસાના પ્રયોગ માટેની ‘‘પ્રયોગ શાળા"તરીકે ઉપલબ્ધ બનાવ્યું હતું. આઝાદી બાદ 1984માં એપ્રિલની 15મી તારીખે દેશી રજવાડાઓનું અસ્તિત્ત્વ ભૂંસાયું અને તેના વિલીનીકરણ થતાં સૌરાષ્ટ્ર રાજય અમલમાં આવ્યું. આમ, રાજકોટ શહેર પાટનગર બન્યું. સાથોસાથ તારીખ 1લી ઓકટોબર 1949ના રોજ રાજકોટ શહેરની પ્રજાએ ચૂંટેલી સુધરાઇ અસ્તિત્ત્વમાં આવી. આઝાદી પહેલાં રાજકોટ શહેર તેની ભૌગોલિક રચના અને તેના રાજકીય મહત્ત્વને કારણે એક રાજકીય અને વહીવટી મુખ્ય મથક તરીકે આગવી પ્રતિષ્ઠા ધરાવતું હતું. રાજકોટ શહેરના આર્થિક વિકાસ માટે સર લાખાજીરાજ એક રાષ્ટ્રભિમાની, ગાંધીજીના મિત્ર અને કાર્યશીલ રાજવંશી હતાં.

રાજકોટ શહેર 60.15 કિલોમીટર વિસ્તારમાં પથરાયેલ છે. દ્વીપકલ્પ સૌરાષ્ટ્રના કેન્દ્રમાં આવેલાં આ જિલ્લાની ઉત્તર બાજુએ કચ્છનો અખાત, પૂર્વ દિશામાં સુરેન્દ્રનગર જિલ્લો અને ભાવનગર જિલ્લો તેમજ દક્ષિણે જૂનાગઢ અને અમરેલી જિલ્લાઓ, પશ્ચિમે જામનગર જિલ્લો

આવેલા છે. ભૌગોલિક ભૂસ્તર મુજબ જોઇએ તો પૂર્વ દિશામાં ટેકરીઓવાળો પ્રદેશ, જયારે દક્ષિણે છૂટીછવાઇ ટેકરીઓ સિવાય મોટાભાગનો વિસ્તાર સપાટ જમીન ધરાવે છે.

જિલ્લાના જસદણ, વાંકાનેર અને રાજકોટને આવરી લેતો પાંચાળ વિસ્તાર તરીકે ઓળખાય છે, જે છેક અમરેલી જિલ્લાના બાબરા તાલુકા સુધી આવેલો છે. જસદણના થોડા ઉત્તર વિભાગથી શરુ થઇને આવરી લઇ લોધિકાની આજુબાજુ સુધી પથરાયેલ સાંકડી નહેર બનાવે છે અને તે જિલ્લાની જડ સહાયરેખા પૂરી પાડે છે. આ ધારની પાસેથી તેમજ ઉત્તરની બધી નદીઓ કચ્છના અખાતમાં વહે છે. રાજકોટ જિલ્લાના પ^િમ વિભાગમાં મહત્વની ફળદ્રુપ જમીન આવેલી છે. જેમાં મોટાપાયે ખેત ઉત્પાદન લેવાઇ રહ્યું છે. ઉત્તરના ભાગમાં ટેકરાળ અને મેદાની મિશ્ર જમીનો વાંકાનેરથી મોરબી સુધીનો સમગ્ર વિસ્તાર ઇંટ, માટી, ચાઇના કલે, રંગવાળી, ફાયર કલે અને ચૂનાના પથ્થરની ખાણોથી પથરાયેલો છે. આ વિભાગનો ઉત્તરનો સીમાડો બે ભાગમાં વહેંચાયેલો છે. એક ભાગમાં સમુદ્રનો કાંઠો અને બીજા ભાગમાં રણનો પ્રદેશ આવેલો છે.

રાજકોટની મોટાભાગની નદીઓનો પ્રવાહ ઉતાવળો અને ટૂંકો છે. ભાદર, મચ્છુ અને આજી આ ત્રણ મુખ્ય નદીઓ જિલ્લામાં વહેતી નદીઓ છે. જસદણ પાસેથી શરુ થતી 128 કિલોમીટર લંબાઇવાળી ભાદર નદી જિલ્લાની મોટામાં મોટી નદી છે. નાની નદીઓ જેવી કરમાળ, વાસાવડી, ગોંડલી, ઉતાવળી, ફોફળ અને  મોજ તેની શાખાઓ રુપે વહે છે. સરધારની ધારમાંથી ઉદ્‌ભવ પામી 95 કિલોમીટર લંબાઇ ધરાવતી આજી નદી રાજકોટ શહેરને આવરી લઇને કચ્છના અખાતને મળે છે. આ નદીની શાખાઓ રુપે લાલપરી, ફૂલઝર, ન્યારી અને ડોડીના પ્રવાહને મળે છે. જયારે નાનું સ્વરુપ ધરાવતી ડેમી નદી સણોસરાની ધારમાંથી ઉદ્‌ભવ પામી કચ્છના અખાતને મળે છે. જિલ્લાના જસદણ તાલુકાના આણંદપુર ગામ પાસેથી ઉદ્‌ભવ પામી મચ્છુ નદીનો પ્રવાહ વાંકાનેર, મોરબી, માળીયા થઇ કચ્છના અખાતને મળે છે. આ નદીની લંબાઇ 112 કિલોમીટરની છે.

દિલના દિલેર, ખડતલ અને મહેનતુ કાઠિયાવાડીઓનું શહેર એટલે રાજકોટ. આખા સૌરાષ્ટ્રમાં વરસાદનું પ્રમાણ ઓછું, ઠંડી અને ગરમી વિશેષ, સાગરકાંઠો પણ વિશાળ તેથી રાજકોટના લોકોનો પહેરવેશ પણ દરેક ઋતુ પ્રમાણે બદલાય છે. રાજકોટ શહેરીજનો ઉત્સવ પ્રિય છે. દર વર્ષે જન્માષ્ટમીના તહેવાર પર યોજાતો લોકમેળો આખા ગુજરાતમાં જાણીતો છે. રાજકોટનો આઇસ્ક્રીમ એકવાર ખાવ એટલે દાઢમાં રહી જાય. રાજકોટ શહેરની બજાર સવારે આઠેક વાગ્યે ખૂલે છે અને બપોરે એકાદ વાગ્યે બંધ થયા પછી સાંજે ચાર વાગ્યે ખૂલે છે, અને રાત્રે સાડા આઠે ધંધો સંકેલી લે છે.

સંસ્કૃતિ પર નજર કરીએ તો ગામડાઓમાં વીરતાની વાતોની યાદ તાજી કરાવતા ગામડે ગામડે ઊભેલા પાળિયા સંસ્કૃતિના મહત્ત્વના આધારસ્થંભો સમા છે. પાળિયા દ્વારા લોક સંસ્કૃતિનો ઇતિહાસ જ નહીં, પણ વીરતા અને ખુમારીનો પણ ખ્યાલ મળે છે. અહીંની લોકકલા અદભૂત છે. ભરતકામમાં પ્રાદેશિક કલા વૈવિધ્ય છે. ભાતીગળ પદ્ધતિ છે. અબોટી ભરત, કાઠી ભરત વગેરે જાણીતા છે. રાજકોટ જિલ્લાના જસદણ અને જેતપુરના કાઠીઓમાં મોતી ભરત કલાનો સારો વિકાસ થયો છે. આંખને ઠારે એવા ભાતીગળ મોતીકામના નમૂના કાઠી કોમના ખોરડે જોવા મળે છે. રાજકોટમાં પેંડાની વાત હોય કે ચેવડાની, વેફર કે ખારીસીંગ વાત લઇએ કે પછી ચીકીની વાત કરીએ કે પછી પાપડની સામાન્ય ગણાતા ધંધામાં પડેલા ધંધાર્થીઓનું ટર્નઓવર અચંબો પમાડે તેવું છે.

રળીયામણા રાજકોટ શહેરમાં અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થતી રહે છે અને લોકકલા સંસ્કૃતિ પ્રવૃત્તિને વેગ મળે અને શહેરીજનોને તેનો લાભ મળતો રહે તે માટે શહેરમાં સુંદર હેમુ ગઢવી નાટય ગૃહ-ઓડીટોરીયમ તૈયાર થયું છે. તેમાં અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થઇ રહી છે. રાજકોટના કલાકાર સપુતોએ મુંબઇના બોલીવુડમાંય નામના હાંસલ કરી છે એવા કલાકારોની વાત કરીએ તો એ છે, મનહર ઉધાસ, નિર્મળ ઉધાસ અને પંકજ ઉધાસ આ ત્રણેય ભાઇઓ રાજકોટમાં શિક્ષણ લઇને મુંબઇ જઇ વસ્યા અને ફિલ્મી દુનિયામાં સંગીત ક્ષેત્રે, ગઝલ ક્ષેત્રે છવાઇ ગયાં તેમજ વિજય દાવડા અને પંકજ ભટ્ટ, લોક સાહિત્ય ક્ષેત્રે મીઠાભાઇ પરસાણા,

જીતુભાઇ ગઢવી, બિહારી ગઢવી, હેમંત ચૌહાણ જેવા કલાકારોએ સૌરાષ્ટ્રના લોક સાહિત્યને ધબકતું રાખ્યું છે.

નાટયક્ષેત્રે રાજકોટનું પ્રદાન સારું એવું છે. રાજકોટના કલા દિગ્દર્શકો અને કલાકારો શ્રી રમેશભાઇ મહેતા, શ્રી મનસુખભાઇ જોષી, સ્વ. હેમુભાઇ ગઢવી, શ્રી હિરાલાલ ત્રિવેદી, શ્રી ભરતભાઇ યાજ્ઞિક, કવિશ્રી મણીલાલ પાગલ, શ્રી ગુલાબભાઇ શાહ, સ્વ. શ્રી અમૃત ઘાયલ, શ્રી રૂષવા મઝલૂમી વગેરે કલાકૃતિને સારો વેગ આપ્યો છે. તો સ્વ. શ્રી નિર્ભયભાઇ ભટ્ટ, સ્વ. અરવિંદ ધોળકીયા, સ્વ. જયમલભાઇ પરમાર જેવા મહાનુભાવોનું કલા શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. ગુજરાતી સાહિત્યના જયોર્તિધર સમા શ્રી ગૌરીશંકર જોષી(ધૂમકેતુ) પણ રાજકોટ જિલ્લાના વીરપુરના વતની હતાં.

60.15 ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલું આ શહેર આજે વિકાસના પંથે કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે. રાજયની સૌથી પહેલી ઔદ્યોગિક વસાહત ઉદ્યોગનગરની રાજકોટમાં સ્થાપના થઇ. રાજકોટના ઓઇલ એન્જિનો દેશની સીમા પાર કરીને વિદેશમાં પ્રખ્યાત બન્યો છે. લઘુ ઉદ્યોગક્ષેત્રે રાષ્ટ્રીય નકશામાં રાજકોટે સ્થાન પ્રાપ્ત કર્યુ છે. દેશમાં માત્ર ચાર સ્થળોએ પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ ટ્રેનીંગ સેન્ટર કામ કરે છે. આમાનું એક રાજકોટમાં સ્થાપાયેલ છે. દેશમાં ઓઇલ એન્જિનના ઉદ્યોગના લગભગ 60 ટકા જેટલું ઉત્પાદન રાજકોટમાં થાય છે.

સોના ચાંદીનાં આભૂષણોએ પણ દેશભરમાં રાજકોટ શહેરનું નામ ગાજતું કર્યુ છે, અહીં બનતાં સોના ચાંદીનાં આભૂષણો અને અહીંની કલાકારીગીરીએ ચાર ચાંદ લગાવ્યા છે. મુંબઇ હોય કે બેંગ્લોર હોય કે દેશભરના આભૂષણોના મોટા શો રૂમોની રાજકોટની કલાકારીગીરીએ શોભા વધારી છે. રાજકોટ શહેર સોનાચાંદીના ઘડતર અને કલાકારીગીરીમાં દુનિયામાં જાણીતું છે. રાજકોટને આ બહુમાન અપાવવામાં શહેરના સોની સમાજ ઉપરાંત પંદર જેટલી હુન્નરશાળાઓનો મહત્વનો ફાળો છે.

એક અંદાજ પ્રમાણે 60 હજાર જેટલા સોની અને અન્ય કોમનાં કારીગરો સોનાચાંદી દાગીના ઘડવાના કામમાં આજે રોકાયેલા છે. આ કારીગરો રોજના બસ્સો કિલોથી વધુ અને બે હજાર કિલોની ચાંદી ઘડીને કલાત્મક આભૂષણો તૈયાર કરે છે. રાજકોટની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે શહેરનું રળિયામણું રેસકોર્ષ, રામકૃષ્ણ આશ્રમ, રાજકુમાર કોલેજ, જયુબેલી બાગ, વોટસન મ્યુજિયમ, ગાંધી સ્મૃતિ, રાષ્ટ્રીય શાળા, સરદાર સ્મારક, આજી ડેમ, સરદાર બાગ, સ્વામિનારાયણ મંદિર વગેરે આકર્ષણ કેન્દ્રો છે.

રાજકોટથી નજીકમાં ગોંડલ ખાતે ભુવનેશ્વરી મંદિર, અક્ષર મંદિર, વીરપુર ખાતે જલારામ મંદિર, શ્રધ્ધાળુઓમાં જાણીતાં છે. રાજકોટ જિલ્લાનું જેતપુર સાડી ઉદ્યોગ માટે, મોરબી ઘડિયાલ, વિલાયતી નળિયા તેમજ ટાઇલ્સના ઉદ્યોગ માટે જાણીતું છે. રાજકોટ શહેરની વસતિ આજે દસ લાખ પર પહોંચી છે. 1974થી રાજકોટમાં મ્યુનિસિપલ કોર્પોરેશન કામ કરતું થયું છે.

## 2.0 આંકડાકીય માહિતી

રાજકોટ જિલ્લાની ભૌગોલિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક માહિતી પ્રાપ્ત થાય તે માટે રાજકોટ જિલ્લાની સંપૂર્ણ માહિતી ટૂંકમાં નીચે મુજબ આપવામાં આવી છે.

| | |
|---|---|
| જિલ્લાનું મુખ્ય મથક | રાજકોટ |
| ક્ષેત્રફળ | 11203 ચો કિ.મી. |
| અક્ષાંશ | 20.58 ઉત્તર અક્ષાંશ |
| રેખાંશ | 70.20 પૂર્વ રેખાંશ |
| ગામડાંઓ | 833 |
| તાલુકાઓ | 11+05+01 |
| શહેરો | 12 |
| નગરપાલિકા | 8 |
| મહાનગરપાલિકા | 01 |
| તાલુકા પંચાયત | 16 |
| સરેરાશ વરસાદ | 500 થી 600 મીલીમીટર |
| રેલ્વે | 366.57 કિ.મી. |
| સાગરકાંઠો | 35 કિ.મી. (મોરબી જિલ્લો) |
| મુખ્ય પાક | મગફળી, કપાસ, બાજરી, ઘઉં વગેરે |
| નદીઓ | 03 |
| સિંચાઇ | 227606 હેકટર |
| પ્રાથમિક શાળાઓ | 871+585+93 |
| માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 913+225 |
| પી.ટી.સી. કોલેજ | 04 |
| યુનિવર્સિટી | 01 |
| મેળા | જન્માષ્ટમી, આઠમનો મેળો |
| જોવાલાયક સ્થળ | રામકૃષ્ણ આશ્રમ, આજીડેમ, ભીડભંજન, રેસકોર્ષ, રફાળેશ્વર, જડેશ્વર, જલારામ મંદિર વીરપુર, ભુવનેશ્વરી મંદિર - બૌધ્ધ ગુફા - ગોંડલ, ઘેલા સોમનાથ, ઓસામ ડુંગર - ધોરાજી |

સોર્સઃ માહિતી ખાતાની બુક, District Census Handbook & UDISE+ report 2023-24, SSAM, Rajkot-Morbi-MSB Rajkot, DEO office, Rajkot

## તાલુકાવાર સાક્ષરતાની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | વસતિ | | | સાક્ષરતા દર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | ધોરાજી | 79475 | 75421 | 154896 | 86.99 | 74.47 | 80.87 |
| 2 | ગોંડલ | 147508 | 138042 | 285550 | 86.98 | 75.45 | 81.36 |
| 3 | જામકંડોરણા | 39923 | 38207 | 78130 | 82.98 | 70.83 | 77.00 |
| 4 | જસદણ | 160305 | 153819 | 314124 | 78.66 | 59.85 | 69.40 |
| 5 | જેતપુર | 128932 | 118208 | 247140 | 85.42 | 73.05 | 79.47 |
| 6 | કોટડા સાંગાણી | 47697 | 42763 | 90460 | 85.70 | 72.21 | 79.30 |
| 7 | લોધિકા | 30168 | 27247 | 57415 | 84.66 | 69.68 | 77.52 |
| 8 | માળીયા | 40413 | 38279 | 78692 | 81.37 | 61.62 | 71.71 |
| 9 | મોરબી | 209980 | 194015 | 403995 | 88.19 | 73.35 | 81.03 |
| 10 | પડધરી | 38204 | 36577 | 74781 | 83.35 | 66.11 | 74.86 |
| 11 | રાજકોટ | 803343 | 730478 | 1533821 | 90.42 | 81.69 | 86.24 |
| 12 | ટંકારા | 44516 | 43061 | 87577 | 84.30 | 66.37 | 75.43 |
| 13 | ઉપલેટા | 92256 | 86656 | 178912 | 83.97 | 70.74 | 77.54 |
| 14 | વાંકાનેર | 111725 | 107340 | 219065 | 84.32 | 63.83 | 74.24 |
| **કુલ** | | **1974445** | **1830113** | **3804558** | **87.07** | **74.43** | **80.96** |
| 15 | રાજકોટ (એમએસબી) | 693473 | 629890 | 1323363 | 91.35 | 83.60 | 87.64 |
| 16 | હળવદ | 88092 | 82908 | 171000 | 82.88 | 62.76 | 73.10 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar

# રાજકોટ જિલ્લાની તાલુકાવાર બીઆરસી., સીઆરસી., શાળાઓની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | બી.આર.સી. | સી.આર.સી. | શાળાઓની સંખ્યા | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | **ધો. 1-5** | **ધો. 1-8** | **કુલ શાળાઓ (LB Std. 1 to 8)** | **ધો. 9-10** | **ધો. 9-12** | **ધો. 1-12** | **કુલ શાળાઓ(LB)** | **Dept. of Edu.** | **RMSA** | **MODEL** | **KGBV** | **Social welfare** | **Tribal welfare** | **Aided** | **SF** | **Others** |
| 1 | ધોરાજી | 1 | 7 | 3 | 45 | 48 | 1 | 0 | 0 | 49 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 18 | 63 | 0 |
| 2 | ગોંડલ | 1 | 14 | 11 | 107 | 118 | 8 | 7 | 0 | 133 | 2 | 1 | 0 | 0 | 0 | 0 | 15 | 121 | 0 |
| 3 | જામકંડોરણા | 1 | 7 | 9 | 46 | 55 | 2 | 0 | 0 | 57 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 8 | 14 | 0 |
| 4 | જસદણ | 1 | 11 | 18 | 96 | 114 | 0 | 3 | 0 | 117 | 6 | 2 | 1 | 2 | 1 | 1 | 10 | 94 | 0 |
| 5 | જેતપુર | 1 | 9 | 4+2(MSB) | 52+12(MSB) | 56+14(MSB) | 7 | 2 | 0 | 65+14(MSB) | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 15 | 101 | 1** |
| 6 | કોટડા સાંગાણી | 1 | 5 | 8 | 46 | 54 | 0 | 0 | 0 | 54 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 7 | 33 | 0 |
| 7 | લોધિકા | 1 | 5 | 7 | 37 | 44 | 2 | 0 | 0 | 46 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 3 | 39 | 0 |
| 8 | પડધરી | 1 | 9 | 29 | 52 | 81 | 2 | 0 | 0 | 83 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 9 | 38 | 1* |
| 9 | રાજકોટ | 1 | 15 | 28 | 97 | 125 | 2 | 1 | 0 | 128 | 2 | 5 | 0 | 0 | 3 | 0 | 12 | 81 | 0 |
| 10 | ઉપલેટા | 1 | 10 | 12+0(MSB) | 57+7(MSB) | 69+7(MSB) | 1 | 4 | 0 | 74+7(MSB) | 0 | 0 | 0 | 0 | 0 | 2 | 21 | 57 | 0 |
| 11 | વિંછીયા | 1 | 9 | 16 | 66 | 82 | 0 | 0 | 0 | 82 | 8 | 7 | 0 | 1 | 0 | 1 | 5 | 31 | 0 |
| કુલ | | **11** | **101** | **145+2(MSB)** | **701+19(MSB)** | **846+21(MSB)** | **25** | **17** | **0** | **888+21(MSB)** | **26** | **16** | **1** | **3** | **4** | **4** | **123** | **672** | **2** |
| 12 | રાજકોટ (એમએસબી) | **3** | **25** | **9** | **84** | **93** | **4** | **2** | **0** | **99** | **2** | **0** | **0** | **1** | **3** | **0** | **72** | **787** | **1** |
| કુલ | | **14** | **126** | **154+2(MSB)** | **785+19(MSB)** | **939+21(MSB)** | **29** | **19** | **0** | **987+21(MSB)** | **28** | **16** | **1** | **4** | **7** | **4** | **195** | **1459** | **3** |

* Jawahar Navodaya, ** Central

Source: UDISE+ report 2024-25, SSAM, Rajkot

## મોરબી જિલ્લાની તાલુકાવાર બીઆરસી., સીઆરસી., શાળાઓની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | બી.આર.સી. | સી.આર.સી. | શાળાઓની સંખ્યા | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | **ધો. 1-5** | **ધો. 1-8** | **કુલ શાળાઓ (LB Std. 1 to 8)** | **ધો. 9-10** | **ધો. 9-12** | **ધો. 1-12** | **કુલ શાળાઓ(LB)** | **Dept. of Edu.** | **RMSA** | **MODEL** | **KGBV** | **Social welfare** | **Tribal welfare** | **Aided** | **SF** | **Others** |
| 1 | મોરબી | 1 | 18 | 46 | 127 | 173 | 5 | 0 | 0 | 178 | 8 | 0 | 0 | 0 | 1 | 0 | 21 | 142 | 0 |
| 2 | માળીયા | 1 | 6 | 31 | 44 | 75 | 0 | 0 | 0 | 75 | 3 | 0 | 1 | 0 | 0 | 0 | 10 | 1 | 0 |
| 3 | ટંકારા | 1 | 6 | 14 | 46 | 60 | 2 | 0 | 0 | 62 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 10 | 23 | 0 |
| 4 | વાંકાનેર | 1 | 16 | 29 | 131 | 160 | 2 | 2 | 0 | 164 | 6 | 5 | 1 | 1 | 0 | 0 | 10 | 45 | 0 |
| 5 | હળવદ | 1 | 10 | 30 | 87 | 117 | 4 | 1 | 0 | 122 | 9 | 13 | 1 | 0 | 0 | 0 | 7 | 36 | 0 |
| કુલ | | **5** | **56** | **150** | **435** | **585** | **13** | **3** | **0** | **601** | **27** | **18** | **3** | **1** | **1** | **0** | **58** | **247** | **0** |

* Jawahar Navodaya

Source: UDISE+ report 2024-25, SSAM, Morbi

રાજકોટ, મોરબી જિલ્લાની અને રાજકોટ (એમએસબી)ની કુલ બીઆરસી., સીઆરસી., શાળાઓની માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | બી.આર.સી. | સી.આર.સી. | શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | રાજકોટ | 11 | 101 | **888+21(MSB)** |
| 2 | મોરબી | 5 | 56 | **585** |
| કુલ | | **16** | **157** | **1435+21(MSB)** |
| 3 | રાજકોટ (એમએસબી) | **3** | **25** | **99** |

Source: UDISE+ report 2024-25, SSAM, Rajkot & Morbi

રાજકોટ જિલ્લાના તાલુકાવાર વિદ્યાર્થીઓની માહિતી **(Local Body)**

| ક્રમ | તાલુકાનું નામ | વિધાર્થીઓની સંખ્યા (ધો.1 થી 8) | | | વિધાર્થીઓની સંખ્યા (ધો. 9 થી 12) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| 1 | ધોરાજી | 3361 | 3463 | 6824 | 45 | 39 | 84 |
| 2 | ગોંડલ | 7161 | 6907 | 14068 | 883 | 693 | 1576 |
| 3 | જામકંડોરણા | 2697 | 2361 | 5058 | 55 | 56 | 111 |
| 4 | જસદણ | 7380 | 7586 | 14966 | 361 | 341 | 702 |
| 5 | જેતપુર | 3126+ 1312(MSB) | 3138+ 1493(MSB) | 6264+ 2805(MSB) | 405 | 1008 | 1413 |
| 6 | કોટડા સાંગાણી | 3914 | 3595 | 7509 | 0 | 0 | 0 |
| 7 | લોધિકા | 3572 | 3174 | 6746 | 96 | 61 | 157 |
| 8 | પડધરી | 4037 | 3685 | 7722 | 90 | 175 | 265 |
| 9 | રાજકોટ | 9562 | 9249 | 18881 | 489 | 361 | 850 |
| 10 | ઉપલેટા | 3760+ 759(MSB) | 3780+ 762(MSB) | 7540+ 1521(MSB) | 561 | 700 | 1261 |
| 11 | વિંછીયા | 5983 | 6207 | 12190 | 0 | 0 | 0 |
| કુલ | | **54553+ 2071(MSB) = 56624** | **53145+ 2255(MSB) =55400** | **107698+ 4326(MSB) = 112024** | **2985** | **3434** | **6419** |
| 12 | રાજકોટ (એમએસબી) | **14807** | **15252** | **30059** | **449** | **567** | **1016** |

Source: UDISE+ report 2024-25, SSAM, Rajkot

## રાજકોટ જિલ્લાના તાલુકાવાર શિક્ષકોની માહિતી (Local Body)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષકોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ધોરણ 1 થી 8 | | | ધોરણ 9 થી 12 | | |
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | ધોરાજી | 139 | 166 | 305 | 3 | 1 | 4 |
| 2 | ગોંડલ | 284 | 418 | 702 | 48 | 25 | 73 |
| 3 | જામકંડોરણા | 91 | 142 | 233 | 7 | 0 | 7 |
| 4 | જસદણ | 312 | 323 | 635 | 14 | 9 | 23 |
| 5 | જેતપુર | 130+ 31(MSB) | 181+ 70(MSB) | 311+ 101(MSB) | 30 | 14 | 44 |
| 6 | કોટડા સાંગાણી | 146 | 197 | 343 | 0 | 0 | 0 |
| 7 | લોધિકા | 112 | 197 | 309 | 5 | 2 | 7 |
| 8 | પડધરી | 164 | 231 | 395 | 6 | 3 | 9 |
| 9 | રાજકોટ | 307 | 496 | 803 | 14 | 10 | 24 |
| 10 | ઉપલેટા | 187+ 19(MSB) | 204+ 42(MSB) | 391+ 61(MSB) | 28 | 17 | 45 |
| 11 | વિંછીયા | 336 | 139 | 475 | 0 | 0 | 0 |
| | કુલ | **2208+ 50(MSB)** | **2694+ 112(MSB )** | **4902+ 162(MSB)** | **155** | **81** | **236** |
| 12 | રાજકોટ (એમએસબી) | **305** | **796** | **1101** | **16** | **12** | **28** |

Source: UDISE+ report master file, 2024-25, SSAM, Rajkot

### મોરબી જિલ્લાના તાલુકાવાર વિદ્યાર્થીઓની માહિતી (Local Body)

| ક્રમ | તાલુકાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા (ધો.1 થી 8) | | | વિદ્યાર્થીઓની સંખ્યા (ધો. 9 થી 12) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| 1 | મોરબી | 13159 | 12985 | **26144** | 399 | 1477 | **1876** |
| 2 | માળીયા (મિંયાણા) | 3700 | 3538 | **7258** | 181 | 108 | **289** |
| 3 | ટંકારા | 3969 | 3352 | **7321** | 72 | 100 | **172** |
| 4 | વાંકાનેર | 10662 | 11658 | **22320** | 1174 | 699 | **1873** |
| 5 | હળવદ | 11298 | 10644 | **21942** | 1018 | 1173 | **2191** |
| કુલ | | **42788** | **42197** | **84985** | **2844** | **3557** | **6401** |

Source: UDISE+ report 2024-25, SSAM, Morbi

### મોરબી જિલ્લાના તાલુકાવાર શિક્ષકોની માહિતી (Local Body)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષકોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ધોરણ 1 થી 8 | | | ધોરણ 9 થી 12 | | |
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | મોરબી | 559 | 548 | **1107** | 41 | 26 | **67** |
| 2 | માળીયા (મિંયાણા) | 170 | 116 | **286** | 10 | 8 | **18** |
| 3 | ટંકારા | 173 | 166 | **339** | 2 | 8 | **10** |
| 4 | વાંકાનેર | 423 | 455 | **878** | 33 | 28 | **61** |
| 5 | હળવદ | 518 | 275 | **793** | 54 | 35 | **89** |
| | કુલ | **1843** | **1560** | **3403** | **140** | **105** | **245** |

Source: UDISE+ report master file, 2024-25, SSAM, Morbi

**રાજકોટ જિલ્લાના તાલુકાવાર પીટીઆર, એસસીઆર અને કલાસરૂમ (ધોરણ 1 થી 8)**

| ક્રમ | તાલુકાનું નામ | PTR | SCR | Classroom |
|---|---|---|---|---|
| 1 | ધોરાજી | 22.37 | 20.74 | 329 |
| 2 | ગોંડલ | 20.04 | 19.04 | 739 |
| 3 | જામકંડોરણા | 21.71 | 14.41 | 351 |
| 4 | જસદણ | 23.57 | 21.08 | 710 |
| 5 | જેતપુર | 22.01 | 25.12 | 361 |
| 6 | કોટડા સાંગાણી | 21.89 | 18.27 | 411 |
| 7 | લોધિકા | 21.83 | 22.87 | 295 |
| 8 | પડધરી | 19.6 | 18.56 | 416 |
| 9 | રાજકોટ | 23.43 | 22.61 | 832 |
| 10 | ઉપલેટા | 20.05 | 24.16 | 375 |
| 11 | વિંછીયા | 25.66 | 22.65 | 538 |
| કુલ | | **24.70** | **22.12** | **20.91** |
| 12 | રાજકોટ(એમએસબી) | **27.30** | **43.27** | **733** |

Source: UDISE+ report 2024-25, SSAM, Rajkot

**મોરબી જિલ્લાના તાલુકાવાર પીટીઆર, એસસીઆર અને કલાસરૂમ (ધોરણ 1 થી 8)**

| ક્રમ | તાલુકાનું નામ | PTR | SCR | Classroom |
|---|---|---|---|---|
| 1 | મોરબી | 21.10 | 21.26 | 1163 |
| 2 | માળીયા (મિંયાણા) | 22.66 | 20.94 | 371 |
| 3 | ટંકારા | 20.54 | 17.25 | 391 |
| 4 | વાંકાનેર | 25.09 | 20.94 | 1037 |
| 5 | હળવદ | 24.67 | 25.15 | 836 |
| કુલ | | | | **1031** |

Source: UDISE+ report 2024-25, SSAM, Morbi

**રાજકોટ જિલ્લાની માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ**

| ક્રમ | શાળાઓ | | | કુલ |
|---|---|---|---|---|
| | સરકારી<br>સરકારી(LB+Dept.Edu+RMSA+ MODEL+KGBV+SW=TW) | ગ્રાન્ટેડ | સ્વ નિર્ભર | |
| 1 | 54 | 123 | 672 | 849 |
| કુલ | **54** | **123** | **672** | **849** |

Source: DEO Office, 2023-24, Rajkot

**મોરબી જિલ્લાની માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ**

| ક્રમ | શાળાઓ | | | કુલ |
|---|---|---|---|---|
| | સરકારી(LB+Dept.Edu+RMSA+ MODEL+KGBV+SW=TW) | ગ્રાન્ટેડ | સ્વ નિર્ભર | |
| 1 | 66 | 58 | 247 | 371 |
| કુલ | **66** | **58** | **247** | **371** |

Source: UDISE+ report 2024-25, SSAM, Morbi

## 3.0 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પરિચય

### 3.1 પ્રસ્તાવના

સ્વાતંત્ર્ય પછી ભારતમાં શિક્ષણ ક્ષેત્રે પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રીકરણ એ પાયાનો ઉદ્દેશ રહયો છે. ભારતીય બંધારણની કલમ 45 મુજબ સંવિધાનના આરંભથી દસ વર્ષની મુદતની અંદર તમામ બાળકને તેમની ચૌદ વર્ષની વય પૂરી થાય ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઇ કરવામાં આવશે. આ સંવિધાનની જોગવાઇ મુજબ દેશે પ્રારંભિક શિક્ષણ અને અક્ષરજ્ઞાનમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આમ છતાં શિક્ષણના પ્રારંભિક તબકકામાં અધવચ્ચેથી અભ્યાસ છોડી જનારાઓનું પ્રમાણ વધુ રહયું હતું. સાથે સાથે છેવાડાના વ્યકિત સુધી શિક્ષણ વિસ્તારી શકયા નહોતા. આ પરિસ્થિતિને લઇ મે - 1986માં સંસદે શિક્ષણ અંગેની નવી રાષ્ટ્રીય શિક્ષાનીતિ ( National Policy in Education) અમલમાં મૂકી.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ અપનાવી ત્યાં સુધી રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT), રાષ્ટ્રીય શિક્ષણ આયોજન અને વહીવટ સંસ્થા (NUEPA) અને રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERT) જેવી સંસ્થાઓ દ્વારા જ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણમાં સહાય પૂરી પાડવામાં આવતી હતી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986માં શિક્ષક-પ્રશિક્ષણ, સેવાકાલીન અને પૂર્વસેવા ક્ષેત્રોને મહત્વનાં ગણી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની રચના પ્રાથમિક સ્તરે જ શિક્ષણના ઊર્ધ્વીકરણ કરવાના એક ભાગરૂપે કરવામાં આવી.

### 3.2 હેતુઓઃ

- પ્રારંભિક અને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રોમાં હાથ ધરાતા કાર્યક્રમો માટે પાયાના સ્તરે શૈક્ષણિક અને સાધનરૂપ સહાય પૂરી પાડવી.
- જિલ્લાની જરૂરિયાત પ્રમાણે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરશે.
- સંસ્થા (ડાયેટ)ની પોતાની કામગીરીની ઉત્કૃષ્ટતા માટે સતત પ્રયત્ન કરવા. ડાયેટ અને પ્રારંભિક અને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં રાષ્ટ્રીય ધ્યેયો સિદ્ધ કરવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ બની રહેશે.

આમ, કાર્યક્ષમ અને અસરકારક આયોજન અને કામગીરીનો અમલ, સુસંવાદી અને સર્જનાત્મક સંસ્થાકીય વાતાવરણ, સ્વચ્છ અને આકર્ષક કેમ્પસનો નિભાવ વગેરે જિલ્લામાં અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે આદર્શરૂપે બનવાની અપેક્ષા રહેશે.

**3.3 કાર્યોઃ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં મુખ્ય કાર્ય આ મુજબ રહેશે...

(1) તાલીમ (2) સાધન-સહાય વિસ્તરણ (3) સંશોધન

(1) તાલીમઃ

તાલીમ મુખ્યત્વે બે પ્રકારે આપવાની રહેશેઃ

(અ) પૂર્વસેવા તાલીમઃ જે નિર્ધારિત સમયમર્યાદામાં આપવાની રહેશે, જયારે

(બ) સેવાકાલીન તાલીમઃ એ નિરંતર તાલીમ રહેશે.

વર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાને લઇ સેવાકાલીન તાલીમનું આયોજન કરવામાં આવે છે. આ સાથે સંશોધનનાં તારણો આધારિત (રિસર્ચ બેઇઝ) તાલીમ અને વિસ્તાર આધારિત (એરિયા બેઇઝ) તાલીમ ડાયટ દ્વારા આયોજિત હોય છે, જેમાં લાભાર્થી જૂથ તરીકે શિક્ષક ઉપરાંત સમાજના સભ્યો, શિક્ષણમાં વહીવટકર્તાઓ, અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓનો સમાવેશ થાય છે.

(2) સાધન-સહાય વિસ્તરણઃ

- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સાધન-સહાય વિસ્તરણ એ ડાયટની જવાબદારીયુકત કામગીરી બની રહી છે.
- અભ્યાસક્રમને ધ્યાનમાં લઇ આયોજનો પૂરા પાડવા.
- અભ્યાસક્રમ આધારિત પૂરક સાહિત્ય નિર્માણ કરવું.
- વર્તમાન પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન વ્યવસ્થા પૂરી પાડવી.
- ટેકનીકલી સપોર્ટ પૂરો પાડવો, જેમાં ઓડિયો-વિડીયો, સી.ડી., પ્રોગ્રામીંગ, ટેકનીકલી મેથડ (વિષયવાર) વગેરે.
- શિક્ષણ-પ્રશિક્ષણ આધારિત સાહિત્ય-માર્ગદર્શિકા તૈયાર કરવી.

- સમયાંતરે ગુણવત્તા ચકાસણી સંબંધિત રિપોર્ટ તૈયાર કરવા.
- શૈક્ષણિક આયોજન તૈયાર કરવા.
- શૈક્ષણિક કાર્યક્રમોનાં રિપોર્ટ તૈયાર કરવા. ડેટાબેઝ (જિલ્લાનો) તૈયાર કરવો.

(3) સંશોધનઃ

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો માટે સંશોધન કાર્ય એ અગત્યની કામગીરી પુરવાર થઇ છે.
- ડાયટ ફેકલ્ટી દ્વારા સંશોધન હાથ ધરવા.
- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતા શિક્ષકો-નિરીક્ષકો અને અન્ય સ્ટોક હોલ્ડર્સ દ્વારા સંશોધન હાથ ધરવા.
- સંશોધન કાર્ય સંબંધિત માર્ગદર્શન પૂરૂં પાડવું.
- સિદ્ધિ સર્વેક્ષણ કરવા.
- ક્ષેત્રીય શૈક્ષણિક સર્વેક્ષણ કરી જરૂરિયાતોનો પરિચય મેળવવો.
- સર્વેક્ષણના આધારે માઇક્રો યોજના નિર્માણ કરવું.
- નિરીક્ષણમાં નવીનતાઓ શોધવી તથા ક્ષેત્રોમાં વિસ્તારવી.
- સંસ્થાની પત્રિકા, બુલેટીન, સામયિકો પ્રસિદ્ધ કરવા, તેના લેખો દ્વારા શિક્ષણ ક્ષેત્રોની માહિતી આપવી.
- રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદને સામગ્રી વિકાસ, પરીક્ષણ અને મોનીટરિંગ માટે મદદ કરવી.

આમ, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કામગીરી વ્યાપકપણે વિસ્તરેલી છે.

**3.4 શાખાવાર કાર્યો**

❖ **<u>પૂર્વ સેવા પ્રશિક્ષણ શાખા (પી.એસ.ટી.ઇ. શાખા)</u>**

નીચેની બાબતોમાં કેન્દ્રવર્તીશાખા તરીકે સેવાઓ આપવી.

- પ્રારંભિક શાળાના શિક્ષકો માટે પૂર્વ સેવા તાલીમ અભ્યાસ ક્રમોનું સંચાલન (પ્રવેશ, પ્રશિક્ષણ અને મૂલ્યાંકન સહિત) અને આ શાખા દ્વારા અધ્યાપન કરાવતા વિષયોના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક માહિતી પૂરી પાડવી.
- તાલીમ, વિસ્તરણ, યોગ્ય અધ્યાપન સામગ્રી તૈયાર કરવી, કામગીરી સંશોધન વગેરે દ્વારા (ક) વિધાર્થીલક્ષી શિક્ષણ અને (ખ) વ્યકિતત્વ વિકાસ માટેના શિક્ષણ (મૂલ્યો અને સાંસ્કૃતિક શિક્ષણ સહિત ) નો પ્રચાર કરવો.
- અધ્યાપન પદ્ધતિ વિજ્ઞાનને લગતી તમામ બાબતો (દા.ત. વિવિધ કક્ષાનું અધ્યાપન અને સમાન જૂથ શિક્ષણ વગેરે) અને શાખા અધ્યાપન કરાવતા અશાલેય શિક્ષણના વિષયો માટેના શાળાના અદયાપન પદ્ધતિ વિજ્ઞાનને લગતી નિર્દિષ્ટ બાબતો.
- જિલ્લાની શાળાઓ અને અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણને માટે મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન સેવાઓની જોગવાઇ કરવી.
- અભાવગ્રસ્ત જૂથોના બાળકોની શીખવાની પ્રકિયાને લગતી બધી જ બાબતો (દા.ત. શિખાઉ વિધાર્થીઓની પ્રથમ પેઢી માટે ખાસ ઉપચારાત્મક પ્રશિક્ષણ )
- મોટી પંગુતા તથા અન્ય નાની (શારીરિક કે માનસિક) પંગુતાવાળા બાળકોનું શિક્ષણ
- પ્રતિભાશાળી વિધાર્થીઓને શિક્ષણ
- સંસ્થાની અન્ય બધી શાખાઓ દ્વારા હાથ ધરાતા કે શિખવાતા કાર્યક્રમો પ્રવૃતિઓને વિષયો જેટલી શિખવાતાં ક્ષેત્રો જેટલી માહિતી પૂરી પાડવી. આવાં કાર્યક્રમોમાં નીચેની જેવી બાબતોનો સમાવેશ કરી શકાય.
  - પ્રારંભિક શિક્ષકો માટે સેવા અંતર્ગત કાર્યક્રમો
  - અશાલેય શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણના કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમ
  - સ્થાનિક રીતે પ્રસ્તુત હોય તેવો પાઠયક્રમ, અદયાપન સામગ્રી, પરીક્ષણ અને મૂલ્યાંકન સાધનો પ્રૌધોગિકી વગેરે વિકાસ.
- ક્ષેત્રીય આંતરક્રિયા (વિસ્તરણ સહિત) પ્રવૃતિઓ

- અભાવગ્રસ્ત જૂથોના બાળકોની શીખવાની બાબતમાં અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના શિક્ષણમાં સુધારો થાય તે રીતે કાર્ય-સંશોધન.
- વિજ્ઞાન પ્રયોગશાળા, મનોવૈજ્ઞાનિક સાધનો, અશકત બાળકો માટેનો શિક્ષણ સાધનખંડ, કલા શિક્ષણ ખંડ અને રમતગમત અને વ્યાયમ શિક્ષણની સામગ્રી અને સુવિધાઓની જાળવણી કરવી.
- ચર્ચાસભા અને વકતૃત્વ, સાહિત્ય, વિજ્ઞાન મેળા, દશ્ય અને અભિનય કલાઓ, રમતગમત અને વ્યાયમ શિક્ષણ સ્પધાઓ, યોગ, શોખ વગેરે જેવી શાખાની મોટી કામગીરીઓને લગતાં ક્ષેત્રોમાં સહ-પાઠયક્રમ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું અને તેને સહાય આપવી.

❖ **આયોજન અને વ્યવસ્થાપન શાખા (પી. એન્ડ એમ. શાખા)**

- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યના લક્ષ્યાંકો સિધ્ધ કરવા વિવિધ આયોજનના અમલની જરુરિયાત હોય તેવા જિલ્લાઓ માટે અને આવાં લક્ષ્યાંકો સિધ્ધ કરવા થયેલી પ્રગતિની દેખરેખ માટે યોગ્ય માહિતી-આધાર જાળવવો.
- પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યનાં શૈક્ષણિક આયોજકો/વહિવટીકારો/જિલ્લા શિક્ષણ બોર્ડને નીતિ વિષયક સલાહ આપવા અભ્યાસો હાથ ધરવા, આવાં અભ્યાસો માટેના કેટલાંક મહત્વના ક્ષેત્રો નીચે મુજબ છે.
- બાળકો અને શિખનારા પ્રૌઢના નામ દાખલ કરવા તેમનો અભ્યાસ જાળવી રાખવો અને તેમની હાજરીની નિયમિતતા (ખાસ કરીને મહિલા, અ.જા., અ.જ.જાતિની વ્યકિતઓ, લઘુમતીઓ, વિકલાંગો, ગંદા રહેઠાણના વસાહતીઓ અને અન્ય લાભ વંચિત જૂથો) અને તેને અસર કરતાં અન્ય પરિબળો
- ઉપર્યુકત બાબતો અંગે દખલ કરતાં વિવિધ પરિબળો (પ્રોત્સાહન સહિતની) અસર
- બુનિયાદી શિક્ષણની પ્રક્રિયામાં લોકોની સમજ અને તેમાં તેમની ભાગીદારી
- જિલ્લાની સંસ્થાઓની મૂલ્યાંકન માટેના ધોરણો, માપદંડ અને તકનિકો વિકસાવવાં (શાળાઓ અને પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ કેન્દ્રો) ઉકત અભ્યાસો અને સંખ્યાબંધ કાર્ય-સંશોધન પ્રવૃતિ હાથ ધરવા માટે સરળતાપૂર્વક સંપર્ક કરી શકાય તેવા જિલ્લાના શૈક્ષણિક રીતે પછાત એવા એક કે બે

વિસ્તારને ખાસ પસંદ કરવામા આવશે. આ વિસ્તારોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રયોગશાળા વિસ્તાર તરીકે ઓળખાવવામાં આવશે. આ પ્રયોગશાળા વિસ્તારોમાં સંખ્યાબંધ અભ્યાસો અને કાર્ય સંશોધનો હાથ ધરવામાં આવશે, એમ છતાં તે અભ્યાસો આ વિસ્તારો પૂરતા જ મર્યાદિત રહે તેવું જરૂરી નથી, તેમાં સમાવિષ્ટ થતા કામના પ્રકારના આધારે અન્ય યોગ્ય વિસ્તારોની પણ પસંદગી કરવામાં આવશે.

- શૈક્ષણિક તંત્રોને (1) શાળા નકશાકામ (2) નિર્દિષ્ટ ક્ષેત્ર અને લક્ષ્ય જૂથની નિર્દિષ્ટ પધ્ધતિ અંગે પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/એ.યુ.ઇ.ઇ. માટે લઘુસ્તરીય આયોજન (3) શાળા સંકુલોનું નિર્માણ અને પ્રવૃતિ (4) શાળા સંકુલો/શાળાઓ, વગેરે માટે સંસ્થાગત આયોજન અને (5) સંસ્થાકીય મૂલ્યાંકન માટે તકનિકી સહાય પૂરી પાડવી.
- નેતૃત્વ, પ્રેરણ, સમૂહની ભાગીદારી, શૈક્ષણિક વહીવટ, નાણાં વ્યવસ્થા અને હિસાબ, કચેરી કામગીરી પ્રાથમિક શિક્ષણ/પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકીકરણના આયોજન, સંસ્થાકીય આયોજન વગેરે ક્ષેત્રોને આવરી લઇ મુખ્ય શિક્ષકો, શાળા, સંકુલોના વડાઓ અને આયોજન અને વ્યવસ્થામાંના ઘટક કક્ષાના શૈક્ષણિક કાર્યકરો માટે યોગ્ય કાર્યક્રમોનું સંચાલન કરવું.
- ખાસ કરીને પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ અને રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યના ઉદેશોની સામે જિલ્લામાં અમલી બનાવાયેલા શૈક્ષણિક વિકાસના વિવિધ કાર્યક્રમોની અસરકારતાનું મૂલ્યાંકન કરવું.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પંચવર્ષીય તથા વાર્ષિક સંસ્થાકીય આયોજનો અને વાર્ષિક સ્વમૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવા માટે તથા જિલ્લા શિક્ષણ સમિતિ સાથે સંપર્ક રાખવા માટે કેન્દ્રવર્તી શાખા તરીકે કામગીરી કરવી.
- સંસ્થાના બધા જ કાર્યક્રમો/પ્રવૃતિઓ, દા.ત. શિક્ષકો માટે પૂર્વ સેવા અને અંતર્ગત કાર્યક્રમો, અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણના કર્મચારી વર્ગ માટે તાલીમ કાર્યક્રમ, ક્ષેત્રીય આંતરક્રિયા પ્રવૃતિઓ, કામગીરી સંશોધન વગેરેની બાબતમાં ખાસ કરીને ઉકત બાબત નં-3 માં દર્શાવેલાં ક્ષેત્રોના સંદર્ભમાં આયોજન માહિતી પૂરી પાડવી.

❖ <u>કાર્યાનુભવ શાખા (ડબ્લ્યુ. ઇ. શાખા)</u>

- સંબંધિત કાર્ય અનુભવના સ્થાનિક ક્ષેત્રો મુકરર કરતા અને સંબંધિત કેન્દ્રવર્તી શાખાઓ સાથે સહયોગ સાધીને આવાં ક્ષેત્રમાં નમૂનારુપ પાઠયક્રમ એકમો, અધ્યાપન અને અધ્યાપન સામગ્રી, ઓછા ખર્ચના અધ્યાપન સાધનો અને સ્વ-મૂલ્યાંકન સાધનો/તકનિકો વિકસાવવાં (સંબંધિત સ્થાનિક ક્ષેત્રોના ઉદાહરણો છેઃ કાંતણ, વણાટ, રંગકામ, વાંસકામ, મધમાખી ઉછેર, ચટાઇ બનાવવી વગેરે.)
- શૈક્ષણિક તંત્રો અને પ્રારંભિક શાળાઓ, અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને આવી શાળા/કેન્દ્રોમાં કાર્ય-અનુભવની પ્રવૃતિઓના આયોજિત પ્રવેશ માટે  સહાય કરવી.
- સંસ્થાના અન્ય બધા કાર્યક્રમો અને પ્રવૃતિઓ દા.ત. શિક્ષકો માટે પૂર્વ સેવા અને સેવા અંતર્ગત કાર્યક્રમો, અશાલેય શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણના કર્મચારી માટે તાલીમી કાર્યક્રમ, ક્ષેત્રીય આંતરક્રિયા (વિસ્તરણ સહિત) પ્રવૃતિઓ, કાર્ય સંશોધન વગેરેમાં કાર્ય-અનુભવને લગતી માહિતી પૂરી પાડવી.
- સંસ્થાના મકાન વિસ્તાર-માર્ગો, રમતનું મેદાન, લોન, બગીચો, વગેરે અને તેની આસપાસના વિસ્તારની સ્વચ્છતા, સંસ્થાનું ફર્નિચર અને અન્ય મિલકતના બુનિયાદી નિભાવ અને વિકાસ, સામાન્ય દેખભાળ માટેની પ્રવૃતિઓનું  સંચાલન કરવું.
- તાલીમી કાર્યક્રમના એક ભાગ તરીકે કાર્ય-કેન્દ્રો ખાતે સમૂહ સેવા પ્રવૃતિઓ અને અભ્યાસ મુલાકાતોનું આયોજન કરવું અને અભ્યાસેતર ધોરણે આવી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.
- કાર્યાનુભવ પ્રવૃતિઓ માટે કાર્યશાળા/ખેતર/બગીચાની જાળવણી કરવી. સંસ્થાના તાલીમાર્થીઓમાં કાર્યને લગતી શોખની પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.

❖ <u>જિલ્લા સંશાધન એકમ (ડી.આર.યુ. શાખા)</u>

- સમગ્ર જિલ્લામાં પ્રૌઢશિક્ષણ અશાલેય શિક્ષણના કર્મચારી વર્ગ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન અને સંકલન કરવામાં શિક્ષણ સતાધિકારીઓને સહાય કરવી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહારનાં આવાં કાર્યક્રમોના સંચાલનમાં જરુરી સહાય પૂરી પાડવી.

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આયોજિત થનાર અશાલેય શિક્ષણ, પ્રૌઢ શિક્ષણના પ્રશિક્ષકો અને અવેક્ષકો પ્રેરકોને પ્રેરણા-તાલીમ અને નિરંતર શિક્ષણનો કાર્યક્રમ (પ્રૌઢ શિક્ષણ પ્રેરકો માટેનો કાર્યક્રમ) રાજય સંસાધન કેન્દ્ર સાથે સંયુકત રીતે હાથ ધરવામાં આવશે.

નીચે પ્રમાણેની સાધનરુપ વ્યકિતઓ માટે સંસ્કરણ કાર્યક્રમોઃ-

- (ક) જિલ્લામાં અન્ય કેન્દ્રો ખાતે દર્શાવેલા કાર્યક્રમોનું જે સંચાલન કરે તે (એટલે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહાર) દા.ત. નહેરુ યુવક કેન્દ્ર, અશાલેય શિક્ષણ/પ્રૌઢશિક્ષણ પરિયોજના, બિનસરકારી સંગઠનો વગેરેના કર્મચારીઓ.
- (ખ) સમગ્ર પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ કાર્યક્રમોના સંપૂર્ણ સફળ અમલ માટે સાધનરુપ વ્યકિતઓ, દા.ત. વિકાસ વિભાગના વિસ્તરણ અધિકારીઓ, સાર્વજનિક નેતાઓ, નિવૃત્ત શિક્ષકો, માજી-સૈનિકો, રાષ્ટ્રીય સેવા યોજના સ્વંય સેવકો, સંકલિત બાળવિકાસ યોજનાના અધિકારીઓ કાર્યલક્ષી અક્ષરજ્ઞાનના સમૂહ કાર્યક્રમો સાથે સંકળાયેલ અન્ય વ્યકિતઓ.
- અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણમાં જરુરી સાહિત્ય સામગ્રી, ઉદેશો, પદ્ધતિ વિજ્ઞાન, મૂલ્યાંકનો, સમસ્યાઓ વગેરે જેવા ઉકત કાર્યક્રમોના હાર્દરુપ ક્ષેત્રો તેમજ કર્મચારીવર્ગ ખાસ કરીને ભાષા, અંક ગણિતના શિક્ષણમાં અને કાર્યલક્ષી કૌશલમાં જરુરી ભુમિકા ધરાવે તે માટે આવાં વિષયો/ક્ષેત્રોને લગતા શિક્ષણમાં પ્રશિક્ષણને લગતી માહિતી પૂરી પાડવી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં અને તેની બહાર ગોઠવવામાં આવેલ અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણના કર્મચારીઓના તાલીમ કાર્યક્રમની ગુણવત્તા અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવું અને તેની દેખરેખ રાખવી અને તેમાં નિરંતર સુધારણા થાય તે માટે પ્રયત્ન કરવા.
- સંસ્થા ખાતે તાલીમ લેતા અશાલેય/પ્રૌઢ શિક્ષણના કર્મચારી વર્ગ અંગે માહિતી-આધારની જાળવણી કરવી અને આવી તાલીમોને સુસંગત અનુવર્તી પ્રવૃત્તિઓનું સંચાલન કરવું.
- પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ માટે પાઠયક્રમ,બુનિયાદી અને અક્ષરજ્ઞાન પછીનું અધ્યાપન-અધ્યયન સામગ્રી, અલ્પ ખર્ચે અધ્યાપન અને મૂલ્યાંકન સાધનો સામે અન્ય સંબંધિત શાખાઓની મદદ લઇને અનુવર્તી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

- હાલનાં પાઠયક્રમ એકમો અધ્યાપન-અધ્યયન સાધનોને સ્થાનિક જરુરિયાતને અનુરુપ બનાવવાં.
- જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં બોલાતી બોલીઓ સહિત સ્થાનિક રીતે પ્રસ્તુત હોય તેવી નવી બાબતો વિકસાવવી.
- જિલ્લાના પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ પરિયોજનાઓ અને કેન્દ્રો સામે ક્ષેત્રીય આંતરક્રિયા(વિસ્તરણ સહિત) હાથ ધરવી અને ક્ષેત્ર દ્વારા પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણના વિસ્તારમાં ઊભી થયેલી શૈક્ષણિક સમસ્યાઓ માટે સંદર્ભ એકમ તરીકે કામગીરી કરવી.
- પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ માટે માધ્યમોની સહાય લેવા માટે જિલ્લા શિક્ષણ બોર્ડ અને પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ તંત્રને મદદરૂપ થવું (પરંપરાગત માધ્યમોને કામમાં લેવા) અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે અન્ય શાખાઓના જરૂરી હોય તેટલા સહયોગથી સંબંધિત બધા જ ક્ષેત્રોમાં કાર્ય સંશોધન હાથ ધરવું.

❖ **<u>સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા (આઇ.એફ.આઇ.સી. શાખા)</u>**

- સમગ્ર જિલ્લામાં પ્રારંભિક શિક્ષકો માટેના સેવા અંતર્ગત શિક્ષણ કાર્યક્રમોના આયોજન અને સંકલનમાં શૈક્ષણિક તંત્રોને સહાય કરવી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આયોજિત કરેલા કાર્યક્રમોનું આયોજન અને સંકલન કરવું. આ શાખા તેની કામગીરીને અનુરૂપ નીચેની કામગીરી કરશે.
- જિલ્લામાં પ્રારંભિક શિક્ષકોની તાલીમ જરૂરિયાતને મુકરર કરીને આવી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભાવિલક્ષી આયોજન તૈયાર કરવું.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આયોજન કરવાના તમામ કાર્યક્રમોની વાર્ષિક યાદી તૈયાર કરવી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહાર યોજવાના સેવા અંતર્ગત કાર્યક્રમોનું વાર્ષિક સમયપત્રક તૈયાર કરવામાં સંબંધિત તંત્રોને મદદ કરવી.

નીચેની કામગીરીના સંચાલન માટે કેન્દ્રવર્તી શાખા તરીકે સેવા આપવી.

- કોઇ એક શાખા સાથે જેના વિષયો સંપૂર્ણપણે કે મુખ્યત્વે સંકળાયેલા ન હોય, જેમ કે સાપેક્ષ રીતે સામાન્ય સાર્વત્રિક પ્રકારના કાર્યક્રમો જેવા ભવન ખાતેના શિક્ષકો અને આચાર્યો માટેના સેવા અંતર્ગત બધા જ શૈક્ષણિક કાર્યક્રમો.
- જિલ્લામાં અન્ય મથકો ખાતે એટલે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહાર શિક્ષકો માટે સેવા અંતર્ગત કાર્યક્રમોનું આયોજન કરનારા સાધનોરૂપ વ્યકિતઓ માટે સંસ્કરણ કાર્યક્રમો.
- દૂર/દૂર સંપર્ક પદ્ધતિ દ્વારા શિક્ષકો માટેના સેવા અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમો (જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પોતાની રીતે આ પધ્ધતિથી જે કાર્યક્રમો કરવાના છે તેના એક ભાગ, જે રાજય કક્ષાએ યોજાતા આવાં કાર્યક્રમો માટે જિલ્લા કક્ષાના અભ્યાસ કેન્દ્ર તરીકે સેવાઓ આપશે. ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા તરીકે પણ સેવા આપશે.)
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની અંદર અને બહાર યોજાતા સેવા અંતર્ગત કાર્યક્રમોની ગુણવતા અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવું અને દેખરેખ રાખવી તથા તેમાં સતત સુધારણા કરવા પ્રયત્ન કરવા.
- અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણ સિવાયના જે કર્મચારીઓ સંસ્થામાં તાલીમ લેતા હોય તેમના માહિતી આધારની જાળવણી કરવી અને અને આવી તાલીમને લક્ષમાં લઇને પત્રવ્યવહાર, મુલાકાતો, મુદ્રિત સામગ્રીની વહેચણી વગેરે દ્વારા અનુવર્તી પ્રવૃતિઓ હાથ ધરવી.
- જે શિક્ષકો તેમનું શિક્ષણ ચાલુ રાખવા ઇચ્છતા હોય તેમના માટે સંદર્ભ અને સહાય કેન્દ્ર તરીકેની સેવાઓ પુરી પાડવી.
- બધાં જ કાર્ય સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને તેના પરિણામોનો ફેલાવો કરવો.
- મકાનની અંદર હાથ ધરાતી કાર્ય-સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને તેના પરિણામોનો ફેલાવો કરવો.
- હાથ ધરાતાં હોય ત્યાં પ્રારંભિક શિક્ષણના ક્ષેત્રમાં અભ્યાસ સંશોધનો, નાવીન્ય વગેરેના પરિણામો અંગેની માહિતી માટે કિલયરીંગ હાઉસ તરીકે કામગીરી કરવી.

- નિયતકાલિક સમાચારપત્ર તથા સંસ્થાનું મુખપત્ર બહાર પાડી જિલ્લાની બધી જ પ્રારંભિક શાળાઓ/અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને મોકલી આપવાં.

❖ **<u>પાઠયક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા (સી.એમ.ડી.ઇ. શાખા)</u>**

- હાલની બાબતોને સ્વીકારવી અને નીચેના પ્રકારની નવી બાબતો વિકસાવવી જેથી તે સ્થાનિક પરિસ્થિતિને અનુકૂલ થઇ શકે અને પ્રારંભિક શિક્ષણ અને પ્રારંભિક શિક્ષકોના શિક્ષણ કાર્યક્રમમાં તેનો ઉપયોગ થઇ શકે.
- પાઠયક્રમ એકમો સામાન્યપણે નિયત કરેલા પાઠયક્રમમાં વિવિધ વિષયોમાં ઉમેરો કરવા જિલ્લા કક્ષાએ સ્થાનિક રીતે સુસંગત એવો નવો એકમ વિકસાવી શકાય. આવાં એકમો સ્થાનિક ભૂગોળ, લોકસાહિત્ય, દંતકથા, રિવાજો, વન, વનસ્પતિ, પ્રાણીજીવન, મેળાઓ અને ઉત્સવો, ભૂસ્તરશાષા, ખનિજો, કૃષિ, ઉઘોગ, સેવાઓ, વ્યવસાયો, લોકકલા, હસ્તકલા, સમૂહો અને આદિજાતિઓ, સંસ્થાઓ વગેરે સાથે સંબંધ ધરાવતા હોય.
- સામાન્ય તેમજ, ખાસ કરીને જિલ્લામાં આદિજાતિની વસ્તી વધારે હોય ત્યાં પહેલાં અને બીજા ધોરણના પ્રારંભિક વર્ગોમાં આદિજાતિઓની ભાષામાં સ્થાનિક રીતે વિકસાવેલ અભ્યાસક્રમ એકમોનું શિક્ષણ આપવું.
- નિરંતર અને એકંદર અધ્યેતા મૂલ્યાંકન માટેની તકનિક અને માર્ગદર્શન
- કસોટી, પ્રશ્નો બાબત બેંક, દર, માપ/અવલોકન, અનુસૂચિ, નિદાન કસોટી કાર્યક્રમો માટે માર્ગદર્શક સિધ્ધાંતો, પ્રતિભાખોજ પ્રક્રિયા વગેરે. અન્ય સંબંધિત વિદ્યાશાખાઓ, સંસ્થાઓ, તજજ્ઞ શિક્ષકો અને પ્રશિક્ષકોનો સહયોગ લઇને ઉપર મુજબના મોટાભાગના અનુકૂળ બનાવાયેલાં વિકાસના કામો.
- પ્રૌઢ અને અશાલેય શિક્ષણ માટે ઉપર્યુકત વિકાસ કામોમાં જિલ્લા સંશાધન  એકમને મદદરૂપ થવું.

- પ્રાથમિક અને ઉચ્ચ કક્ષા તથા રાષ્ટ્રીય સાક્ષરતા મિશન હેઠળ ખાસ કરીને અક્ષરજ્ઞાન લેનારાઓ માટે નિયત કે લઘુતમ કક્ષાના સંદર્ભમાં, શીખનારાઓની સીધી આકારણી કરવા માટે નમૂના આધારિત કસોટીઓ હાથ ધરવી.
- શીખનારા માટે મૂલ્યાંકનની વિશ્વસનીય અને અધિકૃત પદ્ધતિ દાખલ કરવામાં શૈક્ષણિક તંત્રો તથા પ્રારંભિક શાળા અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને મદદ કરવી.
- અભ્યાસક્રમ, સામગ્રી વિકાસ અને મૂલ્યાંકનને લગતા સેવા અંતર્ગત કાર્યક્રમમાં હોય છે. એ મુજબ પણ ઉકત 1 માં દર્શાવેલા અનુકૂળ બનાવેલ વિકસિત કરેલાં કામો માટે કાર્યશાળાનું સંચાલન કરવું.

❖ **<u>શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખા (ઇ.ટી. શાખા)</u>**

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંબંધિત કર્મચારી વર્ગ અને અન્ય, સાધનરૂપ વ્યકિતઓના સહયોગથી પ્રારંભિક શિક્ષક પ્રશિક્ષણને લગતા વિવિધ વિષય/ક્ષેત્રો માટે સરળ, અસરકારક અને ઓછી કિંમતના શૈક્ષણિક સાધનો જેવા કે આલેખ, આકૃતિ, નમૂનાઓ, ફોટોગ્રાફ, સ્લાઇડ, શ્રવણ ટેપ, નાટકલેખન, ગીતો વગેરે વિકસાવવા.
- પ્રૌઢ અને અશાલેય શિક્ષણ માટે ઉપર મુજબના ઓછા ખર્ચના શૈક્ષણિક સાધનો-વિકસાવવામાં જિલ્લા સંશાધન એકમને મદદ કરવી.
    - નીચેની બાબતોની જાળવણી કરવી.
    - ભવનના બધા દશ્ય શ્રાવ્ય સાધનો /કમ્પ્યુટર પ્રયોગશાળા
    - ભવનમાં તેમજ સંસ્થા બહાર વિકસાવવામાં આવેલા સારા ઓછા ખર્ચના શૈક્ષણિક સાધનો માટે પ્રદર્શન સ્થળ .
- ભવન પાસે ચલચિત્ર દર્શાવવાનું ફિલ્મ પ્રોજેકટર હોય તો શિક્ષણ સંબંધી દશ્ય-શ્રાવ્ય કેસેટના ગ્રંથાલય.
- કેસેટ વગાડવાની અને ફિલ્મ બતાવવાની સૂવિધાવાળી સંસ્થાઓને સ્લાઇડ, કેસેટ, ફિલ્મ ઉછીના આપવા અને પ્રાપ્ત સ્થાનો પાસેથી તે ઉછીના મેળવવા.

- જિલ્લાની પ્રારંભિક શાળાના વિદ્યાર્થીઓ પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ મેળવનારા શિક્ષકો/પ્રશિક્ષકો વગેરે માટે શૈક્ષણિક પ્રસારણની વ્યવસ્થા કરવા નજીકના રેડિયો મથક સાથે સંપર્ક કરવો.
- નીચેની બાબતો પર ખાસ ભાર મૂકીને શૈક્ષણિક પ્રોદ્યૌગિકી ક્ષેત્રમાં શિક્ષકો માટે યોગ્ય સેવા-અંતર્ગત કાર્યક્રમોનું સંચાલન કરવું.
- શૈક્ષણિક પ્રસારણ, દૂરદર્શન પ્રસારણ, કેસેટ અને સહાયક સાધનોનો અસરકારક ઉપયોગ અને સરળ ઓછા ખર્ચાવાળા શૈક્ષણિક સાધનોનો વિકાસ.
- ભવનના અન્ય બધાં જ કાર્યક્રમો/પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક પ્રૌધોગિકીને લગતી માહિતી પૂરી પાડવી, જેવી કે શિક્ષકો માટે પૂર્વ સેવા અને સેવા-અંતર્ગત કાર્યક્રમો, અશાલેય શિક્ષણ/ પ્રૌઢ શિક્ષણના કર્મચારી વર્ગો માટે તાલીમ કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા પ્રવૃત્તિઓ, સામગ્રી વિકાસ, કાર્ય-સંશોધન વગેરે.

**4.0 મહેકમ**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | પગારધોરણ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** |
| 1 | પ્રાચાર્ય | 1 | 67700-205800 | 01 | 00 | 01 | |
| 2 | સિનીયર લેકચરર | 2 | 44900-142400 | 07 | 03 | 04 | |
| 3 | જુનીયર લેકચરર | 3 | 39900-126600 | 16 | 11 | 05 | |
| 4 | ટેકનિશ્યન | 3 | 29200-92300 | 01 | 00 | 01 | |
| 5 | લાયબ્રેરીયન | 3 | 25500-81100 | 01 | 00 | 01 | |
| 6 | સિનિયર કલાર્ક (આંકડા) | 3 | 25500-81100 | 01 | 01 | 00 | |
| 7 | કોમ્પ્યુટર ઓપરેટર | 3 | 19900-63200 | 01 | 00 | 01 | |
| 8 | ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ | 3 | 39900-126600 | 01 | 01 | 00 | |
| 9 | મુખ્ય કારકુન એકાઉન્ટન્ટ | 3 | 35400-112400 | 01 | 01 | 00 | |
| 10 | મુખ્ય કારકુન | 3 | 35400-112400 | 01 | 01 | 00 | |
| 11 | સિનીયર કારકુન | 3 | 25500-81100 | 02 | 02 | 00 | |
| 12 | જુનીયર કારકુન | 3 | 19900-63200 | 02 | 01 | 01 | |
| 13 | રેકટર | 3 | 19900-63200 | 01 | 00 | 01 | |
| 14 | પટ્ટાવાળા | 4 | 15000-47600 | 03 | 00 | 03 | |
| 15 | ચોકીદાર | 4 | 15000-47600 | 01 | 01 | 00 | |
| | | | કુલ | **40** | **22** | **18** | |

## 5.0 સ્ટાફ લિસ્ટ

| ક્રમ | નામ | હોદ્દો | શાખા |
|---|---|---|---|
| 1 | ડૉ. સંજય એન. મહેતા | ઇ. ચા. પ્રાચાર્ય/સિનીયર લેકચરર | પી. એન્ડ એમ. |
| 2 | શ્રીમતિ પ્રજ્ઞાબેન વી. રાદડીયા | સિનીયર લેકચરર | સી.એમ.ડી.ઇ. |
| 3 | ડૉ. નિશાતબેન એ. બાબી | સિનીયર લેકચરર | આઈ.એફ.આઈ.સી. |
| 4 | શ્રીમતિ માધવીબેન ડી. શુકલ | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (વિજ્ઞાન) |
| 5 | ડાૅ. લલિતભાઇ જે પુરોહિત | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (ગણિત) |
| 6 | શ્રી અરવિંદકુમાર ટી. પટેલ | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (સમાજવિદ્યા) |
| 7 | ડાૅ. પ્રવિણભાઇ વી. જાની | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (સંસ્કૃત) |
| 8 | શ્રીમતિ ભાવનાબેન પી. નકુમ | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (અંગ્રેજી) |
| 9 | ડાૅ. હેમાંગીબેન વી. તેરૈયા | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (પી.ટી) |
| 10 | ડાૅ. હમીરભાઇ એચ. કાતડ | જુનિયર લેકચરર | પી. એન્ડ એમ. |
| 11 | ડાૅ. ગંગાબેન કે. વાઘેલા | જુનિયર લેકચરર | આઈ.એફ.આઈ.સી. |
| 12 | ડાૅ. પ્રશાંત એ. અંબાસણા | જુનિયર લેકચરર | આઈ.એફ.આઈ.સી. |
| 13 | શ્રી દિપાલીબેન જે. વડગામા | જુનિયર લેકચરર | ડબલ્યુ.ઈ. |
| 14 | શ્રી સોનલબેન કે. ચૌહાણ | જુનિયર લેકચરર | ડી.આર.યુ. |
| 15 | શ્રીમતિ હીનાબેન ઝીંઝુવાડીયા | ઓ.એસ. | મકમ - 1 |
| 16 | જે. ડી. ગુજરાતી | મુખ્ય કારકુન | મકમ – 2 |
| 17 | અલ્પેશ ડી. જમોડ | મુખ્ય કારકુન | હિસાબી - 1 |
| 18 | શ્રી અક્ષયરાજસિંહ એ. જાડેજા | સિનિયર કારકુન | હિસાબી – 2 |
| 19 | શ્રીમતિ હેમાલીબેન એન. ગોહેલ | સિનિયર કારકુન | તલમ - 1 |
| 20 | નીરવ ડી. ચાવડા | સિનીયર કારકુન | તાલીમ |
| 21 | શ્રી નરેશભાઇ એસ. સોનારા | જુનિયર કારકુન | રજીસ્ટ્રી |
| 22 | શ્રી ખોડાભાઇ એચ. ગરણીયા | ચોકિદાર | NA |

## **6.0 લેબ એરિયાની માહિતી**

ચાલુ વર્ષમાં લેબ એરિયા તરીકે જસદણ તાલુકો અને રાજકોટ નગર પાલિકા વિસ્તાર પસંદ કરેલ છે.

જસદણ

સાક્ષરતા દર

| પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|
| 78.66 | 59.85 | 61.40 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar

રાજકોટ નગર પાલિકા

સાક્ષરતા દર

| પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|
| 91.35 | 83.60 | 87.64 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar

રાજકોટ જિલ્લા, ગુજરાત અને ભારતનો સાક્ષરતા દર

| | રાજકોટ | | | ગુજરાત | | | ભારત | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ |
| 2011 | 87.07 | 74.43 | 80.96 | 85.75 | 69.68 | 78.03 | 80.9 | 64.6 | 73.0 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar & www.censusindia.gov.in

**7.0 સંલગ્ન સંસ્થાઓ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | એન.સી.ઇ.આર.ટી. | નવી દિલ્હી | 12 | તાલુકા વિકાસ અધિકારી કચેરી | રાજકોટ અને મોરબી |
| 2 | એન.સી.ટી.ઇ | નવી દિલ્હી | 13 | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | રાજકોટ |
| 3 | સી.સી.આર.ટી. | નવી દિલ્હી | 14 | પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર | રાજકોટ અને મોરબી |
| 4 | આર.આઇ.ઇ. | ભોપાલ | 15 | નિરંતર શિક્ષણાધિકારી કચેરી | રાજકોટ |
| 5 | એસ.એસ.એ.એમ. | ગાંધીનગર | 16 | જિલ્લાના બી.આર.સી. | રાજકોટ અને મોરબી |
| 6 | જી.સી.ઇ.આર.ટી. | ગાંધીનગર | 17 | જિલ્લાના સી.આર.સી. | રાજકોટ અને મોરબી |
| 7 | એસ.આઇ.ઇ.ટી. | અમદાવાદ | 18 | જિલ્લાની પ્રાથમિક શાળાઓ | રાજકોટ અને મોરબી |
| 8 | એન.યુ.ઇ.પી.એ. | નવી દિલ્હી | 19 | શાળા વ્યવસ્થાપન સમિતિ | રાજકોટ અને મોરબી |
| 9 | ગુજરાત રાજયના તમામ ડાયટ | - | 20 | જિલ્લાની શિક્ષણ સમિતિ | રાજકોટ અને મોરબી |
| 10 | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી | રાજકોટ અને મોરબી | 21 | જિલ્લાની શાસનાધિકારી કચેરી | રાજકોટ |
| 11 | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી | રાજકોટ અને મોરબી | 22 | નહેરુ યુવા કેન્દ્ર | રાજકોટ |

**રાજકોટ જિલ્લામાં આવેલી D.El.Ed. કોલેજોની વિગતો**

| ક્રમ | સંસ્થાનું નામ | ફોન નંબર | પ્રકાર | પુરૂષ | મહિલા | કુલ | કોડ નં. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ત્રિકોણ બાગ પાસે, જી. રાજકોટ-360001. | (0281) 2242140 | મહિલા | 00 | 62 | 62 | 17.001 |
| 2 | લોહાણા સ્થાપિત મહિલા અધ્યાપન મંદિર રેસકોર્સ સામે, જી. રાજકોટ-360001. | (0281) 2458466 2444439 | મહિલા | 00 | 125 | 125 | 17.002 |
| 3 | પી.ટી.સી. કોલેજ મુ. ભૂતવડ, તા. ધોરાજી. જી. રાજકોટ | 9426373026 | મિશ્ર | 62 | | 62 | 17.005 |
| 4 | માતૃશ્રી વ્રજકુવરબેન બચુભાઈ મણવર પી.ટી.સી. કોલેજ, મુ. ડુમિયાણી, તા. ઉપલેટા. જી. રાજકોટ-360440 | (02826) 222223 | મિશ્ર | 125 | | 125 | 17.006 |

## 8.0 જિલ્લા કક્ષાએ GAS અને NAS સર્વેમાં ધોરણ અને વિષયવાર એકંદરે સરાસરી

### GAS-5 સર્વે અંતર્ગત રાજકોટ જિલ્લાનું પૃથક્કરણ

**રાજકોટ જિલ્લાનાં ધોરણ 4 અને 7નાં વિષયવાર શૈક્ષણિક સિદ્ધિની ટકાવારી**

| ધોરણ | વિષય | વિષયવાર શૈક્ષણિકસિદ્ધિની ટકાવારી | બધાં વિષયની કુલ સરેરાશની ટકાવારી |
|---|---|---|---|
| 4 | ગુજરાતી | 63.40% | 59.85 % |
| | ગણિત | 55.75% | |
| | પર્યાવરણ | 60.40% | |
| 7 | ગુજરાતી | 55.20% | 53.28% |
| | ગણિત | 47.50% | |
| | વિજ્ઞાન અને ટેકનોલોજી | 51.90% | |
| | સામાજિક વિજ્ઞાન | 58.50% | |
| **ધોરણવાર અને વિષયવાર રાજકોટ જિલ્લાની કુલ સરેરાશ** | | 56.57% | |

| ક્રમ | વિષય | ધોરણ 4 અને 7ની વિષયવાર કુલ એકંદર સરેરાશ |
|---|---|---|
| 1 | ગુજરાતી | 59.30 |
| 2 | ગણિત | 51.63 |

## GAS-5 સર્વે અંતર્ગત મોરબી જિલ્લાનું પૃથક્કરણ

### મોરબી જિલ્લાનાં ધોરણ 4 અને 7નાં વિષયવાર શૈક્ષણિક સિદ્ધિની ટકાવારી

| ધોરણ | વિષય | વિષયવાર શૈક્ષણિક સિદ્ધિની ટકાવારી | બધાં વિષયની કુલ સરેરાશની ટકાવારી |
|---|---|---|---|
| **4** | ગુજરાતી | 56.45 | 53.65% |
| | ગણિત | 51.50 | |
| | પર્યાવરણ | 53.00 | |
| **7** | ગુજરાતી | 52.00 | 51.04% |
| | ગણિત | 45.00 | |
| | વિજ્ઞાન અને ટેકનોલોજી | 49.65 | |
| | સામાજિક વિજ્ઞાન | 57.50 | |
| **ધોરણવાર અને વિષયવાર મોરબી જિલ્લાની કુલ સરેરાશ** | | 52.35% | |

| ક્રમ | વિષય | ધોરણ 4, 6 અને 7ની વિષયવાર કુલ એકંદર સરેરાશ |
|---|---|---|
| 1 | ગુજરાતી | 54.23 |
| 2 | ગણિત | 48.25 |

## 9.0 વ્યાખ્યાતાઓએ લીધેલ તાલીમ

| ક્રમ | કર્મચારીનું નામ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | તારીખ થી તારીખ | | સ્થળ |
|---|---|---|---|---|---|---|
| 1 | ડૉ. એસ. એન. મહેતા | પી. એન્ડ એમ. | પીએમ શાખાનાં અધ્યાપક માટેનો રીવ્યુ વર્કશોપ | 20-06-2024 | 20-06-2024 | વડોદરા |
| | | | પ્રાચાર્ય બેઠક | 21-08-2024 | 21-08-2024 | કેલનપુરી |
| | | | લાયબ્રેરી અને સામયિક અન્વયે બેઠક | 15-10-2024 | 15-10-2024 | ગાંધીનગર |
| | | | ઝોન કક્ષા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન | 03-01-2025 | 03-01-2025 | સુરેન્દ્રનગર |
| | | | AWP&B અન્વયે પ્રાચાર્ય બેઠક | 21-01-2025 | 21-01-2025 | ગાંધીનગર |
| | | | AWP&B કમ્પાઇલેશન કાર્યશાળા | 24-01-2025 | 25-01-2025 | ગાંધીનગર |
| | | | રાજ્યકક્ષા કલાઉત્સવ | 11-02-2025 | 11-02-2025 | પોરબંદર |
| 2 | શ્રીમતિ પી વી. રાદડિયા | સી.એમ. ડી.ઇ. | જીવન શિક્ષણ જિલ્લા નોડલ અધિકારી બેઠક | 26-04-2024 | 26-04-2024 | ગાંધીનગર |
| | | | પ્રાચાર્ય બેઠક | 27-05-2024 | 27-05-2024 | ગાંધીનગર. |
| | | | પ્રાચાર્ય અને પી.એસ.ટી.ઈ. સિનીયર લેક્ચરર મિટિંગ | 10-06-2024 | 10-06-2024 | ગાંધીનગર |
| | | | ધો. 1 વિદ્યાપ્રવેશ મૂલ્યાંકન | 19-06-2024 | 22-06-2024 | રાજકોટ |
| | | | ધો. 3 થી 8 અંગ્રેજી પ્રશ્નબેંક | 08-12-2024 | 14-08-2024 | રાજકોટ |
| | | | ધો. 3 થી 8 અંગ્રેજી પ્રશ્નબેંક સમીક્ષા | 20-08-2024 | 20-08-2024 | રાજકોટ |
| | | | વિદ્યાપ્રવેશ મૂલ્યાંકન, ભાગ-2 | 20-11-2024 | 23-11-2024 | રાજકોટ |
| | | | પી.એસ.ટી.ઈ. સિનીયર લેક્ચરર અને ડાયટમાં | 07-12-2024 | 07-12-2024 | ગાંધીનગર |

| ક્રમ | કર્મચારીનું નામ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | તારીખ થી તારીખ | | સ્થળ |
|---|---|---|---|---|---|---|
| | | | GEM ની કામગીરી સંભાળતા ક્લાર્કની તાલીમ | | | |
| | | | SSIP 2.0 તાલીમ | 17-12-2024 | 17-12-2024 | અમદાવાદ |
| | | | જીવન શિક્ષણ સંપાદક બેઠક | 19-12-2024 | 19-12-2024 | જૂનાગઢ |
| 3 | ડૉ. એન. એ. બાબી | આઇ.એફ. આઇ.સી | PM SHRI યોજના અન્વયે આર.પી. તાલીમ વર્ગ | 22-05-2024 | 24-05-2024 | ગાંધીનગર |
| | | | ડિસ્ટ્રિક્ટ ઇનોવેશન કૉ-ઓર્ડિનેટર (DIC) બેઠક | 21-10-2024 | 21-10-2024 | મહેસાણા |
| | | | ઝોન કક્ષાના એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ | 26-06-2025 | 28-06-2025 | આંબલા |
| 4 | શ્રીમતિ એમ. ડી. શુકલ | પી.એસ. ટી.ઇ. | Research Workshop | 10-02-2025 | 14-02-2025 | Bhopal |
| 5 | ડૉ. એલ. જે. પુરોહિત | - | - | - | - | - |
| 6 | શ્રી એ. ટી. પટેલ | પી.એસ. ટી.ઇ. | પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી પ્રવેશ તાલીમ | 16-05-2024 | 16-05-2024 | ગાંધીનગર |
| | | | VSK સેન્ટર અંતર્ગત તાલીમ | 13-06-2024 | 16-06-2024 | ગાંધીનગર |
| | | | બ્લૂ પ્રિન્ટ સંરચના વર્કશોપ | 05-09-2024 | 05-09-2024 | ગાંધીનગર |
| | | | ક્વોલિટી એજયુકેશન સંદર્ભે તાલીમ | 10-10-2024 | 10-10-2024 | ગાંધીનગર |
| | | | GEM કામગીરી અંતર્ગત તાલીમ | 07-12-2024 | 07-12-2024 | ગાંધીનગર |
| | | | AISHE અંતર્ગત તાલીમ | 27-12-2024 | 27-12-2024 | રાજકોટ |

| ક્રમ | કર્મચારીનું નામ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | તારીખ થી તારીખ | | સ્થળ |
|---|---|---|---|---|---|---|
| | | | ધોરણ- 6 થી 8 સામાજિક વિજ્ઞાન શિક્ષક આવૃતિ વર્કશોપ | 19-03-2025 | 21-03-2025 | વડોદરા |
| 7 | ર્ડા. પી. વી. જાની | પી.એસ. ટી.ઇ. | - | - | - | - |
| 8 | શ્રીમતિ બી. પી. નકુમ | પી.એસ. ટી.ઇ. | અખિલ મુલ્કી સેવા અંતર્ગત રાજ્ય કક્ષા ટેબલ ટેનિસ સ્પર્ધા | 06-08-2024 | 06-08-2024 | ગાંધીનગર |
| | | | ધોરણ - 5 અંગ્રેજી બ્લુ પ્રિન્ટ સમીક્ષા અને સંરચના વર્કશોપ | 05-09-2024 | 05-09-2024 | ગાંધીનગર |
| | | | ધોરણ 3 થી 8 અંગ્રેજી શિક્ષક આવૃત્તિ નિર્માણ કાર્ય શાળા | 19-03-2025 | 20-03-2025 | બરોડા |
| 9 | ર્ડા. એચ. વી. તેરૈયા | પી.એસ. ટી.ઇ. | રમતોત્સવ તાલીમ | 17-10-2024 | 17-10-2024 | અમદાવાદ |
| | | | રાજ્ય રમતોત્સવ | 05-02-2025 | 06-02-2025 | આણંદ |
| | | | મોડ્યૂલ લેખન | 10-02-2025 | 12-02-2025 | ગાંધીનગર |
| 10 | ર્ડા. એચ. એચ. કાતડ | પી. એન્ડ એમ. | પ્રાચાર્ય બેઠક | 27-05-2024 | 27-05-2024 | ગાંધીનગર |
| | | | શિક્ષક તાલીમ મોડ્યુલ લેખન અને તે સબંધિત વિડીયોગ્રાફી કામગીરી સંબંધિત કાર્યશાળા | 10-06-2024 | 10-06-2024 | ગાંધીનગર |
| | | | CSSTE-AWP & B: 2025-26 બેઠક | 21-01-2025 | 21-01-2025 | ગાંધીનગર |
| | | | CSSTE-AWP & B: 2025-26 કમ્પાઈલેશન વર્કશોપ | 24-01-2025 | 25-01-2025 | ગાંધીનગર |
| | | | Roundtable on Enhancing Learning Standards workshop | 28-03-2025 | 28-03-2025 | ગાંધીનગર |
| 11 | ર્ડા. જી. કે. વાઘેલા | આઇ.એફ. આઇ.સી | પી એમ શ્રી રિસોર્સ પર્સન તાલીમ | 22-05-2024 | 24-05-2024 | ગાંધીનગર |

| ક્રમ | કર્મચારીનું નામ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | તારીખ થી તારીખ | | સ્થળ |
|---|---|---|---|---|---|---|
| | | | NCERT આયોજીત ESD and GCED સંદર્ભે તાલીમ | 07-01-2025 | 10-01-2025 | ગાંધીનગર |
| 12 | ડૉ. પી. એ. અંબાસણા | આઇ.એફ. આઇ.સી | સ્કુલ લીડરશીપ તાલીમ અંતર્ગત તજજ્ઞ તરીકે | 02-04-2024 | 02-04-2024 | ખંભાળીયા |
| | | | રાજ્ય કક્ષાના વાંચન સંશોધન અંતર્ગત તજજ્ઞ તરીકે જતા. | 16-05-2024 | 17-05-2024 | જામનગર |
| | | | KRP TRG FOR JADUL PITARA OF NCFFS-2020 | 23-07-2024 | 25-07-2024 | RIE - BHOPAL |
| | | | NAS RASTRIYA SURVEKSHAN - 2024 DMTs TRAINING | 22-10-2024 | 22-10-2024 | ઇડર |
| | | | એજ્યુકેશન ફેસ્ટીવલ - ૨૦૨૫ અન્વયે DIC કો. બેઠકમાં | 07-01-2025 | 07-01-2025 | મેહસાણા |
| | | | રાજ્ય કક્ષા સંશોધન પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સમાં રીપોટીયર તરીકે | 17-03-2025 | 17-03-2025 | ગાંધીનગર |
| 13 | શ્રી ડી. જે. વડગામા | ડબ્લ્યુ.ઇ. | જિલ્લા કક્ષાએ સ્માર્ટ ટ્રેનીંગ સેન્ટર શરુ કરવા અંગે તાલીમ | 13-06-2024 | 13-06-2024 | ગાંધીનગર |
| | | | ઇકોક્લબ પ્રવૃત્તિ અન્વયે રાજ્ય કક્ષાની કાર્યશાળા | 23-10-2024 | 24-10-2024 | અમરેલી |
| | | | રાજ્યકક્ષા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2024-25 | 02-02-2025 | 05-02-2025 | ધરમપુર |
| 14 | શ્રીમતિ એસ. કે. ચૌહાણ | ડી.આર.યુ. | આધાફૂલ ઇ કન્ટેન્ટ રચના કાર્યશાળા | 01-04-2024 | 02-04-2024 | ગાંધીનગર |
| | | | મેન્ટલ હેલ્થ સાહિત્ય નિર્માણ | 29-04-2024 | 29-04-2024 | ગાંધીનગર |
| | | | ધોરણ ૩ થી ૧૦ શિક્ષક ઓનલાઈન તાલીમ | 16-05-2024 | 18-05-2024 | ગાંધીનગર |

| ક્રમ | કર્મચારીનું નામ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | તારીખ થી તારીખ | | સ્થળ |
|---|---|---|---|---|---|---|
| | | | મોડ્યુલ નિર્માણ કાર્યશાળા | | | |
| | | | PSTE કામગીરી સંબંધિત બેઠક | 10-10-2024 | 10-10-2024 | ગાંધીનગર |
| | | | DRU ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યશાળા | 11-11-2024 | 13-11-2024 | ઈડર |
| | | | DRU ફેકલ્ટી રીવ્યૂ બેઠક | 14-02-2025 | 14-02-2025 | ગાંધીનગર |
| | | | DRU ફેકલ્ટી ડેવલપમેન્ટ અને રીવ્યૂ બેઠક | 02-04-2025 | 03-04-2025 | કંજેટા નળધા કેમ્પ |
| | | | ધોરણ 3 થી 10 શિક્ષક ઓનલાઈન તાલીમ મોડ્યુલ નિર્માણ કાર્યશાળા | 18-04-2024 | 20-04-2024 | ગાંધીનગર |

## 9.0 કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.)

**પ્રસ્તાવના :-**

ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઇ.આર.ટી), ગાંધીનગર પ્રેરિત અને ડાયેટ ગાઇડ લાઇન મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો ગુજરાત રાજયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે.જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃતિઓની સમગ્ર શ્રેણીના આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ માટે કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.) ની રચના કરવામાં આવી છે. આ સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળે છે. આ સમિતિઓના સભ્યશ્રીઓના માર્ગદર્શક સૂચનો મેળવીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરે છે.

કાર્યક્રમ સલાહકાર સમિતિ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/1093/2826/ન, સચિવાલય, ગાંધીનગર તા. 29-10-1993 થી અમલમાં આવી. પરંતુ શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ જશભ/12/2013/891335/ન. સચિવાલય, ગાંધીનગર, તા.15-01-2014 થી પુનઃ રચના કરવામાં આવેલ છે.

❖ **કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.) ના હેતુઓ :-**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે મળતી કાર્યક્રમ સલાહકાર સમિતિનાં હેતુઓ :-

- આ સમિતિ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં કાર્યક્રમો ઘડવામાં સલાહ આપશે. સને 1989ની ગાઇડલાઇનની ભલામણ મુજબ પીએસી ડાયેટસની પ્રવૃત્તિના પ્રોગ્રામો તૈયાર કરી તેમાં સલાહ સૂચનો અને માર્ગદર્શન આપવા તથા પરસ્પેકટીવ એન્ડ એન્યુઅલ પ્લાન તૈયાર કરવા જેવી બાબતોમાં મદદરૂપ થશે.

❖ **કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.) નાં કાર્યો :-**

કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.) ના કાર્યો નીચે મુજબ છે.

- Sharing the results of Gunotsav programme and improving the quality level.

- District focus in programmes and activities
- Coordination among institutions
- Promoting innovations
- Ensuring that the States Education Plans are adequately reflected within the district plans
- Efficient use of resources and personal to address education quality and teacher education requirements of the District.
- Gunotsav and Monitoring of District level implementation as per the R.T.E. Act – 2009, Article No. 29.

❖ પીએસી બેઠક મિનિટ્સ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટની આયોજન અને વ્યવસ્થાપન શાખા દ્વારા કાર્યક્રમ સલાહકાર સમિતિ (PAC) ની બેઠક તા. 29-11-2023 નાં રોજ સાંજના 06.00 કલાકે કલેકટર કચેરી, રાજકોટ ખાતે માનનીય અધિક કલેકટરશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રીનાં અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતી. આ બેઠકમાં એજન્ડા મુજબ નીચે પ્રમાણે ચર્ચા કરવામાં આવી.

- ડાયટ, રાજકોટનાં ઇન્ચાર્જ પ્રાચાર્યશ્રી ડૉ. એસ. એન. મહેતા દ્વારા માનનીય અધિક કલેકટરશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રીનું જિલ્લાકક્ષા બાળવાર્તા નિર્માણ સ્પર્ધા બાળકો રચિત વાર્તાઓની બુક અને જિલ્લાકક્ષા ઇનોવેશન બુક દ્વારા સ્વાગત કરવામાં આવેલ. આ ઉપરાંત તમામ સભ્યશ્રીઓનું પણ શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ.
- કાર્યક્રમ સલાહકાર સમિતિની બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોશ્રીઓ દ્વારા પોતાનો પરિચય આપવામાં આવેલ.
- ડાયટ, રાજકોટનાં ઇન્ચાર્જ પ્રાચાર્યશ્રી ડૉ. એસ. એન. મહેતા દ્વારા બેઠકનાં એજન્ડા મુજબ સૌ પ્રથમ CSSTE યોજના અન્વયે ડાયટ દ્વારા કરવાની થતી કામગીરી અને બજેટ બાબતે જાણકારી આપવામાં આવી.

- બેઠકનાં એજન્ડા મુજબ વર્ષઃ 2024-25 નાં તૈયાર કરેલ વાર્ષિક આયોજનમાં સમાવિષ્ટ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જે તે કાર્યક્રમ મુકવા પાછળનાં હેતુ વગેરેની પણ ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત સંશોધન, ફેકલ્ટી ડેવલોપમેન્ટ, ટેકનોલોજી સપોર્ટ, એન્યુઅલ ગ્રાંટ વગેરે બાબતે પણ દરેક મુદ્દાની વિગતવાર રજૂઆત કરવામાં આવી.
- બેઠકનાં એજન્ડા મુજબ વર્ષઃ 2025-26 નાં તૈયાર કરેલ વાર્ષિક આયોજનમાં સમાવિષ્ટ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જે તે કાર્યક્રમ મુકવા પાછળનાં હેતુ વગેરેની પણ ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત સંશોધન, ફેકલ્ટી ડેવલોપમેન્ટ, ટેકનોલોજી સપોર્ટ, એન્યુઅલ ગ્રાંટ વગેરે બાબતે પણ દરેક મુદ્દાની વિગતવાર રજૂઆત કરવામાં આવી.
- એજન્ડા મુજબ તમામ મુદ્દાઓની ચર્ચા બાદ માનનીય અધિક કલેકટરશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ અને ત્યાર બાદ આ આયોજન બાબતે સમિતિનાં સભ્યશ્રીઓ  પાસેથી પણ સૂચન માંગવામાં આવેલ.
- માનનીય અધિક કલેકટરશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રી અને સમિતિનાં તમામ સભ્યો દ્વારા વર્ષઃ 2024-25 અને વર્ષઃ 2025-26 માં સમાવિષ્ટ કરવામાં આવેલ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ સાથે સહમતિ દર્શાવવામાં આવેલ અને વાર્ષિક આયોજન એપ્રુવ કરવામાં આવેલ.
- બેઠકનાં અંતમાં માનનીય અધિક કલેકટરશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રી દ્વારા હાલ સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણાની કામગીરી ચાલી રહી હોય અને આગામી તા. 03-12-2023 અને તા. 09-12-2023 નાં રોજ બીએલઓ દ્વારા આ કામગીરી બુથ પર થવાની હોય, તા. 01-01-2024 ની સ્થિતિએ અઢાર વર્ષ પૂર્ણ થતા હોય તેવા વધુમાં વધુ વિદ્યાર્થીઓ મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવે અને ચૂંટણી કાર્ડ કઢાવે તે બાબતે કોલેજ કક્ષાએ પ્રચાર-પ્રસાર કરવા જણાવેલ.
- આ ઉપરાંત માનનીય અધિક કલેકટરશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રી દ્વારા તા. 01-04-2024, તા. 01-07-2024 અને તા. 01-10-2024 ની સ્થિતિએ અઢાર વર્ષ પૂર્ણ થતા હોય તેવા વિદ્યાર્થીઓ પણ મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવે અને ચૂંટણી કાર્ડ કઢાવવા બાબતે ફોર્મ ભરી શકશે, તે

બાબતે માહિતગાર કરવામાં આવેલ. વોટર્સ હેલ્પલાઇન એપ્લીકેશનની મદદથી પણ મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવે અને ચૂંટણી કાર્ડ માટે અરજી કરવા પણ જણાવેલ.

- બેઠકમાં ઉપસ્થિત ડીઇઓશ્રી, ડીપીઇઓશ્રી તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થામાંથી ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ દ્વારા સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણાની કામગીરી બાબતે વધુમાં વધુ પ્રચાર-પ્રસાર કરવા બાબતે ખાતરી આપેલ.

અંતમા, ડૉ. એચ. એચ. કાતડ, લેક્ચરર, ડાયટ, રાજકોટ દ્વારા માનનીય અધિક કલેકટરશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રી અને તમામ સભ્યશ્રીઓનો આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી.

**<u>પીએસી બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી</u>**

| ક્રમ | નામ | હોદ્દો | કચેરીનું નામ |
|---|---|---|---|
| 1 | માનનીયશ્રી એસ. જે. ખાચર સાહેબશ્રી | અધિક કલેકટરશ્રી | કલેકટર કચેરી, રાજકોટ |
| 2 | ડૉ. એ. પી. વાણવી | નાયબ ડીપીઇઓ (પ્રતિનિધિ, ડીડીઓશ્રી) | જિલ્લા પંચાયત, રાજકોટ |
| 3 | ડૉ. એસ. એન. મહેતા | ઇ.ચા. પ્રાચાર્ય | ડાયટ, રાજકોટ |
| 4 | શ્રી એન. એ. મહેતા | ઇ.ચા. ડીઇઓ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રાજકોટ |
| 5 | શ્રી વી. જે. મહેતા | ઇ.ચા. ડીપીઇઓ | જિલ્લા પંચાયત, રાજકોટ |
| 6 | ડૉ. નિશાત એ. બાબી | સિનિયર લેક્ચરર | ડાયટ, રાજકોટ |
| 7 | શ્રી એ. ટી. પટેલ | લેક્ચરર | ડાયટ, રાજકોટ |
| 8 | ડૉ. હમીર એચ. કાતડ | લેક્ચરર | ડાયટ, રાજકોટ |
| 9 | શ્રી સોનલબેન એ. દવે | મદદનીશ જિલ્લા કવોલીટી એજ્યુ. | એસએસએ, રાજકોટ |

| ક્રમ | નામ | હોદ્દો | કચેરીનું નામ |
|---|---|---|---|
| 10 | શ્રી પૂજાબેન પી. પૈજા | બીઆરસીસી | બીઆરસી, તા. પડધરી, જિ. રાજકોટ |
| 11 | શ્રી જયશ્રીબા વાઢેર | સીઆરસીસી | સીઆરસી, બેડલા, તા./જિ. રાજકોટ |
| 12 | શ્રી એચ. કે. વાવડીયા | મ.આ.વિ.અ. પ્રતિનિધિ | તકેદારી કચેરી, આદિજાતિ વિકાસ, રાજકોટ |
| 13 | ડૉ. સંદિપ એમ. ઘેટિયા | ઇ.ચા. આચાર્ય | પી.ડી.એમ ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ |
| 14 | શ્રી ડિમ્પલબેન ડઢાણીયા | ઇ.ચા. આચાર્યા | શ્રી લોહાણા અધ્યાપન મંદિર, રાજકોટ |
| 15 | ડૉ. પ્રતિક આર. મહેતા | મુખ્ય શિક્ષક | પારેવાડા પ્રાથમિક શાળા, તા. રાજકોટ |
| 16 | શ્રી એમ. સી. મેઘાણી | સેન્ટર કોઓર્ડીનેટર | લોકવિજ્ઞાન કેન્દ્ર, રાજકોટ |
| 17 | શ્રી જ્યોતિબેન ટી. કારીયા | સમાજ કલ્યાણ નિરીક્ષક | જિલ્લા નાયબ નિયામક (વિજા) કચેરી, રાજકોટ |
| 18 | શ્રી એ. જે. ખાચર | નાયબ નિયામક | નાયક નિયામક (અજા) કચેરી, રાજકોટ |
| 19 | શ્રી સોનલબેન ફળદુ | આચાર્યા | સરોજીની નાયડુ હાઇસ્કૂલ, રાજકોટ |
| 20 | શ્રી નિશાબા એ. પરમાર | S.Y. D.El.Ed. તાલીમાર્થી | ડાયટ, રાજકોટ |
| 21 | શ્રી અંજુમ જી. દોઢીયા | F.Y. D.El.Ed. તાલીમાર્થી | ડાયટ, રાજકોટ |

| DIET, Rajkot (28-04-2025) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **IFMS** | | | | | | | |
| **Sr. No.** | **Head** | **Detailed Head** | **Sub Head Description** | **Alloted** | **Expnsed** | **Balance** | **Percentage Utilisation** |
| 1 | EDN 16 L | 009:2202:80:001:09:00:C3 | EDN-16-L Gujarat State Council of Educational Research and Training. | ₹ 8.67600 | ₹ 8.67625 | ₹ -0.00025 | 100.00 |
| 2 | EDN 16 L | 009:2202:80:001:09:00:C2 | EDN-16-L Gujarat State Council of Educational Research and Training. | ₹ 80.91100 | ₹ 80.10045 | ₹ 0.81055 | 99.00 |
| 3 | EDN 16 L | 009:2202:80:001:09:00:C1 | EDN-16-L Gujarat State Council of Educational Research and Training. | ₹ 58.27800 | ₹ 58.27728 | ₹ 0.00072 | 100.00 |
| 4 | EDN 12 | 009:2202:80:001:10:00:C5 | EDN-12 Financial Assistance to Gujarat State Council of Education Reseearch and Training | ₹ 58.34400 | ₹ 58.34350 | ₹ 0.00050 | 100.00 |
| 5 | EDN 12 | 009:2202:80:001:10:00:C2 | EDN-12 Financial Assistance to Gujarat State Council of Education Reseearch and Training | ₹ 13.54300 | ₹ 13.54272 | ₹ 0.00028 | 100.00 |
| 6 | CSS TE | 009:2202:80:003:99:00:C5 | District Institute of educational Training at District Places | ₹ 40.00000 | ₹ 40.00000 | ₹ - | 100.00 |
| 7 | CSS TE | 009:2202:80:003:99:00:C2 | District Institute of educational Training at District Places | ₹ 12.53000 | ₹ 12.32821 | ₹ 0.20179 | 98.39 |
| 8 | CSS TE | 009:2202:80:003:99:00:C1 | District Institute of educational Training at District Places | ₹ 219.44000 | ₹ 219.43985 | ₹ 0.00015 | 100.00 |
| 9 | EDN 12 | 095:2202:01:107:01:00:C5 | END-12 Financial assistance to Gujarat State council of educational research and training | ₹ 0.25000 | ₹ 0.25000 | ₹ - | 100.00 |
| 10 | **Total** | | | ₹ 491.97200 | ₹ 490.95826 | ₹ 1.01374 | 99.79 |

**11.0 વર્ષઃ 2024-25 દરમ્યાન થયેલ કાર્યક્રમ/તાલીમ/પ્રવૃત્તિ**

**રીસર્ચ એન્ડ એકશન રીસર્ચ – CSSTE**

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્યજૂથ | સંશોધન માટેનો નમૂનો (સંખ્યા) | ઉપકરણ | અંદાજીત ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ડૉ. સંજયભાઈ એન. મહેતા | રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાનું GSQAC નાં વર્ષ 2023-24 પરિણામને આધારે 'A' ગ્રેડની અને 'D' ગ્રેડની શાળાનો કોઈ ચોક્કસ ડોમેન આધારે તુલનાત્મક અભ્યાસ | રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાનું GSQAC નાં વર્ષ 2023-24 પરિણામને આધારે 'A' ગ્રેડની અને 'D' ગ્રેડની શાળાનો કોઈ ચોક્કસ ડોમેન આધારે તુલનાત્મક અભ્યાસ કરવો. | A અને D ગ્રેડ શાળા | 2 શાળા | શાળાનો વ્યક્તિ અભ્યાસ પ્રશ્નાવલી | 5500 |
| 2 | શ્રી પ્રજ્ઞાબેન વી. રાદડિયા | રાજકોટ જિલ્લામાં ધોરણ 3 થી 8 માં લેવાતી પરીક્ષાની બ્લ્યુ પ્રિન્ટ અને પ્રશ્નપત્ર પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | રાજકોટ જિલ્લામાં ધોરણ 3 થી 8 માં લેવાતી પરીક્ષાની બ્લ્યુ પ્રિન્ટ અને પ્રશ્નપત્ર પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો. | CRC,BRC શિક્ષક | 200 | અભિપ્રાયાવલી | 6602 |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્યજૂથ | સંશોધન માટેનો નમૂનો (સંખ્યા) | ઉપકરણ | અંદાજીત ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 3 | ડૉ. નિશાત બાબી | GAS-5 અંતર્ગત ધોરણ ૪ પર્યાવરણ વિષયની EV412 કઠીન અધ્યયન નિષ્પતિ અને તેના સરળીકારણ માટે કરવામાં આવેલ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | ધોરણ-5ના પર્યાવરણ વિષયની કઠીન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક EV412ના અધ્યાપનના સંદર્ભમાં સરળીકૃત કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી. | ધોરણ 4 વિધાર્થી | 60 | સિદ્ધિ કસોટી | 5500 |
| 4 | માધવી શુક્લ | રાજકોટ જિલ્લામાં GAS-5 સર્વે આધારિત વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક SC713 આધારિત કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ | રાજકોટ જિલ્લામાં GAS-5 સર્વે આધારિત વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક SC713 આધારિત કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી. | ધોરણ 7 | 50 | સ્વરચિત કસોટી | 5500 |
| 5 | ડૉ. એલ.જે. પુરોહિત | ગુજરાત એચિવમેન્ટ સર્વે-5 (GAS-5) અંતર્ગત રાજકોટ જિલ્લાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓની કઠિન અધ્યયન નિષ્પતિ M712.1 આધારિત સરળીકૃત કાર્યક્રમની રચના અને તેની અસરકારકતાનો અભ્યાસ | ગુજરાત એચિવમેન્ટ સર્વે-5 (GAS-5) અંતર્ગત રાજકોટ જિલ્લાના ધોરણ 7 ના વિદ્યાર્થીઓની કઠિન અધ્યયન નિષ્પતિ M712.1 આધારિત સરળીકૃત કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી. | ધોરણ 7 વિધાર્થી | 50 | શિક્ષક રચિત કસોટી | 5500 |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્યજૂથ | સંશોધન માટેનો નમૂનો (સંખ્યા) | ઉપકરણ | અંદાજીત ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 6 | ડૉ. હમીર કાતડ | ધોરણ સાતના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M718.2 નાં અધ્યાપનનાં સંદર્ભમાં સરળીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા | ધોરણ સાતના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M718.2 નાં અધ્યાપનનાં સંદર્ભમાં સરળીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી. | વિદ્યાર્થીઓ | 60 | સિદ્ધિ કસોટી | 5500 |
| 7 | ડૉ. પ્રવીણભાઈ વી. જાની | ધોરણ સાત ગુજરાતી વિષયના નવા પાઠ્યપુસ્તક વચ્ચેની સમીક્ષા અને તે પરત્વે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ | ધોરણ સાત ગુજરાતી વિષયના નવા પાઠ્યપુસ્તક વચ્ચેની સમીક્ષા અને તે પરત્વે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ કરવો. | પ્રાથમિક શાળાનાં ભાષા શિક્ષકો | 101 | નવા પાઠ્ય પુસ્તક અંગેની અભિપ્રાયાવલી | 5500 |
| 8 | શ્રી અરવિંદભાઇ ટી. પટેલ | રાજકોટ જિલ્લામાં GAS-5 સર્વે આધારિત સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક SS704 આધારિત કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ | રાજકોટ જિલ્લામાં GAS-5 સર્વે આધારિત સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક SS704 આધારિત કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી. | વિધાર્થીઓં | 51 | પ્રશ્નાવલી | 5500 |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્યજૂથ | સંશોધન માટેનો નમૂનો (સંખ્યા) | ઉપકરણ | અંદાજીત ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 9 | શ્રી સોનલબેન કે. ચૌહાણ | રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓએ વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 દરમિયાન GSQAC અંતર્ગત મેળવેલ ગ્રેડનો તુલનાત્મક અભ્યાસ. | રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓએ વર્ષ 2019-20 થી વર્ષ 2023-24 દરમિયાન GSQAC અંતર્ગત મેળવેલ ગ્રેડનો તુલનાત્મક અભ્યાસ કરવો. | પ્રાથમિક શાળાઓ | 840 | શાળાનાં રીપોર્ટ કાર્ડ | 5500 |
| 10 | શ્રી ભાવનાબેન પી. નકુમ | ધોરણ પાંચ અંગ્રેજી નવા પાઠ્યપુસ્તક વચ્ચેની સમીક્ષા અને તે પરત્વે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ | ધોરણ પાંચ અંગ્રેજી નવા પાઠ્યપુસ્તક વચ્ચેની સમીક્ષા અને તે પરત્વે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ કરવો. | ભાષા શિક્ષકો | 120 | રચિત કસોટી | 5500 |
| 11 | શ્રી દીપાલીબેન જે. વડગામા | ડાયટ રાજકોટ દ્વારા નિર્મિત સામાજિક વિજ્ઞાન વિષયના ઇન્ટરએક્ટિવ ક્વિઝની અસરકારકતા અંગેનો અભ્યાસ. | ડાયટ રાજકોટ દ્વારા નિર્મિત સામાજિક વિજ્ઞાન વિષયના ઇન્ટરએક્ટિવ ક્વિઝની અસરકારકતા અંગેનો અભ્યાસ કરવો. | ધોરણ 6 વિદ્યાર્થીઓ | 140 | રચિત કસોટી | 5500 |
| 12 | ડૉ. ગંગાબેન કે. વાઘેલા | GAS-5 આધારિત સર્વે માં અધ્યયન નિષ્પતિ ક્રમાંક G714 આધારિત કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ | GAS-5 આધારિત સર્વે માં અધ્યયન નિષ્પતિ ક્રમાંક G714 આધારિત કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી. | ધોરણ 7 વિદ્યાર્થીઓ | 35 | | 5500 |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્યજૂથ | સંશોધન માટેનો નમૂનો (સંખ્યા) | ઉપકરણ | અંદાજીત ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 13 | ડૉ. હેમાંગીબેન વી. તેરૈયા | રાજકોટ જિલ્લામાં GAS-5 સર્વે આધારિત ગુજરાતી વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક G714 આધારિત કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ | રાજકોટ જિલ્લામાં GAS-5 સર્વે આધારિત ગુજરાતી વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક G714 આધારિત કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી. | વિદ્યાર્થીઓ | 60 | સિદ્ધિ કસોટી | 5500 |
| 14 | ડૉ. પ્રશાંત એ. અંબાસણા | રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાનો વર્ષ: 2023-24નો GSQAC આધારિત A ગ્રેડ અને D ગ્રેડ ધરાવતી શાળાનો તુલનાત્મક અભ્યાસ | રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાનો વર્ષ: 2023-24નો GSQAC આધારિત A ગ્રેડ અને D ગ્રેડ ધરાવતી શાળાનો તુલનાત્મક અભ્યાસ કરવો. | A અને D ગ્રેડ શાળા | 2 શાળા | શાળાનો વ્યક્તિ અભ્યાસ પ્રશ્નાવલી | 5500 |
| | | | | | | **કુલ** | **78102** |

## રીસર્ચ એન્ડ એકશન રીસર્ચ – EDN – 12

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્યજૂથ | સંશોધન માટેનો નમૂનો (સંખ્યા) | ઉપકરણ | અંદાજીત ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ડૉ.નિશાતબેન બાબી,<br>ડૉ. પ્રશાંતભાઈ અંબાસણા,<br>ડૉ. ગંગાબેન વાઘેલા | વર્ષ- 2024-25 શિક્ષક તાલીમની શાળા કક્ષાએ અમલીકરણ અંગે ધોરણ 3-5 ના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | વર્ષ- 2024-25 શિક્ષક તાલીમની શાળા કક્ષાએ અમલીકરણ અંગે ધોરણ 3-5 ના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો. | શિક્ષક | 240 | અભિપ્રાયાવલિ | 5000 |
| 2 | ડૉ.નિશાતબેન બાબી,<br>ડૉ. પ્રશાંતભાઈ અંબાસણા,<br>ડૉ. ગંગાબેન વાઘેલા | વર્ષ- 2024-25 શિક્ષક તાલીમની શાળા કક્ષાએ અમલીકરણ અંગે ધોરણ 6-8 ના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | વર્ષ- 2024-25 શિક્ષક તાલીમની શાળા કક્ષાએ અમલીકરણ અંગે ધોરણ 6-8ના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો. | શિક્ષક | 250 | અભિપ્રાયાવલિ | 5000 |
| 3 | શ્રી એમ. ડી. શુક્લ,<br>ડૉ. એલ. જે. પુરોહિત,<br>ડૉ. પી. વી. જાની,<br>શ્રી એ. ટી. પટેલ,<br>શ્રી બી.પી નકુમ,<br>ડૉ. એચ. વી. તેરૈયા,<br>શ્રી પી.વી. રાદડિયા | D.El.Ed/ B.Ed. ના તાલીમાર્થીઓનો ઇન્ટર્નશિપ બાબતે અભ્યાસ | D.El.Ed/ B.Ed. ના તાલીમાર્થીઓનો ઇન્ટર્નશિપ બાબતે અભ્યાસ કરવો. | D.El.Ed. | 200 | પ્રશ્નાવલી | 5000 |
| | | | | | | **કુલ** | 15000 |

## રીપોર્ટ/સાહિત્ય/ડોક્યુમેન્ટ

- **ડોકયુમેન્ટ – વાર્ષિક અહેવાલ વર્ષઃ 2024-25**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા વર્ષઃ 2024-25માં શાખા વાઇઝ/ફંકશન વાઇઝ થયેલ કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનો સમાવેશ અહેવાલમાં કરવામાં આવેલ છે. પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારણા અર્થે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા વર્ષ: 2024-25દરમ્યાન જુદી જુદી કામગીરી કરવામાં આવી. તેમાં આંકડાકીય માહિતીને અદ્યતન કરવામાં આવી. સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ તાલીમ કાર્યક્રમો કરવામાં આવેલ. જેમાં સંસ્કૃત ઓરીએન્ટેશન તાલીમ, ધોરણ 3 થી 8 પ્રથમ અને દ્વિતિય સત્ર પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા, વિદ્યાર્થી મૂલ્યાંકન આધારિત તાલીમ, DIKSHA પોર્ટલ માટે FLN ઇ-કન્ટેન્ટ નિર્માણ કાર્યશાળા, શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા નિર્માણ અન્વયે સાહિત્ય નિર્માણ કાર્યશાળા, જૂથ સંસાધન ક્ષેત્રે સક્ષમ રીસોર્સીસ અને ગવર્નન્સ તાલીમ, શૈક્ષણિક નેતૃત્વ પ્રવૃત્તિ અને રમતો આધારિત કાર્યશાળા, સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન વર્કશોપ, ધોરણ 6 થી 8 માટે NEP 2020 અન્વયે “સ્કૂલ બેગ વગર 10 દિવસ” અનુભવજન્ય પ્રવૃત્તિઓ માટેની કાર્યશાળા, NEP 2020 અન્વયે પૂર્વ પ્રાથમિક શાળાનાં શિક્ષકો માટે રમકડાં નિર્માણ કાર્યશાળા, વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકો માટે રમકડાં નિર્માણ કાર્યશાળા, FLN અન્વયે શિક્ષકો માટે કોમ્પિટન્સી બેઇઝ્ડ કાર્યક્રમ, ECCE/FS અધ્યયન અધ્યાપન પ્રક્રિયા માટે સાહિત્ય નિર્માણ કાર્યશાળા, આંગણવાડી કાર્યકરોની તાલીમ, વસતિ અને સાતત્ય પૂર્ણ વિકાસ, સાયબર સિક્યુરિટી તાલીમ, વીરગાથા 4.0 મૂલ્યાંકન અને પુરસ્કાર, જિલ્લા કક્ષા વાર્તા સ્પર્ધા, ક્રિયાત્મક સંશોધન કાર્યશાળા, જેન્ડર સવેન્દલશીલતા તાલીમ, જિલ્લા કક્ષા ઇકોકલબ ડોક્યુમેન્ટ વર્કશોપ, D.El.Ed. તાલીમાર્થી માટે ઇકોકલબ પ્રવૃત્તિ તાલીમી ગુણોત્સવ ૨.૦ અન્વયે નીડ બેઇઝડ કાર્યક્રમ, ECCE & CPD અન્વયે શિક્ષકો માટે વ્યાવસાયિક સજ્જતા તાલીમ, ધોરણ 1 અને 2 બાલવાટીકાનાં શિક્ષકો માટે ઓરીએન્ટેશન કાર્યશાળા, ધોરણ 6 અને 7 ગુજરાતી નવા પાઠ્યપુસ્તક તાલીમ, ઇનોવેટીવ પેડાગોજી બેઇઝડ ઓરીએન્ટેશન કાર્યશાળા, નવ નિયુક્ત શિક્ષક તાલીમ, સંશોધન પેપર લેખન માર્ગદર્શન કાર્યશાળા, તાલીમ અસરકારકતા ચકાસણી ઉપકરણ સંરચના કાર્યશાળા, મિશન મોડ શાળા એક્રીડેશન વેરીફીકેશન કાર્ય, રિચર્ચ પેપર

સિલેકશન કાર્યશાળા, ધોરણ 6 થી 8 વિજ્ઞાન એમટી તાલીમ, ધોરણ 6 થી 8 ગણિત એમટી તાલીમ, ધોરણ 6 થી 8 સામાજિક વિજ્ઞાન એમટી તાલીમ, અંગ્રેજી સેમેસ્ટર-2 પ્રશ્નબેંક વર્કશોપ, રીસર્ચ એબસ્ટ્રેક અંગ્રેજી અનુવાદ વર્કશોપ, ધોરણ 3 થી 8 અંગ્રેજી પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પસંદિત કૃતિ માર્ગદર્શન કાર્યશાળા, ધોરણ 9 અને 10 ગણિત વિજ્ઞાન તાલીમ, જિલ્લા કક્ષા ઇકોકલબ શાળાકીય પ્રવૃત્તિ તાલીમ અને એક્સપોઝર વિઝીટ, બીઆરસી સંકલન બેઠક, બાળમેલા અને લાઇફ સ્કીલ બાળમેળા ડોક્યુમેન્ટેશન નિર્માણ કાર્યશાળા, ધોરણ 3 થી 5 ગણિત એમટી તાલીમ, ધોરણ 3 થી 5 હિન્દી એમટી તાલીમ, ધોરણ 6 થી 8 ગુજરાતી એમટી તાલીમ, ધોરણ 6 થી 8 હિન્દી એમટી તાલીમ, ધોરણ 6 થી 8 સા.વિ. એમટી તાલીમ, ધોરણ 6 થી 8 વિજ્ઞાન એમટી તાલીમ, ધોરણ 6 થી 8 અંગ્રજી એમટી તાલીમ,ધોરણ 3 થી 5 ગુજરાતી એમટી તાલીમ, માધ્યમિક અને ઉ.મા. સ્કૂલ અક્રેડીટેશન તાલીમ, સૌરાષ્ટ્ર-1 ઝોનકક્ષા વાર્તા સ્પર્ધા, GAS-6 FI તાલીમ, પ્રથમ અને દ્વિતીય સત્ર શિક્ષક તાલીમ તેમજ ફેકલ્ટી ડેવલોપમેન્ટ અંતર્ગત તાલીમ અને ફીલ્ડ વિઝીટને લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમ કરવામાં આવેલ.

- **ડોકયુમેન્ટ – ગુજરાતી વાર્ષિક આયોજન વર્ષ : 2025-26**

સમગ્ર શિક્ષા અભિયાન (SMSA) અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં કાર્યોમાં વિવિધતા આવી છે. ડાયટ દ્વારા જિલ્લા કક્ષાએ પ્રિ-પ્રાયમરી થી ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધી તાલીમની કામગીરી કરવાની થાય છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટનો રીવાઇઝ્ડ એન્યુઅલ વર્કપ્લાન 2023-24 તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ટ્રેનીંગ પ્રોગ્રામ, સંશોધન કાર્યક્રમ, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ છે અને ફંકશનવાઇઝ પ્રોગ્રામ તેમજ બજેટ સમરીનો સમાવેશ કરવામાં આવેલ છે. આ આયોજનમાં સ્કાઉટ એન્ડ ગાઇડ તાલીમ, વૈદિક ગણિત તાલીમ, સંસ્કૃત ઓરીએન્ટેશન તાલીમ, સ્વસુરક્ષા શિક્ષક તાલીમ, DIKSHA Portal તાલીમ, શિક્ષણમાં ICTનો ઉપયોગ, શૈક્ષણિક ફિલ્મ નિર્માણ કાર્યશાળા, વિજ્ઞાન વિષય અન્વયે O-Labs અન્વયે તાલીમ, ઇનોવેશન અંતર્ગત બેસ્ટ પ્રેક્ટીસ વિડીયો ડોક્યુમેન્ટ તાલીમ, ICT અન્વયે ઇનોવેટીવ પ્રોજેક્ટ કાર્યશાળા, વૈદિક ગણિત

અભ્યાસક્રમ ફાઇનલાઇઝેશન કાર્યશાળા, નવા અભ્યાસક્રમ આધારિત અધ્યયન નિષ્પતિ રચના અન્વયે કાર્યશાળા, ધોરણ 3 NAS કઠિનબિંદુ આધારિત સાહિત્ય નિર્માણ કાર્યશાળા, ધોરણ 3 થી 8 પ્રથમ અને દ્વિતિય સત્ર પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા, SCF (TE, SE, ECCE, AE) ઓરીએન્ટેશન કાર્યશાળા, Holistic Progress card સભાનતા કાર્યશાળા, NEP 2020 આધારિત તાલીમ, બાળમેળા અને લાઇફસ્કીલ મેળા આયોજન અને અમલીકરણ બેઠક તેમજ તાલીમ, NEP 2020 અન્વયે પૂર્વ પ્રાથમિક શાળાનાં શિક્ષકો માટે રમકડાં નિર્માણ કાર્યશાળા, પર્યાવરણ પ્રયોગશાળા સંબંધિત પ્રવૃતિ આધારિત કાર્યશાળા, વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે માધ્યમિક શિક્ષકો માટે રમકડાં નિર્માણ કાર્યશાળા, NEP 2020 અન્વયે ધોરણ 1 થી 5 નાં શિક્ષકો માટે પપેટ નિર્માણ કાર્યશાળા, શિક્ષકો માટે અનુભવજન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે કાર્યશાળા, ઇન્સ્પાયર એવોર્ડ માનાંક, વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે માધ્યમિક શાળાનાં બાળકો માટે પ્રવૃત્તિઓ માટેની કાર્યશાળા, ધોરણ 6 થી 8 માટે NEP 2020 અન્વયે "સ્કૂલ બેગ વગર 10 દિવસ" અનુભવજન્ય પ્રવૃત્તિઓ માટેની કાર્યશાળા, વ્યવાસાયિક શિક્ષણ અન્વયે શિક્ષકો માટે રમકડાં નિર્માણ કાર્યશાળા, આંગણવાડી કાર્યકર માટે તાલીમ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન, શૈક્ષણિક નેતૃત્વ પ્રવૃત્તિ અને રમતો આધારિત કાર્યશાળા, આંતર માનવીય સંબંધોનું વ્યવસ્થાપન, જૂથ સંસાધન ક્ષેત્રે સક્ષમ રીસોર્સીસ અને ગવર્નન્સ તાલીમ, પીએસી બેઠક, ક્વોલિટી પેરામીટર તાલીમ, વર્ગખંડ અવલોકન કાર્યશાળા, સ્કૂલ ઇન્સ્પેટર રીવ્યુ બેઠક, બાલવાટીકા અને શાળા તત્પરતા તાલીમ, વસતિ શિક્ષણ અને ગ્રાહક સુરક્ષા અંગેની તાલીમ, શાળા આરોગ્ય અને સુખાકારી તાલીમ, નીડ બેઇઝડ PEC Holistic development તાલીમ અંગે સાહિત્ય નિર્માણ કાર્યશાળા, પૂર્વ શાળા શિક્ષણ અન્વયે આંગણવાડી કાર્યકરોની તાલીમ, ઇનોવેટીવ પેડાગોજી બેઇઝડ તાલીમ, NEP 2020 અન્વયે ડાયટ ફેકલ્ટી, બીઆરસીસી, સીઆરસીસી માટે Reinvigoration તાલીમ, નવા પાઠ્યપુસ્તક તાલીમ, ઇનોવેટીવ શિક્ષકો માટે મોટીવેશનલ ઓરીએન્ટેશન કાર્યશાળા, મુખ્ય શિક્ષક તાલીમ, વૈદિક ગણિત શિક્ષક તાલીમ, વિજ્ઞાન ગણિત પ્રદર્શન ઓરીએન્ટેશન કાર્યશાળા, ઇન્સ્પાયર એવોર્ડ 2023-24 ઓનલાઇન રજીસ્ટ્રેશન અને નોમીનેશન

સભાનતા તાલીમ સંકલન બેઠક તેમજ ફેકલ્ટી ડેવલોપમેન્ટ અંતર્ગત તાલીમ અને ફીલ્ડ વિઝીટને લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ આયોજન Need based, Research based અને Area based છે. આ આયોજનમાં લેબ એરિયા આધારીત તાલીમ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ આયોજન Participatory Planning Process દ્વારા તૈયાર કરવામાં આવ્યુ છે. છેવાડાના ગામની પ્રાથમિક શાળાના શિક્ષકોને આ આયોજનનો લાભ મળે તે ધ્યાનમાં રાખવામાં આવ્યુ છે. આ આયોજનમાં જિલ્લાની ડિસ્ટ્રીક પ્રોફાઇલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પરિચય, લેબ એરિયાની માહિતી, રાજકોટ જિલ્લાની શૈક્ષણિક સિદ્ધિ, ફંકશન વાઇઝ તાલીમ કાર્યક્રમોની માહિતી, ભવનની શાખાઓના કાર્યો, તાલીમાર્થીઓની સંખ્યા, તજજ્ઞની સંખ્યા અને અંદાજીત ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.

- **રીપોર્ટ - જિલ્લાકક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ**

જિલ્લાક્ક્ષાના દસમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ તા.12,13,14 ફેબ્રુઆરી 2025ના રોજ યોજવામાં આવેલ હતો. આ ઇનોવેશન ફેસ્ટિવલમાં 32 ઇનોવેટીવ ટીચર્સ સહભાગી બન્યા. જિલ્લાકક્ષાના આ એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં કુલ-37 ઇનોવેટીવ શિક્ષકોની કૃતિઓ રજુ કરાઈ હોવાનું જણાવી આ ત્રણ દિવસના ઇનોવેશન ફેસ્ટિવલમા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના 771 જેટલા શિક્ષકો, સી.આર.સી.કો.અને બી.આર.સી.કૉ. આ ઇનોવેશન ફેસ્ટિવલની મુલાકાત લઈ તેમા રજુ કરાયેલ શૈક્ષણિક ઇનોવેશન નિહાળવાનો લાભ લીધેલ હતો. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી ડૉ. સંજયભાઈ મહેતા દ્વારા મંચસ્થ મહેમાનોશ્રીનું શાબ્દિક સ્વાગત કરવામાં કરેલ હતું. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસનધિકારીશ્રી કિરીટસિંહ પરમાર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દીક્ષિત પટેલ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડૉ. વાણવી સાહેબ ઉપસ્થિત રહી થતા ઇનોવેશન અને ઈનોવેશનથી બાળકો સરળતાથી શીખી શકે તે વાત રજુ કરી હતી. પોતાની સહજ ભાષામા ખૂબ જ સરળતાથી ઇનોવેશન વિશેની વાત રજુ કરી. તેમણે ઇનોવેટીવ શિક્ષકો સાથે પ્રત્યક્ષ રીતે ઇનોવેશનની વાત કરી અને જણાવ્યું કે સમસ્યાના સમાધાન અને તેના નિરાકરણ માટે ઇનોવેશન મહત્વની ભૂમિકા

ભજવી શકતું હોવાનું જણાવી સમસ્યાઓ અને ડ્રોપઆઉટ રેશિયો ઘટી શકે તે દિશામાં ઇનોવેશન શિક્ષણ જગતને લાભ મળી રહે તે માટે વાત કરેલ હતી. તેમજ  ઇનોવેટીવ શિક્ષકોની ખૂબ પ્રશંસા કરી હતી. શિક્ષકોમા કંઈકને કંઈક પ્રકારનું ઇનોવેશન રહેલું હોવાનું જણાવી અન્ય શિક્ષકોને તેમાંથી પ્રેરણા લઈ કંઈક નવું કરવું જોઈએ. રાજકોટ તાલુકાનાં બી.આર.સી.કૉ.સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. ઇનોવેટિવ શિક્ષકોને  શિલ્ડ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યા હતા

- **રીપોર્ટ – ધોરણ -3 થી 5 એમ.ટી. અને શિક્ષક તાલીમ**

Gujarat – Outcomes for Accelerated Learning (GOAL) પ્રોજેકટ અંતર્ગત (SOE)  શાળા સહિત રાજ્યના શિક્ષકોની તાલીમની જરૂરિયાતને ધ્યાનમાં લઇ NAS- 2017 ગુણોત્સવ 2.Oના પરિણામો - તારણો એકમ અને સામયિક કસોટી (SAT) તેમજ ગુજરાત સ્ટેટ લેવલ એજ્યુમેન્ટ સર્વે (G-SLAS)ના પરિણામના આધારે કઠિન બિંદુઓને તારવણી કરી ધોરણ 3 થી 5 માં ગુજરાતી,અંગ્રેજી,ગણિત અને પર્યાવરણ,ધોરણ -5 અજમાયશી પાઠ્ય પુસ્તક એમ.ટી. તાલીમ અને શિક્ષક તાલીમ યોજવાનું નક્કી થયેલ આ તાલીમ દર વર્ષે શિક્ષકે પોતાની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે CPD હેઠળ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ તાલીમની ભલામણ કરવામાં આવેલ છે જેમાં ઓનલાઇન 10 ક્લાક ફેસ ટુ ફેસ મોડમાં ઓછામાં ઓછી 15 ક્લાક પ્રથમ સત્રમાં અને આવી જ રીતે બીજા સત્રમાં લેવાની એ પ્રકારનું આયોજન GCERT દ્વારા કરવામાં આવેલ હતું. તાલીમ સાહિત્ય તૈયાર કરવા માટે GCERT અને Reach to Teach (NGO) દ્વારા તૈયાર કરવામાં આવેલ  TEACHERS TRAINING NEEDS ASSESSMENT REPORT 2022-23 નોઉપયોગ કરવામાં આવેલ હતો. તાલીમ સાહિત્ય મોડ્યુલ સ્વરૂપે GCERT અને ડાયટ ફેકલ્ટીસ એસ.આર.જી. અને શિક્ષકોના માધ્યમથી વિકસાવવામાં આવેલ.  આ તાલીમ સાહિત્યમાં વિષયવસ્તુ બાળકોને સરળતાથી તથા અસરકારક રીતે  કેવી કેવી રીતે શીખવી શકાય તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો. શિક્ષકો વર્ગખંડમાં આ શૈક્ષણિક સામગ્રી દ્વારા વિદ્યાર્થીઓની વિષયવસ્તુ અંગેની સંકલ્પના સ્પષ્ટ થાય તે માટે વર્ગખંડમાં ઇનોવેટિવ પેડાગોજીનો ઉપયોગ કરે તાલીમ દરમિયાન તજજ્ઞશ્રીઓ તથા તાલીમાર્થીઓ અને બંને વિવિધ પ્રવૃત્તિઓ કરી સક્રિય રહે અને નવીન બાબતો શીખે તેવો

પ્રયત્ન કરવામાં આવેલ હતા. રાજ્ય સ્તરેથી નિર્માણ થયેલ ગુજરાતી,અંગ્રેજી,ગણિત અને પર્યાવરણ વિષયના તાલીમ સાહિત્યની પ્રવૃત્તિઓ અને અભિગમને સમજી શિક્ષકો તેનું અનુકરણ અનુસરણ વર્ગખંડમાં કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે તો ચાલો રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 થકી નવી દિશાઓ અને ધ્યેયોની શાસક સાર્થકતા માટેના પ્રયાસો કરતાં રહીએ.

- **રીપોર્ટ – ધોરણ -6 થી 8 એમ.ટી. અને શિક્ષક તાલીમ**

Gujarat – Outcomes for Accelerated Learning (GOAL) પ્રોજેકટ અંતર્ગત (SOE) શાળા સહિત રાજ્યના શિક્ષકોની તાલીમની જરૂરિયાતને ધ્યાનમાં લઇ NAS- 2017 ગુણોત્સવ 2.Oના પરિણામો - તારણો એકમ અને સામયિક કસોટી (SAT) તેમજ ગુજરાત સ્ટેટ લેવલ એજ્યુમેન્ટ સર્વે (G-SLAS)ના પરિણામના આધારે કઠિન બિંદુઓને તારવણી કરી ધોરણ 6 થી 8માં ગણિત, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનની તાલીમ એમ.ટી. તાલીમ અને શિક્ષક તાલીમ યોજવાનું નક્કી થયેલ આ તાલીમ દર વર્ષે શિક્ષકે પોતાની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે CPD હેઠળ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ તાલીમની ભલામણ કરવામાં આવેલ છે જેમાં ઓનલાઇન 10 ક્લાક ફેસ ટુ ફેસ મોડમાં ઓછામાં ઓછી 15 ક્લાક પ્રથમ સત્રમાં અને આવી જ રીતે બીજા સત્રમાં લેવાની એ પ્રકારનું આયોજન GCERT દ્વારા કરવામાં આવેલ હતું. તાલીમ સાહિત્ય તૈયાર કરવા માટે GCERT અને Reach to Teach (NGO) દ્વારા તૈયાર કરવામાં આવેલ TEACHERS TRAINING NEEDS ASSESSMENT REPORT 2022-23 નોઉપયોગ કરવામાં આવેલ હતો. તાલીમ સાહિત્ય મોડ્યુલ સ્વરૂપે GCERT અને ડાયટ ફેકલ્ટીસ એસ.આર.જી. અને શિક્ષકોના માધ્યમથી વિકસાવવામાં આવેલ. આ તાલીમ સાહિત્યમાં વિષયવસ્તુ બાળકોને સરળતાથી તથા અસરકારક રીતે કેવી કેવી રીતે શીખવી શકાય તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો. શિક્ષકો વર્ગખંડમાં આ શૈક્ષણિક સામગ્રી દ્વારા વિદ્યાર્થીઓની વિષયવસ્તુ અંગેની સંકલ્પના સ્પષ્ટ થાય તે માટે વર્ગખંડમાં ઇનોવેટિવ પેડાગોજીનો ઉપયોગ કરે તાલીમ દરમિયાન તજજ્ઞશ્રીઓ તથા તાલીમાર્થીઓ અને બંને વિવિધ પ્રવૃત્તિઓ કરી સક્રિય રહે અને નવીન બાબતો શીખે તેવો પ્રયત્ન કરવામાં આવેલ હતા. રાજ્ય સ્તરેથી નિર્માણ થયેલ વિષયના ગણિત, ગુજરાતી, અંગ્રેજી,

હિન્દી, સંસ્કૃત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનની તાલીમ સાહિત્યની પ્રવૃત્તિઓ અને અભિગમને સમજી આપ સૌ તેનું અનુકરણ અનુસરણ વર્ગખંડમાં કરશો તેવી અપેક્ષા રાખવામાં આવી છે તો ચાલો રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 થકી નવી દિશાઓ અને ધ્યેયોની શાસક સાર્થકતા માટે પ્રયાસો કરતાં રહીએ.

- **રીપોર્ટ – ધોરણ -9 અને 10 એમ.ટી. અને શિક્ષક તાલીમ**

Gujarat – Outcomes for Accelerated Learning (GOAL) પ્રોજેકટ અંતર્ગત (SOE) શાળા સહિત રાજ્યના શિક્ષકોની તાલીમની જરૂરિયાતને ધ્યાનમાં લઇ NAS- 2017 ગુણોત્સવ 2.Oના પરિણામો - તારણો એકમ અને સામયિક કસોટી (SAT) તેમજ ગુજરાત સ્ટેટ લેવલ એજ્યુમેન્ટ સર્વે (G-SLAS)ના પરિણામના આધારે કઠિન બિંદુઓને તારવણી કરી ધોરણ 9 અને 10માં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી અને અંગ્રેજી વિષયની એમ.ટી. તાલીમ અને શિક્ષક તાલીમ યોજવાનું નક્કી થયેલ આ તાલીમ દર વર્ષે શિક્ષકે પોતાની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે CPD હેઠળ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ તાલીમની ભલામણ કરવામાં આવેલ છે જેમાં ઓનલાઇન 10 ક્લાક ફેસ ટુ ફેસ મોડમાં ઓછામાં ઓછી 15 ક્લાક પ્રથમ સત્રમાં અને આવી જ રીતે બીજા સત્રમાં લેવાની એ પ્રકારનું આયોજન GCERT દ્વારા કરવામાં આવેલ હતું. તાલીમ સાહિત્ય તૈયાર કરવા માટે GCERT અને Reach to Teach (NGO) દ્વારા તૈયાર કરવામાં આવેલ TEACHERS TRAINING NEEDS ASSESSMENT REPORT 2022-23 નોઉપયોગ કરવામાં આવેલ હતો. તાલીમ સાહિત્ય મોડ્યુલ સ્વરૂપે GCERT અને ડાયટ ફેકલ્ટીસ એસ.આર.જી. અને શિક્ષકોના માધ્યમથી વિકસાવવામાં આવેલ છે. આ તાલીમ સાહિત્યમાં વિષયવસ્તુ બાળકોને સરળતાથી તથા અસરકારક રીતે કેવી કેવી રીતે શીખવી શકાય તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષકો વર્ગખંડમાં આ શૈક્ષણિક સામગ્રી દ્વારા વિદ્યાર્થીઓની વિષયવસ્તુ અંગેની સંકલ્પના સ્પષ્ટ થાય તે માટે વર્ગખંડમાં ઇનોવેટિવ પેડાગોજીનો ઉપયોગ કરે તાલીમ દરમિયાન તજજ્ઞશ્રીઓ તથા તાલીમાર્થીઓ અને બંને વિવિધ પ્રવૃત્તિઓ કરી સક્રિય રહે અને નવીન બાબતો શીખે તેવો પ્રયત્ન કરવામાં આવેલ છે રાજ્ય સ્તરેથી નિર્માણ થયેલ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી

અને અંગ્રેજી વિષયના તાલીમ સાહિત્યની પ્રવૃત્તિઓ અને અભિગમને સમજી આપ સૌ તેનું અનુકરણ અનુસરણ વર્ગખંડમાં કરશો તેવી અપેક્ષા રાખવામાં આવી છે તો ચાલો રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 થકી નવી દિશાઓ અને ધ્યેયોની શાસક સાર્થકતા માટે પ્રયાસો કરતાં રહીએ.

- **રીપોર્ટ – Training and implementation of training impact tool Review meeting-**

શિક્ષકોને સમયાંતરે તાલીમ આપી કેપેસિટી બિલ્ડીંગ કરવામાં આવે તે જરૂરી છે રાજય સરકાર દ્વારા આ સમગ્ર કામગીરી જી.સી.ઈ.આર.ટી.- ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. Training and implementation of training impact tool Review meeting વર્ગનો હેતુ તાલીમની અસરકારકતા માપવા માટે ટૂલ ડેવલપ કરી રાજ્ય અને જિલ્લા કક્ષાએ યોજાતી વિવિધ તાલીમો અને શિક્ષક તાલીમમાં પણ આ ટૂલનો ઉપયોગ કરી શકાય તે માટે .આ તાલીમ વર્ગનું આયોજન જૂલાઈ માસમાં કરવામાં આવેલ હતું.સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ વિષયો,પેડગોજી,અભ્યાસક્ર,મૂલ્યાંકન તેમજ સર્વે આધારિત વિવિધ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને તાલીમનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે.તાલીમની અસરકારક્તા જાણવા માટે પૂર્વ કસોટી તેમજ ઉત્તર કસોટી આપવામાં આવે છે. જેના પરથી તાલીમ પ્રત્યેના અભિપ્રાયો મેળવવામાં આવે છે.તે માટે રાજ્યકક્ષાએથી તાલીમની અસરકારક્તા જાણવા માટે એક કોમન ફ્રોર્મેટ તૈયાર કરવામાં આવે તેમજ કોઈપણ તાલીમના મોનિટરિંગમાં પણ આ ફ્રોર્મ ઉપયોગી બને તે માટે આ તાલીમવર્ગમાં જી.સી.ઈ.આર.ટી.માંથી શ્રીઈકબાલભાઈ વ્હોરા,શ્રી ચંદ્રેશભાઈ પાલિયા અને પંકજભાઈ મિસ્ત્રી તેમજ વિવિધ ડાયેટમાંથી વ્યખાતાઓ મળીને વર્ગમાં કુલ 13 લાભાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. આ તાલીમની નીપજ એ હતી કે બધાએ સાથે મળી તાલીમના વિવિધ મોડને ધ્યાને લઈને ટૂલ બાબતે ચર્ચા કરી તાલીમનું ફ્રોરમેંટ આવશ્ક બાબતોને ધ્યાનમાં રાખીને ફ્રોર્મ તૈયાર કરવામાં આવેલ.

- **બાળમેળા અને લાઇફ સ્કિલ બાળમેળા વર્ષ 2024-2025 રાજકોટ અને મોરબી જિલ્લા કક્ષા અહેવાલ**

  રાજકોટ અને મોરબી જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, મહાનગર-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કેજીબીવી અને મોડેલ સ્કૂલમાં બાલવાટિકા અને ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળા તારીખ: 27/7/ 2024 ના રોજ અને ધોરણ:  6 થી 8 ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન તારીખ: 03/8/2024 દરમિયાન થયેલ. રાજકોટ અને મોરબી જિલ્લામાં બાળમેળા અને લાઇફ સ્કિલ બાળમેળાના યોજાઈ ગયા બાદ જિલ્લા કક્ષાનો અહેવાલ તૈયાર કરવા રાજકોટ અને મોરબી જિલ્લાના તમામ તાલુકાઓના બી.આર.સી.સી. પાસેથી તેમના તાલુકાઓની શાળાઓમાં થયેલા બાળમેળા અને લાઈફ સ્ટાઈલ બાળમેળાનો તાલુકા કક્ષાનો અહેવાલ, વિવિધ પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ, વિડીયો, મોનિટરિંગ પત્રકો, ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર વગેરે તમામ વિગતો મંગાવવામાં આવેલ હતી. જેના પરથી સંકલન કરી સમગ્ર રાજકોટ અને મોરબી જિલ્લાના બાળમેળા અને લાઈફ સ્કીલ બાળમેળાના અહેવાલ તૈયાર કરવામાં આવ્યા.

ટ્રેનીંગ પ્રોગ્રામ્સ ફોર ટીચર્સ, બીઆરસીસી, સીઆરસીસી, એસ.એમ.સી. વગેરે (CSSTE)

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જુલાઇ | વસતિ અને સાતત્ય પૂર્ણ વિકાસ | શિક્ષક | 1 | 1 | 40 | 17372 |
| 2 | જુલાઇ | શૈક્ષણિક નેતૃત્વ પ્રવૃત્તિ અને રમતો આધારિત કાર્યશાળા | શિક્ષક | 1 | 1 | 50 | 19582 |
| 3 | જુલાઇ | FLN અન્વયે શિક્ષકો માટે કોમ્પિટન્સી બેઇઝ્ડ કાર્યક્રમ | શિક્ષક | 1 | 1 | 50 | 23434 |
| 4 | જુલાઇ | જ્ઞાન સહાયક શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 1 | 9 | 412 | 170144 |
| 5 | ઓગસ્ટ | અધ્યયન નિષ્પતિ ઓરિએન્ટેશન કાર્યશાળા | શિક્ષક | 1 | 1 | 83 | 32289 |
| 6 | ઓગસ્ટ | SCF/FS અંતર્ગત ECCE સાહિત્ય લેખન કાર્યશાળા | શિક્ષક | 3 | 1 | 31 | 30771 |
| 7 | ઓગસ્ટ | 10 Bagless Day workshop, Rajkot | શિક્ષક | 1 | 1 | 49 | 20873 |
| 8 | સપ્ટેમ્બર | જૂથ સંશાધન ક્ષેત્રે સક્ષમ રિસોર્સીસ અને ગવર્નન્સ તાલીમ | સીઆરસીસી | 1 | 1 | 52 | 24000 |
| 9 | સપ્ટેમ્બર | ધોરણ 3 થી 8 પ્રથમ સત્ર પ્રશ્નપત્ર વર્કશોપ | શિક્ષક | 6 | 1 | 65 | 114165 |
| 10 | સપ્ટેમ્બર | ધોરણ 3 થી 8 પ્રથમ સત્ર પ્રશ્નપત્ર વર્કશોપ | શિક્ષક | 6 | 1 | 65 | 37187 |
| 11 | સપ્ટેમ્બર | બીઆરસી સંકલન બેઠક | બીઆરસી | 1 | 1 | 12 | 4960 |
| 12 | ઓક્ટોબર | ગુજરાતી ધોરણ 6 થી 8 અને ધોરણ 6 અને 7 અજ. પા.પુ. શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 22 | 855 | 753911 |
| 13 | નવેમ્બર | NAS 2024 જિલ્લા સંકલન બેઠક | ડીપીઈઓ, બીઆરસીસી, લેકચરર | 1 | 1 | 25 | 25806 |
| 14 | નવેમ્બર | સાયબર સિક્યુરિટી તાલીમ | આચાર્ય | 1 | 1 | 44 | 23724 |

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 15 | ડિસેમ્બર | વીરગાથા 4.0 મૂલ્યાંકન અને પુરસ્કાર | શિક્ષક | 2 | 1 | 10 | 18537 |
| 16 | જાન્યુઆરી | જિલ્લા કક્ષા વાર્તા સ્પર્ધા | શિક્ષક | 1 | 1 | 94 | 18006 |
| 17 | જાન્યુઆરી | સ્પર્ધાત્મક પરિક્ષા માર્ગદર્શન કાર્યશાળા | શિક્ષક | 1 | 1 | 49 | 26658 |
| 18 | જાન્યુઆરી | ક્રિયાત્મક સંશોધન કાર્યશાળા | શિક્ષક | 1 | 1 | 49 | 21848 |
| 19 | જાન્યુઆરી | NEP-2020 અન્વયે બાલવાટિકાના શિક્ષકો માટે રમકડાં નિર્માણ તાલીમ | શિક્ષક | 1 | 1 | 45 | 22404 |
| 20 | ફેબ્રુઆરી | SCF-FS ધોરણ 1-2 શિક્ષક તાલીમ | શિક્ષક | 1 | 1 | 59 | 59893 |
| 21 | ફેબ્રુઆરી | SCF-FS બાલવાટિકા શિક્ષક તાલીમ | શિક્ષક | 1 | 1 | 58 | 46891 |
| 22 | ફેબ્રુઆરી | ધોરણ 3 થી 8 દ્વિતીય સત્ર પ્રશ્નપત્ર વર્કશોપ | શિક્ષક | 6 | 2 | 78 | 299161 |
| 23 | માર્ચ | જેન્ડર સવેન્દલશીલતા તાલીમ | શિક્ષક | 1 | 1 | 101 | 22838 |
| 24 | માર્ચ | FLN અન્વયે ડીજીટલ કન્ટેટ નિર્માણ કાર્યશાળા | શિક્ષક | 2 | 1 | 17 | 16476 |
| 25 | માર્ચ | ICTના ઉપયોગથી શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા | શિક્ષક | 2 | 1 | 18 | 15341 |
| 26 | માર્ચ | જિલ્લા કક્ષા ઇકોકલબ ડોક્યુમેન્ટ વર્કશોપ | શિક્ષક | 2 | 1 | 18 | 14647 |
| 27 | માર્ચ | D.El.Ed. તાલીમાર્થી માટે ઇકોકલબ પ્રવૃત્તિ તાલીમી | તાલીમાર્થી | 1 | 2 | 104 | 26573 |
| | | | **કુલ** | **50** | **58** | **2533** | **1907491** |

# <u>સેવાકાલીન તાલીમ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ</u>

- **વસતી અને સાતત્યપૂર્ણ વિકાસ તાલીમ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા 11 જુલાઇ 2024 ના રોજ 'વસતી અને સાતત્યપૂર્ણ વિકાસ' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવા આવેલ હતો. જેનો મુખ્ય હેતુ વસતિ અને સાતત્યપૂર્ણ વિકાસ અને ગુણવત્તામય જીવનમાં શિક્ષકોની ભૂમિકા તથા વસતિના એક નાના એકમ તરીકે પ્રાથમિક શાળાના બાળકોમાં નાગરીકતા, મૂલ્યો અને રાષ્ટ્રભાવના જાગ્રત કરવાનો હતો. તાલીમમાં સમયપત્રક મુજબ ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ તથા ડબલ્યૂઇ શાખાના વ્યાખ્યાતા દિપાલીબેન વડગામાએ રમત, પ્રવૃત્તિ અને ચર્ચાના માધ્યમ થકી વસતી શિક્ષણ અર્થ, ક્ષેત્રો તથા વસતીની પ્રવર્તમાન સ્થિતિ, SDG – 17 ધ્યેયો અને તે અન્વયે વસતી શિક્ષણ જરૂરીયાત, વસતિ વધારાની અસરો તથા સાતત્યપૂર્ણ વિકાસમાં શિક્ષક અને શાળાની ભૂમિકાની સમજ પૂરી પાડી હતી. તાલીમના અંતે આપણે બધા વિશ્વના નાગરિક છીએ અને આપણા ગ્રહના ભાવિ માટે જવાબદાર છીએ, તેમજ તે રાજ્ય કે જેમાં આપણે તેને ભાવિ પેઢીઓ માટે છોડવાના સંકલ્પ સાથે 39 શિક્ષકો કટીબદ્ધ થયા હતા. પ્રસ્તુત તાલીમમાં CSSTE ગ્રાન્ટમાંથી 17372/- રૂપિયા ખર્ચ થયેલ હતો.

- **FLN competency-based Program તાલીમ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા 30 જુલાઇ 2024 ના રોજ 'FLN competency-based' તાલીમ કાર્યક્રમ યોજવા આવેલ હતો. જેનો મુખ્ય હેતુ નિપુણ ભારત યોજના, પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન, FLN કૌશલ્યો, ઘટકો તથા અધ્યયન નિષ્પત્તિઓ સાથે નિદાન અને વર્ગકાર્યની સમજ વિકસે અને શિક્ષણકાર્ય કરવાની ચોક્કસ દિશા મળે તે માટેનો હતો. તાલીમમાં ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ સાથે પ્રજ્ઞા અને નિપુણ ભારતના 03 SRG એ સમયપત્રક મુજબ તમામ મુદ્દાઓની વિગતે સમજ આપવામાં આવી હતી. TLM તથા સાહિત્યના નમૂના સાથે પ્રાયોગિક પદ્ધતિએ તાલીમ આપી હતી. આ તાલીમમાં લોઅર પ્રાયમરીમાંથી 46 શિક્ષકોએ લાભ લીધો હતો. GCERT ની તાલીમ શાખામાંથી શ્રી પંકજભાઇ મિસ્ત્રી તાલીમમાં ઉપસ્થિત રહીને શિક્ષકોને પ્રેરણા પૂરી પાડી હતી. તાલીમના અંતે રમત, પ્રવૃત્તિઓ દ્વારા competency Based learning ની સંકલ્પના સ્પષ્ટ થયાનો આનંદ તાલીમાર્થીઓએ વ્યક્ત કરેલ હતો. પ્રસ્તુત તાલીમમાં CSSTE ગ્રાન્ટમાંથી 23434/- રૂપિયા ખર્ચ થયેલ હતો. તાલીમમાં ઉપસ્થિત તમામ

શિક્ષકોને ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ દ્વારા તૈયાર કરેલ તાલીમ વિષયને કેન્દ્રિત મોડ્યુલ કીટમાં આપવામાં આવેલ હતું.

- **SCF/FS અંતર્ગત ECCE સાહિત્ય લેખન કાર્યશાળા**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા NCF/SCF FS (ફાઉન્ડેશનલ સ્ટેજ) ને કેન્દ્રિત કરીને ECCE અંતર્ગત અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને સહાયરૂપ સાહિત્ય તૈયાર કરવાના ત્રણ દિવસીય કાર્યશાળા યોજવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ ECCE 3-8 વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે તથા તેના શિક્ષકો માટે સાહિત્ય તૈયાર કરવાનો હતો. આ સાહિત્યમાં NEP 2020 ના પરિપ્રેક્ષમાં ECCE - પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ, SCF – FS (અભ્યાસક્રમ), SCF FS (અભ્યાસક્રમના ધ્યેયો) ગોલ, NCF FS માં અધ્યાપન માટે આયોજન તથા LO – નિદર્શન અને જૂથકાર્યને આવરી લેવામાં આવેલ છે. રમત દ્વારા શિક્ષણ, વાર્તા દ્વારા શિક્ષણ, નાટક દ્વારા શિક્ષણ, કલા દ્વારા શિક્ષણ અને સંગીત દ્વારા શિક્ષણ પદ્ધતિ મારફત LO ને કેન્દ્રિત કરીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા રજૂ કરવામાં આવી છે. આ સાહિત્ય નિર્માણમાં 25 શિક્ષકો અને 3 માર્ગદર્શક વ્યાખ્યાતાઓ જોડાયા હતા. LO ને લઇને રમત, કલા, વાર્તા, નાટક.... એમ અલગ-અલગ જૂથમાં સાહિત્ય લેખન કરવામાં આવેલ તેનું પ્રાયોગિક નિદર્શન જે-તે જૂથે કરીને રચેલ સાહિત્યની વર્ગખંડમાં યથાર્થ બનશે કે કેમ તેની ચકાસણી પણ કરી હતી.

- **ECCE CPD અન્વયે SCF-FS ધોરણ 1-2 માટે શિક્ષક તાલીમ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા 12/02/2025 થી 13/02/2025 ના રોજ 'SCF-FS ધોરણ 1-2 માટે શિક્ષક તાલીમ' યોજવા આવેલ હતી. જેનો મુખ્ય હેતુ SCF-FS માં સમાવિષ્ટ અભ્યાસક્રમ, મૂલ્યાંકન, મેટોડોલોજી અને પેડાગોજી તથા ધોરણ 1-2 માટે અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ વિશે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જાણકારી આપવાનો હતો. જે માટે ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ સાથે પ્રજ્ઞા અને નિપુણ ભારતના 03 SRG શિક્ષકો જોડાયા હતા. સમયપત્રક મુજબ તમામ મુદ્દાઓની વિગતે સમજ તજ્જ્ઞો દ્વારા આપવામાં આવી હતી. બે દિવસ દરમિયાન દ્વિ-ધ્રૂવીય સહભાગીતા પદ્ધતિએ તાલીમ ચાલી હતી. તાલીમના અંતે 61 લાભાર્થીઓએ રમત, પ્રવૃત્તિઓ દ્વારા SCF-FS માં સમાવિષ્ટ બાબતો સ્પષ્ટ થયાનો આનંદ વ્યક્ત કરેલ હતો. પ્રસ્તુત તાલીમમાં CSSTE ગ્રાન્ટમાંથી 59893 /-

રૂપિયા ખર્ચ થયેલ હતો. તાલીમમાં ઉપસ્થિત તમામ શિક્ષકોને ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ દ્વારા તૈયાર કરેલ તાલીમ વિષયને કેન્દ્રિત મોડ્યુલ કીટમાં આપવામાં આવેલ હતી.

- **ECCE CPD અન્વયે SCF-FS બાલવાટિકા શિક્ષક તાલીમ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા 14/02/2025 થી 15/02/2025 ના રોજ 'SCF-FS બાલવાટિકા માટે શિક્ષક તાલીમ' યોજવા આવેલ હતી. જેનો મુખ્ય હેતુ SCF-FS માં સમાવિષ્ટ અભ્યાસક્રમ, મૂલ્યાંકન, મેટોડોલોજી અને પેડાગોજી તથા બાલવાટિકા માટેની અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ વિશે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જાણકારી આપવાનો હતો. જે માટે ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ સાથે પ્રજ્ઞા અને નિપુણ ભારતના 03 SRG શિક્ષકો દ્વારા સમયપત્રકમાં આવરેલ તમામ મુદ્દાઓની  વિગતે સમજ આપવામાં આવી હતી. જોડાયા હતા. બે દિવસ દરમિયાન દ્વિ-ધ્રૂવીય સહભાગીતા પદ્ધતિએ તાલીમ ચાલી હતી. તાલીમના અંતે 60 લાભાર્થીઓએ રમત, પ્રવૃત્તિઓ દ્વારા SCF-FS માં સમાવિષ્ટ બાબતો સ્પષ્ટ થયાનો આનંદ વ્યક્ત કરેલ હતો. પ્રસ્તુત તાલીમમાં CSSTE ગ્રાન્ટમાંથી 46891/- રૂપિયા ખર્ચ થયેલ હતો. તાલીમમાં ઉપસ્થિત તમામ શિક્ષકોને ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ દ્વારા તૈયાર કરેલ તાલીમ વિષયને કેન્દ્રિત મોડ્યુલ કીટમાં આપવામાં આવેલ હતી.

- **વીરગાથા 4.0 – રાજકોટ**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય અને રક્ષા મંત્રાલય દ્વારા વીરગાથા 4.0 પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત MY Gov પોર્ટલ પર અપલોડ થયેલ ધોરણ 3 થી 12 ના તમામ શાળાના વિદ્યાર્થીઓની નિબંધ ફકરાનું લેખન, કવિતા, મલ્ટિમીડિયા પ્રેઝન્ટેશન-વિડિઓ અને પેઇન્ટિંગ્સ ડ્રોઇંગ કૃતિનું ઓનલાઇન મૂલ્યાંકન કરવા માટે બે દિવસીય કાર્યશાળા આયોજિત કરેલ હતી. જેમાં My Gov પોર્ટલ પર કૃતિઓનું ઓનલાઇન મૂલ્યાંકન કરવામાં આવેલ હતું. વીરગાથા 4.0 અંતર્ગત રાજકોટ જિલ્લા માટે દરેક કેટેગરીમાંથી શ્રેષ્ઠ 1 વિજેતા એમ કુલ ચાર વિજેતા જિલ્લા કક્ષાએ જાહેર કરવાના હતા અને તેઓને ઇનામ આપી પુરસ્કૃત કરવાના હતા. કેટેગરી દીઠ એક વિજેતાને રૂપિયા 3000/- લેખે ચાર વિજેતાને કુલ રૂપિયા 12000/- રૂા. ઇનામની રકમ ડાયટની સેવાકાલીન ગ્રાન્ટમાંથી નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

| વિભાગ (ધોરણ) | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીની સંસ્થા | વિદ્યાર્થીની પ્રવૃત્તિ | મુદ્દો |
|---|---|---|---|---|
| 3-5 | KHUSHBU NANKUBHAI MANSURI | Shri Akbari primary school no. 47, RMC, RAJKOT | POEM | Virgatha kavita |
| 6-8 | Munira Abbasbhai Vadwala | NOORANIYAH ENGLISH SCHOOL | MULTI MEDIA | DIL MANGE MORE |
| 9-10 | TWISHA MISTRY | ST. XAVIER\'S SCHOOL | Painting/Drawing | ROLE OF TRIBALS IN INDEPENDENCE |
| 11-12 | RIDHDHIBA RAMSINH JADEJA | SHRI G T SHETH VIDYALAYA (GUJ MED) | Essay | 1857 MUTINY HAS BEEN MARKED AS FIRST WAR OF INDIAN INDEPENDENCE |

- **જેન્ડર સંવેદનશીલતા તાલીમ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા 03-03-2025 ના રોજ '**જેન્ડર સંવેદનશીલતા**' અન્વયે એક દિવસીય તાલીમ યોજવામાં આવી હતી. જેમાં ડાયટ રાજકોટની 99 પ્રશિક્ષણાર્થી બહેનો લાભાર્થી તરીકે જોડાઇ હતી. તાલીમનો મુખ્ય ઉદ્દેશ જેન્ડર સંવેદનશીલતા અને તંદુરસ્ત દ્રષ્ટિકોણને વિકસાવવા તથા જેન્ડર સંવેદનશીલતા વિકસાવવામાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરવાનો હતો. તેમજ શાળાકક્ષાએ જેન્ડર સંવેદનશીલતા વિશે જાગૃતિ વધારવા, અનુરૂપ વાતાવરણ નિર્માણ કરવા ભાવિ શિક્ષકોને સક્ષમ બનાવવાનો હતો. આ માટે તાલીમમાં જેન્ડર સંવેદનશીલતાના સિદ્ધાંતો, મહત્વ અને પ્રવૃત્તિઓ, જેન્ડર સ્ટીરિયોટાઇપ્સ અને લિંગભેદની વિવિધ ક્ષેત્રોને અસર અન્વયે મુદ્દાઓ તથા પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી હતી. તાલીમનું સમગ્ર આયોજન સંચાલન ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણે કરેલ હતું તેમની સાથે SSAM Gender Dist Co. આરતીબેન લુંગાતર જોડાયા હતા. તાલીમમાં ઉપસ્થિત તમામ પ્રશિક્ષણાર્થીઓને ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ દ્વારા તૈયાર કરેલ તાલીમ વિષયને કેન્દ્રિત મોડ્યુલ કીટમાં આપવામાં આવેલ હતી.

- **જ્ઞાન સહાયક શિક્ષકોની ઓરીએન્ટેશન તાલીમ**

રાજકોટ અને મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નવ નિયુક્ત થયેલ જ્ઞાન સહાયક શિક્ષકો માટે એક દિવસીય ઓરીએન્ટેશન તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમનું આયોજન સપ્ટેમ્બર અને ઓગષ્ટ માસમાં કરવામાં આવેલ હતું. તાલીમમાં રાજકોટ અને મોરબી જિલ્લાના તમામ તાલુકાના અને રાજકોટ કોર્પોરેશનના મળી કુલ 622 જ્ઞાન સહાયક શિક્ષકો લાભાર્થી તરીકે ઉપસ્થિત રહ્યા હતા.આ જ્ઞાન સહાયક શિક્ષકોની ઓરીએન્ટેશન તાલીમ માટે કુલ -14 વર્ગોનું આયોજન કરવામાં આવેલ હતું. ડાયેટના વ્યાખ્યાતાશ્રીઓએ તાલીમમાં તજજ્ઞ તરીકે જોડાયા હતા. પ્રાર્થના,

તાલીમ રૂપરેખા, તજજ્ઞ પરિચય કરાવ્યા બાદ પ્રાચાર્યશ્રી ડૉ. એસ. એન. મહેતાએ GSQAC, ડો. પ્રશાંત અંબાસણા GCERT અને ડાયટનો પરિચય. ડૉ. નિશાત બાબીએ ઇનોવેશન, શ્રી પ્રજ્ઞાબેન રાદડીયાએ સંશોધન, GAS, NAS, SEAS, PISA, SCE, ડૉ. એચ. એચ. કાતડ દ્વારા NEP - 2020, ડૉ. ગંગાબેન વાઘેલા PM SHREE SCHOOL, દિપાલીબેન વડગામાએ વિજ્ઞાન ગણિત પ્રદર્શન, બાળમેળા, ICT, દીક્ષા પ્લેટફોર્મ વગેરે વિષય પર ચર્ચા કરી વિષયો અન્વયે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું આપેલ હતું.

- **ધોરણ -6 થી 8 પ્રથમ સત્ર ગુજરાતી ભાષા શિક્ષક તાલીમ –રાજકોટ**

ધોરણ-6 થી 8 ગુજરાતીની તાલીમનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષકો માટે સતત વ્યાવસાયિક સજ્જતાના ભાગરૂપે 50 કલાકની (Continuous Professional Development – CPD) ભલામણ કરવામાં આવેલ જે અંતર્ગત લર્નિંગઆઉટકમ, લર્નિંગ પેડાગોજીક્લ પ્રોસેસ, અભ્યાસબિંદુ તેમજ કઈ ઇનોવેટિવ પેડગોજીનો ઉપયોગ કરી શકાય તેની સમજ કેળવવાનો હતો એ આશયથી સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનમાં લાભાર્થી તરીકે કુલ 855 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.આ તાલીમવર્ગમાં શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃધ્ધિ થાય તેની સમજ આપવામાં આવી હતી. તાલીમની નિપજ એ હતી કે શિક્ષકો વર્ગખંડમાં વિષયવસ્તુ અંગેની સંકલ્પના સ્પષ્ટ કરી તેનું પરિણામ મેળવી શકે ,બાળકો વિચારતા થાય, તેમનામા પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય કેળવાય, ગોખણિયા અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ સાથેનું શિક્ષણ મેળવે તે માટે શિક્ષકની ક્ષમતામાં અભિવૃધ્ધિ કરવી આવશ્યક છે.

- **સંકલન બેઠક**

સંકલન બેઠક યોજવાંનો હેતુ બી.આર.સી.કો.સાથે આગામી તાલીમ સંદર્ભે ચર્ચા જેમાં, ધોરણ- 3 થી 5 શિક્ષક તાલીમ અને ધોરણ 6 થી 8 શિક્ષક તાલીમના આયોજન સંકલન અને ગ્રાન્ટ અને ખર્ચ બાબતે હતી, આ બેઠકનું આયોજન સપ્ટેમ્બર અને ફેબ્રુઆરી માસમાં કરવામાં આવેલ જેમાં રાજકોટ જિલ્લાના તમામ બી.આર.સી.કો.,રાજકોટ કોર્પોરેશનના ત્રણ ઝોનના યુ.આર.સી.કો અને ડાયટના લાયઝનશ્રીઓ અને વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહેલ આ બેઠક ડાયેટ – રાજકોટ ખાતે રાખેલ હતી. આ બેઠકની નીપજ એ હતી કે ધોરણ 3 થી 5 શિક્ષક તાલીમ અને ધોરણ 6 થી 8 શિક્ષક તાલીમના આયોજન બાબતે સમજૂતિ આપવામાં આવી હતી. આ ઉપરાંત તાલીમની તારીખો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તાલીમનું સૂચારું આયોજન કરી શકાય અને તાલીમ પેહલા અને તાલીમ બાદ કઈ કઈ બાબતોની ખાસ કાળજી રાખવી

અને એ સંદર્ભે પણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું. તાલીમ  પૂર્વે પૂર્વકસોટી અને તાલીમ બાદ પોસ્ટ ટેસ્ટ, તાલીમ વર્ગમાં તજજ્ઞ દ્વારા વધુમાં વધુ પ્રવુત્તિઓ થાય વર્ગખંડને સક્રિય રાખી શાળાના વર્ગખંડ સુધી તાલીમ પહોંચે એ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **PM SHRI શાળાના શિક્ષકો માટે સાયબર સિક્યોરિટી તાલીમ વર્ગ**

**સાયબર સિક્યોરિટી** તાલીમ વર્ગનો હેતુ રાજકોટ જિલ્લાના અને કેન્દ્રિય વિધ્યાલય  PM SHRI શાળાના શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ વર્ગનું આયોજન ઓક્ટોબર માસમાં કરવામાં આવેલ હતું. આ તાલીમ વર્ગમાં રાજકોટ જિલ્લામાં આવેલ તમામ શાળાઓમાંથી એક આચાર્ય અને એક શિક્ષક એમ કુલ -41 લાભાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. જેમાં સાયબર સિક્યોરિટી વિભાગમાંથી શ્રીજે.બી.ભટ્ટ –પોલિસ ઈન્સ્પેકટર, શ્રીપી.સી. સરતારા પોલિસ સબ ઈન્સ્પેકટર,શ્રીપી.જે.આહિર WPC, શ્રી મયુર કે.વીરડા પોલિસ હેડ કોન્સટેબલ રાજકોટ રેન્જમાંથી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સમાજના લોકો સાયબર ક્રાઈમનો કઈ રીતે ભોગ બને છે અને તેનાથી બચવાના ક્યા ઉપાયો હોય શકે એ અંગે વિગતે સમજૂતિ આપી હતી.  આ તાલીમની નીપજ એ હતી કે  પીએમશ્રી શાળામાંથી આવેલ  શિક્ષકો તાલીમ લીધા બાદ પોતાની શાળાના અન્ય શિક્ષકો અને  બાળકોમાં આ અંગે માહિતી આપી શકે.

- **શૈક્ષણિક નેતૃત્વ પ્રવૃત્તિ અને રમતો આધારિત કાર્યશાળા**

રાજકોટ જિલ્લાના શિક્ષકો વર્ગખંડમાં યોગ્ય રીતે શૈક્ષણિક કામગીરી કરી શકે અને તેમને પૂરક બને તે માટે શૈક્ષણિક રમતો અને પ્રવૃત્તિઓ માટે કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ. જુલાઇ માસમાં આયોજિત આ એક દિવસીય કાર્યશાળામાં કુલ 50 તાલીમાર્થીઓ હાજર રહેલ. આ તાલીમમાં તજજ્ઞ તરીકે ડૉ. જી. એફ. મહેતાએ સેવા આપેલ. જેમાં વર્ગખંડમાં શિક્ષણ કાર્ય દરમ્યાન કેવા પ્રકારની શૈક્ષણિક રમતો રમાડી શકાય તેમજ પ્રવૃત્તિઓ કરાવી શકાય તેની માહિતી આપવામાં આવેલ.

- **સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન કાર્યશાળા**

ડાયટ, રાજકોટ દ્વારા આયોજિત આ તાલીમમાં જિલ્લામાંથી ઉપસ્થિત આચાર્ય અને શિક્ષકોએ શાળા કક્ષાએ વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા અન્વયે અરજી કરે તેની સમજ ઓનલાઇન ફોર્મ દ્વારા મેળવવામાં આવી. અરજી કરતી વખતે કઇ-કઇ બાબતની કાળજી રાખવી પડે તેની પણ માહિતી મેળવી. શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણીનાં નિયમો, વિદ્યાર્થીની

લાયકાત, આવક મર્યાદા, પરીક્ષા ફી, પરીક્ષા ફી સ્વીકાર કેન્દ્ર, પ્રશ્નપત્રનો ઢાંચો અને તેના ગુણ, અભ્યાસક્રમ, કવોલીફાઇંગ ગુણ, પી.એચ. કેટેગરીનું વર્ગીકરણ, કસોટીનું માળખું વગેરે બાબતે માહિતી મેળવી શકયા. કસોટીમાં પૂછવામાં આવતાં પ્રશ્નોનાં સ્વરૂપની ચર્ચા કરવામાં આવી. જેમાં પ્રત્યેક પ્રકારનાં પ્રશ્નોનાં સ્વરૂપની ઉદાહરણ સહ સમજ આપવામાં આવી. જેમાં સમસંબંધ સમાનતા, વર્ગીકરણ, શબ્દ નિર્માણ, શબ્દોની તાર્કિક ગોઠવણી, પદાનુક્રમ ગોઠવણી, લોહીનો સંબંધ, દિશા અને અંતર, શ્રેણી, કુટલેખન અને કુટવાંચન, ઘડિયાળ, ગણસંબંધો દર્શાવતા વર્તુળ, વિધાનો અને તારણો, અશાબ્દિક કસોટી, ચોરસ, લંબચોરસ અને ત્રિકોણની ગણતરી અને પાસાં વગેરે મુદ્દાઓનાં સંદર્ભે વિસ્તૃત સમજ મેળવી  શકયા. આ ઉપરાંત જ્ઞાન સેતુ અને જ્ઞાન સાધના શિષ્યવુત્તિ પરીક્ષા અન્વયે પણ શિક્ષકોને માહિતગાર કરવામાં આવેલ. ફેબ્રુઆરી માસમાં આયોજિત એક દિવસીય આ તાલીમમાં શિક્ષકો સહિત કુલ 49  તાલીમાર્થીઓ હાજર રહેલ.

- **જૂથ સંશાધન ક્ષેત્રે સક્ષમ રીસોર્સીસ અને ગવર્નન્સ તાલીમ**

તાલુકા કક્ષાએ સીઆરસીસી દ્વારા પોતાની શાળાઓમાં સમયાંતરે વર્ગખંડ અવલોકન તેમજ શૈક્ષણિક માર્ગદર્શન આપવાનું હોય છે. જેમાં વર્ગખંડ મુલાકાત, વિદ્યાર્થીઓની નોટબુક અવલોકન, પરિણામ પત્રકની ચકાસણી, એકમ કસોટી, શિક્ષકો દ્વારા વર્ગખંડમાં તાલીમનો ઉપયોગ, આચાર્યને વહીવટી માર્ગદર્શન, ગુણોત્સવ અન્વયે માર્ગદર્શન વગેરે જેવા મુદ્દાઓ અન્વયે સીઆરસીસી સક્ષમ રીસોર્સીસ કેમ પૂરા પાડી શકે તે બાબતે એક દિવસીય તાલીમ ઓક્ટોબર માસમાં કરવામાં આવેલ. સીઆરસીસીને રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએથી વિવિધ તાલીમ સાહિત્ય આપવામાં આવતું હોય છે. આ સાહિત્યનો વિવિધ તબકકે વર્ગખંડમાં કેમ ઉપયોગ કરી શકાય તે બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં કુલ 52 તાલીમાર્થીઓ હાજર રહેલ. જેમાં તજજ્ઞ તરીકે ડૉ. જી. એફ. મહેતા તેમજ શાખાનાં અધ્યાપકશ્રીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

- **ધોરણ 3 થી 8 પ્રથમ અને દ્વિતીય સત્ર પ્રશ્નપત્ર નિર્માણ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા રાજકોટ જિલ્લા, મોરબી જિલ્લા, રાજકોટ કોર્પોરેશન, ઉપલેટા નગર પ્રાથમિક શિક્ષણ સમિતી અને જેતપુર નગર પ્રાથમિક શિક્ષણ સમિતી માટે બંને સત્રમાં ધોરણ 3 થી 8 માં આવતી પરીક્ષાઓમાટેના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવે છે. આ માટેની સત્રવાઈઝ બ્લ્યુ પ્રિન્ટ જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવે છે. જે તમામ વિષયની અધ્યયન નિષ્પતિ આધારિત જ હોય છે.

દરેક ધોરણ અને વિષયવાર નામના લિસ્ટ સાથે શિક્ષકોના આદેશ કરવામાં આવે છે અને તેમને આ કામગીરી સોંપવામાં આવે છે રાજકોટ જિલ્લામાં લોધિકા તાલુકામાં એક અંગ્રેજી માધ્યમની શાળા આવેલી છે. તેમના માટે અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવે છે. A, B અને C આ ત્રણ સેટમાં પેપર તૈયાર થાય છે જે પૈકી A અને B સેટ રાજકોટ જિલ્લા પંચાયત, મોરબી જિલ્લા પંચાયત, રાજકોટ નગર પ્રાથમિક સમિતિ, ઉપલેટા નગર પ્રાથમિક સમિતિ અને જેતપુર નગર પ્રાથમિક સમિતિને સીલબંધ કવરમાં પ્રાચાર્યશ્રીની હાજરીમાં સોંપવામાં આવે છે આ અંતર્ગત પ્રથમ સત્ર કાર્યશાળાનું આયોજન તા: 19/9/2024 થી 25/09/2024 દિવસ-6 કરવામાં આવ્યું હતું અને બીજા સત્રની કાર્યશાળાનું આયોજન તા:21/02/2025 થી તા:28/02/2025 દિવસ-6 દરમિયાન જિલ્લા શિક્ષણ અનેતાલીમ ભવન ખાતે કરવામાં આવેલ હતું.

- **અધ્યયન નિષ્પતિ ઓરીએન્ટેશન કાર્યશાળા**

SAT, PAT તેમજ NAS, GAS SEAS જેવા સર્વે તમામ અધ્યયન નિષ્પતિ આધારિત હોય છે અમુક અધ્યયન નિષ્પતિ હાર્ડ હોય છે તો અમુક સરળ હોય છે. અધ્યયન નિષ્પતિથી બધા પરિચિત છે જ પરંતુ અમુક વિષયોના પાઠ્યપુસ્તક બદલાયેલ હતી. સાથે સાથે તેની અધ્યયન નિષ્પતિમાં પણ બદલાવ આવેલ છે તો શિક્ષકો તેનાથી પરિચિત થાય અને વર્ગખંડમાં અધ્યયન નિષ્પતિ આધારિત સારામાં સારું શૈક્ષણિક કાર્ય કરી શકે તેવા ઉમદા હેતુથી આ કાર્યશાળાનું આયોજન તા: 02/08/2024 ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ધો. 6 થી 8ના કુલ 5 શિક્ષક જે પૈકી ભાષાના 1, અંગ્રેજીના 1, સામાજિક વિજ્ઞાનના 1, ગણિતના 1, વિજ્ઞાન અને ટેકનોલોજીના 1 અને ધો. 3 થી 5માં ભણાવતા 1 શિક્ષક એમ તાલુકાદીઠ કુલ 6 શિક્ષકને બોલાવામાં આવેલ જે પૈકી 66 શિક્ષકો કાર્યશાળામાં હાજર રહેલ હતા. અમારી સંસ્થાના અધ્યાપકશ્રી ડૉ. હમીરભાઈ કાતડ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક ડૉ. જી.એફ. મહેતા, શ્રી પારૂલબેન નકુમ, સી.આર.સી. ઢોલરા, તા: લોધિકા અને શ્રી ડોડીયા મીરાબેન, શાળા નં. 16, એમ.એસ.બી. એ તજજ્ઞ તરીકે કામગીરી કરેલ હતી.

- **NAS-2024 GCERT, DPEO, DEO, BRC CO. સાથે સંકલન બેઠક**

NAS (National Achievement Survey)-2024 સમગ્ર દેશમાં 4 ડિસેમ્બરના રોજ અમલી થવાનું હતું. આ રાષ્ટ્રીય સર્વેક્ષણની પૂર્વ તૈયારી સંદર્ભે એક સંકલન બેઠકનું આયોજન તા: 26/11/2024 ના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું. આ સંકલન બેઠકમાં રાજ્યમાંથી અધિકારી તરીકે જીસીઈઆરટી, ગાંધીનગરના રાજકોટ જિલ્લાના લાયઝનશ્રી ડૉ. ધ્રુવભાઈ પંડ્યા ઉપસ્થિત રહેલ. રાજ્યના અધિકારીશ્રી દ્વારા આપણા જિલ્લાની NAS (National Achievement Survey)-2024 ની પૂર્વ તૈયારી અંતર્ગત ચર્ચા કરીને વધુ સારી કામગીરી થઇ શકે તે માટે ગાઈડ કરવામાં આવેલ હતા. આપણા જિલ્લાની ગુણવત્તા સુધારણા સંદર્ભે આ સુંદર બેઠકનું આયોજન કરવામાં આવેલ જેમાં તમામ તાલુકાના બી.આર.સી.કો-ઓર્ડીનેટર અને તાલુકા લાયઝન અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

- **10 Bagless Day workshop, Rajkot**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં દશાવ્યાં અનુંસાર સ્થાનિક કૌશલોની જરૂરિયાતોને ધ્યાને રાખી દરેક વિદ્યાર્થી ધોરણ:6થી 8 દરિમયાન કેટલાક નમૂનારૂપ અગત્યના વ્યાવસાયિક કાર્યો જેવાં કે સુથારીકામ, ઈલેક્ટ્રીકકામ, ધાતુકામ, માળીકામ અને માટીકામ વગેરે...માટે સર્વેક્ષણ અને અનુભવજન્ય પ્રવૃત્તિઓ આનંદદાયી રીતે કરે. આ બાબતને ધ્યાને લઈ “10 Bagless days in schools”- કાયર્કમ દ્વારા ધોરણ: 6થી 8નાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના વ્યવસાયો પ્રત્યે અભિમુખ થાય અને દરેક વ્યવસાયને આદરભાવથી જૂએ- આવા હેતુઓને સિદ્ધ કરવાની ભલામણ NEP-2020માં કરવામાં આવી છે. શાળામાં આ કાર્યક્રમ કરવા માટે માર્ગદર્શન મળી રહે તે હેતુથી કાર્યાનુભવ શાખા દ્વારા તારીખ : 16/08/2024 ના રોજ એક દિવસીય 10 Bagless days વોર્ક્શોપ રાખવામાં આવ્યો હતો. જેમાં ડૉ. નિશાતબેન બાબી દ્વારા 10 Bagless days કાર્યક્રમના હેતુઓ સંકલ્પના સમજાવવામાં આવ્યા હતાં. દિપાલીબેન વડગામા દ્વારા શાળા કક્ષાએ 10 Bagless days અન્વયે કરવાની થતી પ્રવૃત્તિઓ અને તેનું આયોજન વગેરે બાબતે ચર્ચા કરી હતી. આ કાર્યશાળામાં રાજકોટ જિલ્લાના તમામ તાલુકામાંથી મળી 47 શિક્ષકો/આચાર્યો ઉપસ્થિત રહ્યા હતાં.

- **NEP -2020 અન્વયે બાલવાટિકાના શિક્ષકો માટે રમકડાં નિર્માણ વર્કશોપ**

National Education Policy 2020 અન્વયે Toy Pedagogy ને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકાના શિક્ષકો રમકડાં આધારિત શિક્ષણ કાર્ય કરાવી શકે તે માટે રમકડાં બનાવતા શીખે તે હેતુથી અભ્યાસક્રમ આધારિત રમકડાં નિર્માણ માટે તારીખ : તા. 24/01/2025 ના રોજ આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

રાજકોટ જિલ્લાના 41 શિક્ષકોએ ભાગ લીધો હતો. તજજ્ઞો દ્વારા તમામને વિવિધ રમકડાં જેમકે, સરકતો સાપ, ફરતો સૂરજ, હવામાં ઉડતી દડી, બલૂન, એરો શૂટર વગેરે અવનવા રમકડાં બનાવતા શીખવવામાં આવ્યા.

- **જિલ્લા કક્ષા ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ ડોક્યુમેન્ટેશન વર્કશોપ**

વર્ષ : 2024-25 દરમિયાન રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઇકોક્લબ પ્રવૃત્તિઓનું જિલ્લા કક્ષાનું ડોક્યુમેન્ટ તૈયાર કરવા તારીખ : 03/03/2025 થી 04/03/2025 દરમિયાન બે દિવસીય ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ ડોક્યુમેન્ટેશન વર્કશોપનું આયોજન ડાયેટ-રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઇકોક્લબ પ્રવૃત્તિઓનું ડોક્યુમેન્ટ અને ડોક્યુમેન્ટરી ફિલ્મ સારી રીતે તૈયાર થઇ શકે તે હેતુથી અગાઉ પરિપત્ર કરી રાજકોટ જિલ્લાના તમામ તાલુકા/એમ.એસ.બી. બી.આર.સી.સી./ યુ.આર.સી.સી. પાસેથી સી.આર.સી. દીઠ બેસ્ટ ઇકોક્લબ પ્રવૃત્તિ કરતી શાળાઓની માહિતી ચોક્કસ ફોરમેટમાં શાળા દ્વારા થયેલ ઇકોક્લબ પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ અને વિડીયો મંગાવવામાં આવ્યા હતા. આ રીતે પ્રાપ્ત થયેલ માહિતીનો ઉપયોગ કરી રાજકોટ જિલ્લાના અહેવાલ તૈયાર કરવા માટે 16 શિક્ષકો/સી.આર.સી.સી. ઉપસ્થિત રહ્યા હતા. વર્ગસંચાલકશ્રી દિપાલીબેન વડગામા દ્વારા જિલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ માટે માળખું તૈયાર કરવામાં આવ્યું અને તમામને તે મુજબ કામગીરીની વહેંચણી કરવામાં આવી. વર્કશોપના અંતે દિપાલીબેન વડગામા દ્વારા રાજકોટ ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ ડોક્યુમેન્ટને ચકાસણી કરી આખરી ઓપ આપવામાં આવ્યો.

- **D.El.Ed., તાલીમાર્થીઓ માટે ઇકોક્લબ પ્રવૃત્તિ તાલીમ**

ડાયેટ – રાજકોટમાં તાલીમ લઇ રહેલા DElEd પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિનો પરિચય મળે તે હેતુથી કાર્યાનુભવ શાખા દ્વારા તાલીમ યોજવામાં આવી હતી. તારીખ : 04/03/2025 ના રોજ એક દિવસીય તાલીમમાં DElEd ના પ્રથમ અને દ્વિતીય વર્ષના એમ બે વર્ગો યોજવામાં અવ્યા હતાં. બંને વર્ગનાં મળી કુલ 102 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. સૌ પ્રથમ ઇકોક્લબની સંકલ્પના, હેતુઓ, ઇકોક્લબ અન્વયે શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય આપવામાં આવ્યો. ત્યારબાદ તજજ્ઞો દ્વારા તાલીમાર્થીઓના જૂથ પાડી વિવિધ પ્રવૃત્તિઓ ડાયેટ કેમ્પસમાં નિદર્શન કરી શીખવી. જેમકે બાગાયત, સફાઈ, સુશોભન, વૃક્ષોને ગેરુ ચૂનો લગાવવા, ખાતર બનાવવું, સુવિચાર લેખન, નકામા કાગળનું એકત્રીકરણ, અક્ષયપાત્ર, કુંડા રંગવા વગેરે પ્રવૃત્તિઓ

તાલીમાર્થીઓ દ્વારા તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ કરી હતી. સિ. લેક્ચરર ડૉ. નિશાતબેન બાબી અને દિપાલીબેન વડગામા દ્વારા સમગ્ર તાલીમનું આયોજન અને માર્ગદર્શન આપવામાં સંચાલન કરવામાં આવ્યું હતું. આમ વિવિધતા સભર પ્રવૃત્તિઓ થકી તાલીમાર્થીઓને ઇકોક્લબનો પરિચય પૂરો પાડવામાં આવ્યો હતો.

- **FLN અન્વયે ડીજીટલ કન્ટેન્ટ નિર્માણ કાર્યશાળા**

FLN કાર્યક્રમ અંતર્ગત ભાષા અને ગણનનું ડીજીટલ સાહિત્ય સમગ્ર જિલ્લામાં શિક્ષકો ઉપયોગ કરી શકે તે હેતુથી તારીખ : 11/03/2025 થી તારીખ : 12/03/2025 દરમિયાન FLN અન્વયે ડીજીટલ કન્ટેન્ટ નિર્માણ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યશાળામાં ગુજરાતી અને ગણિત વિષય માટે **FLN** અન્વયે સાહિત્ય નિર્માણ કરી શકે તેમજ ICTના જાણકાર હોઈ તેવા 16 તજજ્ઞ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યશાળામાં લેક્ચરરશ્રી સોનલબેન ચૌહાણે શિક્ષકોને શાળાઓમાં FLN ગુજરાતી અને ગણિત માટે કેવા પ્રકારના સાહિત્યની આવશ્યકતા છે, તેનું માર્ગદર્શન આપ્યું ત્યાર બાદ આ સહિત્ય ક્યા ડીજીટલ સ્વરૂપમાં બનાવવું તેની ચર્ચા કરવામાં આવી. તમામ ચર્ચાના અંતે હાલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટ દ્વારા તૈયાર થયેલ ગુજરાતી વાંચનમાળાનું ફ્લીપ ઓડિયો બુક તેમજ આ જ સાહિત્યને વિડીયો પ્રેઝન્ટેશન સ્વરૂપે તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. તૈયાર થનાર ડીજીટલ કન્ટેન્ટને તજજ્ઞો દ્વારા સમિક્ષા કરી આગામી સમયમાં શાળાઓ માટે ઉપલબ્ધ કરાવાવાનું નક્કી કરવામાં આવ્યું.

- **ICT ના ઉપયોગથી શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા માટે સાહિત્ય નિર્માણ કાર્યશાળા**

સાંપ્રત સમયમાં વર્ગખંડ શિક્ષણમાં ટેકનોલોજીના વિવિધ આયામોનો ઉપયોગ આવશ્યક બન્યો છે. જ્ઞાનકુંજ ૩.૦ અમલ બાદ શાળાઓમાં ICT ના સાધનો પુરતા પ્રમાણમાં છે તેમજ મોટા ભાગની શાળાઓમાં ઇન્ટરેક્ટિવ પેનલ પણ ઉપલબ્ધ થયેલ છે. કેટલાયે શિક્ષકો પોતાના અધ્યાપન કાર્યને વધુ અસરકારક બનાવવા માટે વર્ગખંડમાં ICT નો ઉત્તમ ઉપયોગ કરી બાળકોને લાભાન્વિત કરી રહ્યા છે. પરંતુ સાંપ્રત સમયમાં ટેકનોલોજીમાં આવેલ નવા પ્રવાહો, વિવિધ શૈક્ષણિક એપ્લીકેશન, ICT નો ઉપયોગ કરી શાળાની કામગીરીમાં નાવીન્ય અને સરળીકરણ લાવી શકાય તેવી બાબતો શિક્ષકોને જાણવી જરૂરી છે. આ હેતુઓથી શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધે તે માટે આવા વિષયોને લઇ સાહિત્ય નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટે તારીખ : 11/03/2025 થી તારીખ : 12/03/2025 દરમિયાન આ બે દિવસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ જિલ્લાના ICTના નિષ્ણાંત શિક્ષકો/સી.આર.સી./બી.આર.સી.

ઉપસ્થિત રહ્યા. કાર્યશાળાના સંચાલક શ્રી દિપાલીબેન વડગામાએ તમામ તજજ્ઞોને સાહિત્ય નિર્માણનો મુખ્ય હેતુ અને સાહિત્યમાં સમાવવા યોગ્ય મુદ્દાઓથી વાકેફ કર્યા. ત્યાર બાદ તમામ તજજ્ઞો દ્વારા  શિક્ષકોને તેમની વ્યાવસાયિક સજ્જતામાં ઉપયોગી વિવિધ વિષયો વિચારી તેના પર લેખન કાર્ય કરવામાં આવ્યું. સાહિત્ય તૈયાર થયે આગામી સમયમાં આ મોડ્યુલનો ઉપયોગ કરી તાલીમનું આયોજન કરી શિક્ષકોને માહિતગાર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

**વર્ષ: 2024-25 દરમ્યાન યોજાયેલ ઇડીએન - 12 તાલીમ**

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમાર્થી ની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જુલાઇ | સંશોધન પેપર લેખન માર્ગદર્શન કાર્યશાળા, રાજકોટ | શિક્ષક | 1 | 1 | 60 | 24831 |
| 2 | જુલાઇ | ક્રિયાત્મક સંશોધન, રાજકોટ | શિક્ષક | 1 | 1 | 55 | 22362 |
| 3 | જુલાઇ | તાલીમ અસરકારકતા ચકાસણી ઉપકરણ સંરચના કાર્યશાળા | અધ્યાપક | 2 | 1 | 13 | 25884 |
| 4 | જુલાઇ | મિશન મોડ શાળા એક્રીડેશન વેરીફીકેશન કાર્ય, રાજકોટ | સ્કૂલ ઇન્સ્પેક્ટર | - | 1 | 42 | 38775 |
| 5 | ઓગસ્ટ | Std. 4 to 8 English first sem પ્રશ્નબેંક નિર્માણ | Lecturers, Teachers | 3 | 1 | 12 | 29040 |
| 6 | ઓગસ્ટ | Std. 4 to 8 English first sem પ્રશ્નબેંક સમીક્ષા | Lecturers, Teachers | 1 | 1 | 12 | 10651 |
| 7 | ઓગસ્ટ | ગણિત વિજ્ઞાન મંડળ, બાળવૈજ્ઞાનિક પ્રદર્શન, ઇન્સ્પાયર અન્વયે પ્રવૃત્તિ કાર્યશાળા | શિક્ષક | 2 | 1 | 53 | 45868 |
| 8 | ઓગસ્ટ | બાળવૈજ્ઞાનિક પ્રદર્શન સંકલન બેઠક, રાજકોટ | DEO, DPEO, Lecturers, TPEO, SVS Con, BRC | 1 | 1 | 40 | 17742 |
| 9 | સપ્ટેમ્બર | રિચર્ચ પેપર સિલેકશન કાર્યશાળા, રાજકોટ | શિક્ષક | 1 | 1 | 35 | 15221 |
| 10 | સપ્ટેમ્બર | ધોરણ 6 થી 8 વિજ્ઞાન એમટી તાલીમ | શિક્ષક | 1 | 1 | 50 | 46530 |
| 11 | સપ્ટેમ્બર | ધોરણ 6 થી 8 ગણિત એમટી તાલીમ | શિક્ષક | 1 | 1 | 49 | 59788 |
| 12 | સપ્ટેમ્બર | ધોરણ 6 થી 8 સામાજિક વિજ્ઞાન એમટી તાલીમ | શિક્ષક | 1 | 1 | 53 | 61760 |
| 13 | નવેમ્બર | અંગ્રેજી સેમેસ્ટર-2 પ્રશ્નબેંક વર્કશોપ | શિક્ષક | 3 | 1 | 12 | 38248 |

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમાર્થી ની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 14 | નવેમ્બર | રીસર્ચ એબસ્ટ્રેક અંગ્રેજી અનુવાદ વર્કશોપ | શિક્ષક | 5 | 1 | 17 | 24998 |
| 15 | નવેમ્બર | ધોરણ 3 થી 8 અંગ્રેજી પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા | શિક્ષક | 5 | 1 | 12 | 38248 |
| 16 | નવેમ્બર | સંસ્શોધન સારાંશ ટ્રાન્સલેશન કાર્યશાળા | શિક્ષક | 6 | 1 | 14 | 24998 |
| 17 | ડિસેમ્બર | બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પસંદિત કૃતિ માર્ગદર્શન કાર્યશાળા | શિક્ષક | 1 | | 1 | 10977 |
| 18 | જાન્યુઆરી | ધોરણ 9 અને 10 ગણિત વિજ્ઞાન તાલીમ | શિક્ષક | 2 | 2 | 79 | 50207 |
| 19 | જાન્યુઆરી | જિલ્લા કક્ષા ઇકોકલબ શાળાકીય પ્રવૃત્તિ તાલીમ અને એક્સપોઝર વિઝીટ | શિક્ષક | 1 | 2 | 48 | 39343 |
| 20 | ફેબ્રુઆરી | બીઆરસી સંકલન બેઠક | બીઆરસી | 1 | 1 | 27 | 7675 |
| 21 | ફેબ્રુઆરી | ધોરણ 3 થી 5 અંગ્રેજી એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 58 | 48433 |
| 22 | ફેબ્રુઆરી | ધોરણ 3 થી 5 પર્યાવરણ એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 55 | 27366 |
| 23 | ફેબ્રુઆરી | ધોરણ 6 થી 8 ગણિત એમટી તાલીમ | શિક્ષક | 1 | 1 | 56 | 46282 |
| 24 | ફેબ્રુઆરી | ધોરણ 6 થી 8 સંસ્કૃત એમટી તાલીમ | શિક્ષક | 1 | 1 | 56 | 26698 |
| 25 | ફેબ્રુઆરી | બાળમેલા અને લાઇફ સ્કીલ બાળમેળા ડોક્યુમેન્ટેશન નિર્માણ કાર્યશાળા-રાજકોટ | શિક્ષક | 3 | 1 | 18 | 31662 |
| 26 | ફેબ્રુઆરી | ધોરણ 3 થી 5 ગણિત એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 49 | 47494 |
| 27 | ફેબ્રુઆરી | ધોરણ 3 થી 5 હિન્દી એમટી તાલીમ | શિક્ષક | 1 | 1 | 51 | 28805 |
| 28 | ફેબ્રુઆરી | ધોરણ 6 થી 8 ગુજરાતી એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 52 | 50334 |

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમાર્થી ની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 29 | ફેબ્રુઆરી | ધોરણ 6 થી 8 હિન્દી એમટી તાલીમ | શિક્ષક | 1 | 1 | 53 | 33499 |
| 30 | ફેબ્રુઆરી | ધોરણ 6 થી 8 સા.વિ. એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 51 | 54211 |
| 31 | ફેબ્રુઆરી | ધોરણ 6 થી 8 વિજ્ઞાન એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 52 | 52672 |
| 32 | ફેબ્રુઆરી | ધોરણ 6 થી 8 અંગ્રજી એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 56 | 50267 |
| 33 | ફેબ્રુઆરી | ધોરણ 3 થી 5 ગુજરાતી એમટી તાલીમ | શિક્ષક | 2 | 1 | 56 | 61866 |
| | | | કુલ | **62** | **34** | **1347** | **1192735** |

## <u>ઇડીએન – 12 તાલીમ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ</u>

- **IMPECT ASSESMENT TOOLS DEVELOPMENT TRAINING**

IMPECT ASSESMENT TOOLS DEVELOPMENT TRAINING વર્ગનો હેતુ તાલીમની અસરકારકતા માપવા માટે ટૂલ ડેવલપ કરી રાજ્ય અને જિલ્લા કક્ષાએ યોજાતી વિવિધ તાલીમો અને શિક્ષક તાલીમમાં પણ આ ટૂલનો ઉપયોગ કરી શકાય તે માટે .આ તાલીમ વર્ગનું આયોજન જૂલાઈ માસમાં કરવામાં આવેલ હતું. આ તાલીમ જી.સી.ઈ.આર.ટી.માંથી શ્રીઈકબાલભાઈ વ્હોરા,શ્રી ચંદ્રેશભાઈ પાલિયા અને પંકજભાઈ મિસ્ત્રી તેમજ વિવિધ ડાયેટમાંથી વ્યખાતાઓ મળીને વર્ગમાં કુલ 13 લાભાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. આ તાલીમની નીપજ એ હતી કે બધાએ સાથે મળી તાલીમના વિવિધ મોડને ધ્યાને લઈને ટૂલ બાબતે ચર્ચા કરી અને ટૂલને અસરકારક્તા માપવા માટે બનાવવામાં આવેલ હતું.

- **ધોરણ -3 થી 5 એમ.ટી. તાલીમ વર્ગ**

ધોરણ-3થી 5અંગ્રેજી,પર્યાવરણ,ગણિત ગુજરાતી, હિન્દી ધોરણ -5 અજમાયશી પાઠ્યપુસ્તક એમ.ટી.તાલીમનો હેતુ લર્નિંગ આઉટકમ, લર્નિંગ પેડાગોજીકલ પ્રોસેસ તેમજ અધ્યયન નિષ્પતિ આધારિત એકમની સમજ કેળવવાનો હતો એ આશયથી સપ્ટેમ્બર માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનના કુલ-303 શિક્ષકો,સી.આર.સી.કૉ.,હેડટીચર લાભાર્થી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તાલીમવર્ગમાં તમામ વિષયોનું ઇનોવેટિવ પેડગોજી આધારિત શિક્ષણકાર્ય કેવી રીતે કરશો તેની સમજ આપવામાં આવી હતી. આ તાલીમ વર્ગોની નિપજ એ હતી કે માસ્ટર ટ્રેનર્સ શિક્ષક તાલીમ વખતે વધુમાં વધુ અધ્યયન અનુભવો પૂરા પડી શકે અને તેમની સમજ શિક્ષક સુધી પહોંચે તે હતી.

- **ધોરણ -6 થી 8 એમ.ટી. તાલીમ વર્ગ**

ધોરણ-6 થી 8 અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને સામાજિક વિજ્ઞાન એમ.ટી.તાલીમનો હેતુ લર્નિંગ આઉટકમ, લર્નિંગ પેડાગોજીકલ પ્રોસેસ તેમજ અધ્યયન નિષ્પતિ આધારિત એકમની સમજ કેળવવાનો હતો એ આશયથી સપ્ટેમ્બર માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનના કુલ- 342 શિક્ષકો,સી.આર.સી.કૉ.,હેડટીચર લાભાર્થી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તાલીમવર્ગમાં તમામ વિષયોનું ઇનોવેટિવ પેડગોજી આધારિત શિક્ષણકાર્ય કેવી રીતે કરશો તેની સમજ આપવામાં આવી હતી. આ તાલીમ વર્ગોની નિપજ એ હતી કે માસ્ટર ટ્રેનર્સ શિક્ષક તાલીમ વખતે વધુમાં વધુ અધ્યયન અનુભવો પૂરા પડી શકે અને તેમની સમજ શિક્ષક સુધી પહોંચે તે હતી.

- **ધોરણ- 9 અને 10 ગણિત,વિજ્ઞાન,ગુજરાતી,અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન એમ.ટી.તાલીમ વર્ગ**

ધોરણ-9 અને 10 ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજીઅને સામાજિક વિજ્ઞાન એમ.ટી.તાલીમવર્ગનો હેતુ તાલીમનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષકો માટે સતત વ્યાવસાયિક સજ્જતાના ભાગરૂપે 50 કલાકની (Continuous Professional Development – CPD) ભલામણ કરવામાં આવેલ લર્નિંગ આઉટકમ,લર્નિંગ પેડાગોજીકલ પ્રોસેસ, અભ્યાસબિંદુ આમ અધ્યયન નિષ્પત્તિ  આધારિત એકમની સમજ કેળવવાનો હતો આ તાલીમવર્ગનું આયોજન.સપ્ટેમ્બર માસમાં કરવામાં આવ્યું હતું જેમાં લાભાર્થી તરીકે શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં રાજકોટ  જિલ્લાના. -કુલ 45 રાજકોટ શિક્ષકોઉપસ્થિત રહ્યા હતાલાભાર્થીઓને ભૌતિક અને રાસાયણિક કે જીવવિજ્ઞાન જેવા વિભાગોમાં  . સમાવિષ્ટ વ્યાખ્યાઓ,નિયમો,સૂત્રો અને પ્રયોગોની વિગતે સમજૂતી આપવામાં આવેલ હતી તેમજ વિવિધ વિષયો વિષે વિગતે ઇનોવેટિવ પેડગોજીની સમજૂતિ આપવામાં આવેલ હતી.  આ તાલીમની નિપજ એ હતી કે .માસ્ટર ટ્રેનર્સ શિક્ષક તાલીમ વખતે વધુમાં વધુ અધ્યયન અનુભવો પૂરા પડી શકે અને તેમની સમજ શિક્ષક સુધી પહોંચે તે હતી. વિદ્યાર્થીઓ જાતે પ્રવૃતિઓ દ્વારા જ્ઞાનનું સર્જન કરે તેમજ સત્યાર્થ શકાશે અને વ્યવહારુ જીવનમાં ઉપયોગી થાય .

- **ધોરણ -3 થી 5 અંગ્રેજી, પર્યાવરણ, ગુજરાતી એમ.ટી. તાલીમ વર્ગ**

ધોરણ -3 થી 5 અંગ્રેજી, પર્યાવરણ, ગુજરાતી એમ.ટી.તાલીમનો હેતુ લર્નિંગ આઉટકમ, લર્નિંગ પેડાગોજીકલ પ્રોસેસ તેમજ અધ્યયન નિષ્પતિ આધારિત એકમની સમજ કેળવવાનો હતો એ આશયથી ફેબ્રુઆરી માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનના કુલ-153 શિક્ષકો,સી.આર.સી.કૉ.,હેડટીચર લાભાર્થી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તાલીમવર્ગમાં તમામ વિષયોનું ઇનોવેટિવ પેડગોજી આધારિત શિક્ષણકાર્ય કેવી રીતે કરશો તેની સમજ આપવામાં આવી હતી. આ તાલીમ વર્ગોની નિપજ એ હતી કે માસ્ટર ટ્રેનર્સ શિક્ષક તાલીમ વખતે વધુમાં વધુ અધ્યયન અનુભવો પૂરા પડી શકે અને તેમની સમજ શિક્ષક સુધી પહોંચે તે હતી

- **ધોરણ -6 થી 8 અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત,સંસ્કૃત એમ.ટી. તાલીમ વર્ગ**

ધોરણ-6 થી 8 અંગ્રેજી,વિજ્ઞાન,ગણિત,અને સંસ્કૃત એમ.ટી.તાલીમનો હેતુ લર્નિંગ આઉટકમ, લર્નિંગ પેડાગોજીકલ પ્રોસેસ તેમજ અધ્યયન નિષ્પતિ આધારિત એકમની સમજ કેળવવાનો હતો એ આશયથી ફેબ્રુઆરી માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનના કુલ- 199 શિક્ષકો,સી.આર.સી.કૉ.,હેડટીચર લાભાર્થી તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

તાલીમવર્ગમાં તમામ વિષયોનું ઇનોવેટિવ પેડગોજી આધારિત શિક્ષણકાર્ય કેવી રીતે કરશો તેની સમજ આપવામાં આવી હતી. આ તાલીમ વર્ગોની નિપજ એ હતી કે માસ્ટર ટ્રેનર્સ શિક્ષક તાલીમ વખતે વધુમાં વધુ અધ્યયન અનુભવો પૂરા પડી શકે અને તેમની સમજ શિક્ષક સુધી પહોંચે તે હતી. DLI-6 અંતર્ગત વિદ્યાર્થીઓનું ICT બેઇઝ્ડ એસેસમેન્ટ કરવા માટે ડાયટ રાજકોટ દ્વારા તા 14/7/2023 થી 16/7/2023 દરમિયાન ધો. 6 થી 8 અંગ્રેજી વિષય પ્રથમ સત્ર અને કઠિન અધ્યયન નિષ્પતિ રીલેટેડ MCQ આધારિત HOT પ્રકારના પ્રશ્નો ડાયટના અંગ્રેજી વિષયના અધ્યાપક ભાવનાબેન નકુમ દ્વારા તૈયાર કરવામાં આવેલ હતા.

- **ક્રિયાત્મક સંશોધન માર્ગદર્શન**

સંશોધન ક્ષેત્રમાં શિક્ષકોને પ્રોત્સાહન મળે, વર્ગખંડ ગુણવત્તા અભિવૃદ્ધિ માટે સંશોધન દ્રષ્ટિની ખીલવણી થાય તેમજ શિક્ષકો પોતાની શાળા, ધોરણ, વિષય અને વર્ગખંડને લગતા પ્રશ્નો અને સમસ્યાઓ અનુભવતા હોય છે. તો તેના માટે તે શું કરી શકાય તે ધ્યાનમાં રાખીને તેઓ પોતાની શાળા કક્ષાએ ક્રિયાત્મક સંશોધન કરી શકે તે માટે તેમને માર્ગદર્શન આપવાના હેતુસર તેમજ તેઓ દ્વારા આ વર્ષના ક્રિયાત્મક સંશોધન થાય તે માટે તેઓને અનુદાન આપવાના ખાસ હેતુસર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સંશોધન શાખા દ્વારા ક્રિયાત્મક સંશોધન માર્ગદર્શન કાર્યશાળાનું આયોજન રાજકોટ જિલ્લા માટે તા:29/07/2024નાં કરવામાં આવેલ હતું. છે તેમજ રાજકોટ જિલ્લાના 50 શિક્ષકો પાસે ક્રિયાત્મક સંશોધન કરાવવાના હેતુસર તા: 23/01/2025 ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ડૉ. જી.એફ.મહેતા, નિવૃત્ત શિક્ષક સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ, રાજકોટ, ડૉ. હમીરભાઈ કાતડ, લેક્ચરર, ડાયટ, રાજકોટ અને ડૉ. પ્રશાંત અંબાસણા, લેક્ચરર, ડાયટ, રાજકોટ દ્વારા તજજ્ઞની કામગીરી કરવાં આવેલ હતી.

- **Abstract English Translation Writing Workshop**

GCERT Gandhinagarની સૂચના અન્વયે વર્ષ: 2018-19 TO 2022-23 એમ 5 વર્ષના સંશોધન સારાંશનું અંગ્રેજીમાં ટ્રાન્સલેશન કરીને મોકલવાનું હતું તે માટે તા: 25/11/2024 to 29/11/2024 દિવસ-5 જિલ્લા શિક્ષણ અને રાજકોટ ખાતે અંગ્રેજી વિષય અને સંશોધનના જાણકાર એવા શિક્ષકોની આ કાર્ય કરવા માટે આદેશ કરવામાં આવેલ હતો. કાર્યશાળામાં 424 પેઈઝનું એક સરસ ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું. આ કાર્યશાળામાં ડૉ. પ્રશાંતભાઈ અંબાસણા અને ડાયટમાં

ચાલી રહેલ વી.એસ.કે.માં કામ કરતા અંગ્રેજી વિષયના એસ.આર.જી. શ્રી તુષારભાઈ કાનાણીએ તજજ્ઞ તરીકે કામ કરેલ હતું.

- **રીસર્ચ પેપર માર્ગદર્શન કાર્યશાળા**

સંશોધન ક્ષેત્રમાં સંશોધન પેપર રજૂ કરનાર શિક્ષકોને પ્રોત્સાહન મળે, વર્ગખંડ ગુણવત્તા અભિવૃદ્ધિ માટે સંશોધન દ્રષ્ટિની ખીલવણી થાય તેમજ સંશોધન પત્રો રજૂ કરવા શિક્ષકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી જીસીઈઆરટી-ગાંધીનગર દ્વારા વર્ષ 2023-24 થી જિલ્લા કક્ષાએથી રીસર્ચ પેપર માર્ગદર્શન અને પ્રેઝેન્ટેશન કોન્ફરન્સનું આયોજન શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ તે માટે પ્રથમ જિલ્લા કક્ષાએ રીસર્ચ પેપર ગાઇડન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. રીસર્ચ પેપર તૈયાર કરવા માટેની થીમ જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા જ આપવામાં આવેલ હતી. આ કાર્યશાળામાં દરેક શિક્ષકને રીસર્ચ પેપર કઈ રીતે તૈયાર કરી શકાય, કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ? તે અન્વયે તેઓને માર્ગદર્શન ડૉ.અનિલભાઈ અંબાસણા, નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટ દ્વારા આપવામાં આવ્યુ હતું. રાજકોટ જિલ્લા કક્ષા રીસર્ચ પેપર ગાઈડન્સ કાર્યશાળાનું આયોજન તા:26/07/2024 ના રોજ ડાયટ રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

- **રીસર્ચ પેપર પ્રેઝેન્ટેશન**

રાજકોટ અને મોરબી જિલ્લામાં થયેલ રીસર્ચ પેપર ગાઇડન્સ વર્કશોપ બાદ જેઓએ આપવામાં આવેલ થીમ મુજબ પેપર તૈયાર કરેલ તેઓ પાસે મંગાવવામાં આવેલ હતા.રાજકોટ જિલ્લામાંથી કુલ 21 શિક્ષકો અને ભાગ લીધેલ હતો. જે પૈકી જિલ્લાદીઠ પસંદિત 5 રીસર્ચ પેપર સુરેન્દ્રનગર ઝોન કક્ષાએ મોકલવામાં આવેલ હતા. તે પૈકી નીચે મુજબ રાજકોટ જિલ્લામાંથી 1 પેપર રાજ્ય કક્ષા માટે પસંદ થયેલ હતા. જેઓએ STTI ગાંધીનગર ખાતે પેપર પ્રેઝેન્ટ કરેલ હતું.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળાનું નામ | મોબાઈલ નંબર | જિલ્લો | તાલુકો |
|---|---|---|---|---|---|
| 1 | ડૉ. હિરેન સી. પિત્રોડા | સી.આર.સી.,વાજડીગઢ | 9722500197 | રાજકોટ | રાજકોટ |

- **ધો. 4 થી 8 સામયિક કસોટી અન્વયે અંગ્રેજી વિષય પ્રશ્નબેંક નિર્માણ સત્ર-૧ અને સત્ર-૨**

સામાયિક મૂલ્યાંકન અંતર્ગત જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા અંગ્રેજી વિષયની પ્રશ્નબેંક તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવેલ હતી. તે અન્વયે પ્રથમ સત્રની તા: 12/08/2024 to 14/08/2024 દિવસ-3 આ પ્રશ્નબેંક તૈયાર

કરવામાં આવેલ હતી અને તા: 20/08/2024 ના રોજ તેની સમીક્ષા કરીને પી.ડી.એફ. અને વર્ડ ફાઈલમાં કી સાથે મેઈલ કરવામાં આવેલ હતો. આ કાર્યશાળામાં અંગ્રેજી વિષયના SRG રાજકોટ, મોરબી, જામનગર અને અમરેલી જિલ્લામાંથી પસંદ કરીને બોલાવવામાં આવેલ હતા. જામનગર ડાયટના અંગ્રેજી વિષયના અધ્યાપકશ્રી ડૉ. દિપેશભાઈ આસોદરીયા અને રાજકોટ ડાયટના અંગ્રેજી વિષયના અધ્યાપક શ્રી ભાવનાબેન નકુમે તજજ્ઞ તરીકે ભૂમિકા આપેલ હતી. બીજા સત્રમાં પણ ધો. 4 થી 8 અંગ્રેજી વિષયની પ્રશ્નબેંક તૈયાર કરવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ દ્વારા આયોજન 21/11/2024 TO 23/11/2024_કરવામાં આવ્યું હતું. અને તા: 25/11/2024 ના રોજ સમીક્ષા કરીને પી.ડી.એફ. અને વર્ડ ફાઈલમાં કી સાથે મેઈલ કરવામાં આવેલ હતો.

- **ગણિત વિજ્ઞાન મંડળ, ઈન્સ્પાયર એવોર્ડ માનક, વિજ્ઞાન ગણિત પ્રદર્શન અન્વયે પ્રવૃત્તિ કાર્યશાળા** શાળા કક્ષાએ શિક્ષકો દ્વારા વિજ્ઞાન અને ગણિત વિષયનું શિક્ષણ રસપ્રદ બને તેમજ શિક્ષકો શાળામાં ગણિત અને વિજ્ઞાન મંડળ, Department of Science and technology તથા National Innovation Foundation દ્વારા ચાલતી ઈન્સ્પાયર એવોર્ડ માનાક સ્કીમ, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનો વગેરે પ્રવૃત્તિમાં સહભાગી થાય તે હેતુ થી આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. તા. 13/08/2024 તા. 14/08/2024 ના રોજ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યશાળા રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે યોજવામાં આવેલ જેમાં વિજ્ઞાન ગણિત વિષયના 50 શિક્ષકોએ ભાગ લીધો હતો. તાલીમના પ્રથમ દિવસે રીજીયોનલ સાયન્સ સેન્ટરના સાયન્ટીસ દ્વારા મશીન એન્જીન્યરીંગ, રોબોટીક્સ, સિરેમીક્સ, લાઈફ સાયન્સ વગેરે ગેલેરીની મુલાકાત સાથે વિવિધ પ્રવૃત્તિઓની ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી. તાલીમના બીજા દિવસે દિપાલીબેન વડગામા દ્વારા ઈન્સ્પાયર એવોર્ડ માનાક સ્કીમની વિગતવાર માહિતી આપી તેમજ શાળા એ રજીસ્ટ્રેશન કેવી રીતે કરવું ? નોમિનેશન કેવી રીતે કરવું ? વગેરે તમામ બાબતોની સમજ આપવામાં આવી. આ ઉપરાંત શાળાને રજીસ્ટ્રેશન કે નોમિનેશન કરતી વખતે આવતી સમસ્યાઓના સમાધાન બાબતે પણ સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત રોકેટ મેકિંગ એક્ટીવીટી, ઇલેક્ટ્રોનીક્સ, ફ્લાવર ડીસેક્સન, વગેરે પ્રવૃત્તિઓ તમામ તાલીમાર્થીઓને કરાવવામાં આવી. છેલ્લા સેસનમાં તજજ્ઞો દ્વારા આધુનિક  ટેલીસ્કોપની રચનાં અને કાર્યપદ્ધતિ સમજાવી તેનું નિદર્શન પણ કરાવવામાં આવ્યું.

- **બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન– 2024-25 (વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન)સંકલન બેઠક**

તારીખ : 31/08/2024 ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટ ખાતે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન– 2024-25 (વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન) ના આયોજન અને અમલીકરણ માટે માર્ગદાર્શન હેતુ રાજકોટ જિલ્લા માટેની સંકલન બેઠક યોજવામાં આવેલ હતી. આ બેઠકમાં રાજકોટ જિલ્લાના તમામ તાલુકાના ટી.પી.ઈ.ઓ., બી.આર.સી.સી., તમામ શાળા વિકાસ સંકુલના કન્વીનરશ્રીઓ તેમજ કેળવણી નિરિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા. આ સંકલન બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દિક્ષિત પટેલ, રાજકોટ જિલ્લા શાસનાધિકારીશ્રી કિરીટસિંહ પરમાર, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અશોકભાઈ વાણવી તેમજ ડાયેટ પ્રાચાર્યાશ્રી ડૉ. સંજયભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતાં. ડાયેટ રાજકોટના કાર્યાનુભવ શાખાના વ્યાખ્યાતા અને વિજ્ઞાન સલાહકારશ્રી દિપાલીબેન વડગામા દ્વારા સમગ્ર બેઠકનું સંચાલન કરવામાં આવ્યુ. આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનના મુખ્ય અને પેટા વિષયો, તમામ કક્ષાના પ્રદર્શનો માટેની ગ્રાન્ટ તેમજ આયોજનનો સમયગાળો વગેરે બાબતનું પ્રેઝન્ટેશન રજુ કર્યું. પ્રાચાર્યશ્રી ડૉ. એસ. એન. મહેતા દ્વારા વિજ્ઞાન પ્રદર્શન સંદર્ભે સી.આર.સી કક્ષા થી લઇ નેશનલ કક્ષા સુધીની પસંદગી પ્રક્રિયા વિષે માર્ગદર્શન આપી સી.આર.સી., બી.આર.સી. અને સંકુલ કક્ષાના પ્રદર્શનો અસરકારક રીતે યોજાય, યોગ્ય મૂલ્યાંકન થાય અને માહિતીનું સંકલન થાય તે માટે આયોજન અને અમલિકરણ કરવા સૂચના આપવામાં આવી. તેમજ તમામ કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં શિક્ષકો દ્વારા બાળકોને માર્ગદર્શિત કરવા અને વધુને વધુ સારી કૃતિઓ બાળકો દ્વારા પ્રદર્શિત થાય તે રીતે આયોજન કરવા જણાવ્યું. તમામની ઉપસ્થિતિમાં સી.આર.સી., બી.આર.સી. અને એસ.વી.એસ. કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનોની સંભવિત તારીખ નક્કી કરી તેમજ જિલ્લા કક્ષાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિજ્ઞાન પ્રદર્શનોના આયોજન અને અમલીકરણ માટે પ્રદર્શન કન્વીનર તરીકેની કામગીરી સોપવા માટે ચર્ચા કરવામાં આવી.

- **બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન – 2024-25 માટે પસંદિત કૃતિઓને માર્ગદર્શન કાર્યશાળા**

રાજકોટ અને મોરબી જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પૂર્ણ થતા તેમાંથી વિભાગવાર પસંદ થયેલી કૃતિઓને ઝોન કક્ષાના પ્રદર્શનમાં ભાગ લેવાનો હોય છે. જે સંદર્ભે રાજકોટ જિલ્લામાંથી પ્રાથમિક અને માધ્યમિક વિભાગની પસંદિત કૃતિને રજૂ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળે તે હેતુથી રાજકોટ અને મોરબી બંને જિલ્લા માટે કાર્યશાળાનું આયોજન તારીખ : 23/12/2024 ના રોજ ડાયેટ – રાજકોટ ખાતે કરવામાં આવ્યુ. જેમાં રાજકોટ જિલ્લામાંથી પસંદિત

કૃતિના શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળી 23 પાર્ટીસીપન્ટસ પોતાની કૃતિ સાથે ઉપસ્થિત રહ્યા હતા. દિપાલીબેન વડગામા દ્વારા તમામને કાર્યશાળાના હેતુઓ અને કામગીરી, શિક્ષકોએ કૃતિવાર આપવાની થતી માહિતી, એપ્રાઈઝલ ફોર્મ વગેરે બાબત જણાવી અને તજજ્ઞ પરિચય આપ્યો અને બંને વર્ગનું સમગ્ર સંચાલન કર્યું. પ્રાચાર્યશ્રી ડૉ. સંજયભાઈ એન. મહેતાએ તમામ પાર્ટીસીપન્ટસને વિવિધ સ્તરના પ્રદર્શનોમાંથી પસાર થઈ ઝોન માટે પસંદ થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં આવા પ્રદર્શનોમાં રજૂ થતી તમામ કૃતિઓ નિહાળવા અને તેમાંથી નવું જાણવા અને શીખવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો. તજજ્ઞશ્રીઓ ડૉ. જી.એફ. મહેતા, ગૌતમભાઈ લિંબડીયા, મિનેશભાઇ મેઘાણી દ્વારા તમામની કૃતિ વિગતવાર જોવામાં આવી તેમજ તેમાં શું સુધારા કરવા, કેવી રીતે રજૂઆત કરવી, દરેકમાં કયા સિદ્ધાંત સમાવિષ્ટ છે, તેવી ઝીણવટભરી ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

- **જિલ્લા કક્ષા ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ શિક્ષક તાલીમ અને એક્સપોઝર વિઝીટ**

પર્યાવરણ જતન, સંવર્ધન અને સંરક્ષણ પ્રત્યે બાળકો જાગૃત થાય તે હેતુથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઇકોક્લબ પ્રવૃત્તિ ચાલે છે. શાળામાં ચાલતી ઇકોક્લબ અંતર્ગત કેવી પ્રવૃત્તિઓ થઇ રહી છે, તેના રીવ્યુ અને આગામી વર્ષમાં કેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય તેનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. તમામ તાલુકામાંથી મળી કુલ 44 શિક્ષકો ઉપસ્થિત રહ્યા. પ્રથમ દિવસે તારીખ : 16/01/2025ના રોજ આ તાલીમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – તરઘડીયા ખાતે યોજવામાં આવી. સાયન્ટીસ તજજ્ઞશ્રી ડો. જે.એચ.ચૌધરીએ પ્રાકૃતિક ખેતીની વિસ્તુત માહિતી આપી અને જીવામૃતની નિદર્શન દ્વરા સંપૂર્ણ સમજ આપી. જ્યારે ડો.જી.વી.મારવીયા દ્વારા મિલેટસ, શ્રી વી.ડી.વોરા સાહેબે કમ્પોસ્ટ ખાતર, શ્રીમતી હેતલબેન પડસુંબીયાએ કિચન ગાર્ડનિંગ વગેરે વિષય પર ઊંડાણપૂર્વક જ્ઞાન આપ્યું. મુખ્ય સૂકી ખેતી સંશોધન કેન્દ્રની ફિલ્ડ વિઝીટ દરમિયાન સીનીયર સાયન્ટીસ ડો. ડી.એસ. હીરપરા એ સંસ્થા દ્વારા થતા સંશોધનો, કૃષિ માટે આવશ્યકતા, પ્રાદેશિક વાતાવરણની અસરો વગેરે બાબતોથી વાકેફ કર્યા. ફિલ્ડ વિઝીટ દરમિયાન વેધર સ્ટેશનનાં તમામ સાધનોની માહિતી, વેધર બ્રોડકાસ્ટ, જમીનની ચકાસણી માટે નમૂનો લેવાની પદ્ધતિ, વર્મીકમ્પોસ્ટ બેડ વગેરે નિદર્શન કરવામાં આવ્યું હતું. તારીખ : 17/01/2025ના રોજ ઇકોક્લબ પ્રવૃત્તિ અન્વયે શ્રેષ્ઠ કામગીરી કરતી રાજકોટ કોર્પોરેશનની પી.એમ.શ્રી વિનોબા ભાવે શાળા નં 93 ની એક્સપોઝર વિઝીટ દરમિયાન સિ લેક્ચરરશ્રી નીશાતબેન બાબી દ્વારા તાલીમાર્થીઓને ઇકોક્લબ અંતર્ગત પપેટ શો તૈયાર કરાવવામાં આવ્યો અને તેની

રજૂઆત થઇ. શાળાના આચાર્યશ્રી વનીતાબેન રાઠોડ તેમજ સ્ટાફ દ્વાર શાળામાં ચાલતી ઇકોક્લબની તમામ પ્રવૃતિઓ, શાળાબાગ, સ્વચ્છતા, કમ્પોસ્ટ પીટ, વેસ્ટમાંથી બેસ્ટ, સીડ બેંક ઇકો પ્રોજેક્ટ્સ વગેરે તમામનું નિદર્શન કરાવી ખૂબ સુંદર માહિતી આપી. બીજા સેશનમાં તમામ તાલીમાર્થીઓ દ્વારા તેમની શાળાના અહેવાલ રજુ કરવામાં આવ્યા. તજજ્ઞશ્રી વિજયભાઈ મોધાવાડીયા દ્વારા શાળામાં બિન ખર્ચાળ ઇકોક્લબ પ્રવૃત્તિ કેવી રીતે હાથ ધરવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. દિપાલીબેન વડગામા દ્વારા કાર્બન ફૂટ પ્રિન્ટ વિષય પર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું. પોસ્ટ ટેસ્ટ પ્રતિભાવો અને આભાર બાદ તમામને તેમની શાળામાં વાવવા માટે ગુલાબના છોડ આપી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

- **જિલ્લા કક્ષા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા ડોક્યુમેન્ટ નિર્માણ કાર્યશાળા રાજકોટ અને મોરબી**

તારીખ 22/01/2025 થી 24/01/2025 દરમિયાન દિવસીય બાળમેળા અને લાઇફસ્કીલ મેળા ડોક્યુમેન્ટ નિર્માણ કાર્યશાળાનું આયોજન ડાયેટ-રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા વર્ષ : 2024-25 દરમિયાન રાજકોટ અને મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ બાળમેળા અને લાઇફસ્કીલ મેળા પ્રવૃત્તિઓનું જિલ્લા કક્ષાનું ડોક્યુમેન્ટ તૈયાર કરવા યોજવામાં આવી હટતી. રાજકોટ અને મોરબી જિલ્લાના તમામ તાલુકા/એમ.એસ.બી. ની  પ્રાથમિક શાળાઓમાં થયેલ બાળમેળા અને લાઇફસ્કીલ મેળાના ફોટોગ્રાફ્સ અને વિડીયો મંગાવવામાં આવ્યા હતા. રાજકોટના 16 અને મોરબીના 8 તજજ્ઞ શિક્ષકો/સી.આર.સી.સી. એ સમગ્ર માહિતીનું સંકલન કરી રાજકોટ અને મોરબી જિલ્લાના અહેવાલ તૈયાર કર્યા હતાં

- **બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025**

જીસીઇઆરટી – ગાંધીનગરના માર્ગદર્શન અને સૂચના અનુસાર ધોરણ: 1 થી 5 ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ: 6થી 8ના વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત મેળાનું આયોજન કરવા માટે વર્ષ **2024-2025** ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020મા ભલામણ કરી છે કે કલા ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે તમામ શાળાઓમાં ધોરણ  1 થી 5 ના વિધાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધોરણ 6 થી 8 ના વિધાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાની સૂચના જીસીઇઆરટી – ગાંધીનગર દ્વારા આપવામાં આવી. ડાયેટ- રાજકોટની કાર્યાનુભવ શાખા દ્વારા બાળમેળા અને

લાઇફસ્કીલ મેળા વર્ષ **2024-2025** ના અમલીકરણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. જે અન્વયે રાજકોટ તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, મહાનગર-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કેજીબીવી અને મોડેલ સ્કૂલમાં બાલવાટિકા અને ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળા તારીખ: 27/7/ 2024 ના રોજ અને ધોરણ:  6 થી 8 ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન તારીખ: 03/8/2024 ના કરવા જણાવવામાં આવ્યું હતું. બાળમેળા અને લાઇફ સ્કીલ યોજવા માટેની ગ્રાન્ટ ડાયેટ – રાજકોટ દ્વારા તમામ શાળાઓને તેમના એસ.એમ.સી. એકાઉન્ટમાં ઓનલાઈન ચૂકવવામાં આવી હતી. રાજકોટ જિલ્લાની તાલુકાવાર શાળાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા આધારિત ગ્રાન્ટ ફાળવણીની માહિતી નીચે મુજબ છે.

- **બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળા 2024 -25,**

| No | તાલુકા | વિદ્યાર્થીની સંખ્યાના આધારે કુલ શાળાઓ | | | | | | | | | | | | | | તાલુકા દીઠ શાળાની કુલ સંખ્યા | કુલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 to 100 | | 101 to 200 | | 201 to 400 | | 401 to 600 | | 601 to 800 | | 801 to 1000 | | 1001 to વધુ | | | |
| | | શાળાની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 840 | શાળાની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1040 | શાળાની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1240 | શાળાની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1430 | શાળાની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1630 | શાળાની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1830 | શાળાની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 2230 | | |
| 1 | ધોરાજી | 12 | 10080 | 21 | 21840 | 15 | 18600 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 48 | 50520 |
| 2 | ગોંડલ | 41 | 34440 | 65 | 67600 | 10 | 12400 | 2 | 2860 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 118 | 117300 |
| 3 | જામકંડોરણા | 31 | 26040 | 21 | 21840 | 4 | 4960 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 56 | 52840 |
| 4 | જસદણ | 38 | 31920 | 46 | 47840 | 31 | 38440 | 3 | 4290 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 118 | 122490 |
| 5 | જેતપુર | 24 | 20160 | 28 | 29120 | 18 | 22320 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 70 | 71600 |
| 6 | કોટડાસાંગાણી | 16 | 13440 | 27 | 28080 | 7 | 8680 | 2 | 2860 | 2 | 3260 | 0 | 0 | 0 | 0 | 54 | 56320 |
| 7 | લોધિકા | 15 | 12600 | 19 | 19760 | 6 | 7440 | 2 | 2860 | 2 | 3260 | 0 | 0 | 0 | 0 | 44 | 45920 |
| 8 | પડધરી | 43 | 36120 | 29 | 30160 | 8 | 9920 | 1 | 1430 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 81 | 77630 |
| 9 | રાજકોટ | 33 | 27720 | 55 | 57200 | 32 | 39680 | 8 | 11440 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 128 | 136040 |
| 10 | વિંછિયા | 23 | 19320 | 26 | 27040 | 35 | 43400 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 84 | 89760 |
| 11 | ઉપલેટા | 31 | 26040 | 31 | 32240 | 17 | 21080 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 79 | 79360 |
| 12 | MSB | 8 | 6720 | 25 | 26000 | 28 | 34720 | 19 | 27170 | 6 | 9780 | 7 | 12810 | 0 | 0 | 93 | 117200 |
| ***કુલ*** | | ***315*** | ***264600*** | ***393*** | ***408720*** | ***211*** | ***261640*** | ***37*** | ***52910*** | ***10*** | ***16300*** | ***7*** | ***12810*** | ***0*** | ***0*** | ***973*** | ***1016980*** |

- **બાળમેળા અને લાઇફ સ્કિલ બાળમેળા વર્ષ 2024-2025 રાજકોટ અને મોરબી જિલ્લા કક્ષા અહેવાલ**

  રાજકોટ અને મોરબી જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, મહાનગર-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કેજીબીવી અને મોડેલ સ્કૂલમાં બાલવાટિકા અને ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળા તારીખ 27/7/ 2024 ના રોજ અને ધોરણ: 6 થી 8 ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન તારીખ 03/8/2024 દરમિયાન થયેલ. રાજકોટ અને મોરબી જિલ્લામાં બાળમેળા અને લાઇફ સ્કિલ બાળમેળાના યોજાઈ ગયા બાદ જિલ્લા કક્ષાનો અહેવાલ તૈયાર કરવા રાજકોટ અને મોરબી જિલ્લાના તમામ તાલુકાઓના બી.આર.સી.સી. પાસેથી તેમના તાલુકાઓની શાળાઓમાં થયેલા બાળમેળા અને લાઈફ સ્ટાઈલ બાળમેળાનો તાલુકા કક્ષાનો અહેવાલ, વિવિધ પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ, વિડીયો, મોનિટરિંગ પત્રકો, ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર વગેરે તમામ વિગતો મંગાવવામાં આવેલ હતી. જેના પરથી સંકલન કરી સમગ્ર રાજકોટ અને મોરબી જિલ્લાના બાળમેળા અને લાઈફ સ્કીલ બાળમેળાના અહેવાલ તૈયાર કરવામાં આવ્યા.

- **બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન** -2024-25

  NCERT ન્યુ દિલ્હી દ્વારા દર વર્ષે બાળકો શિક્ષકો અને સામાન્ય લોકોમાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે બાળકો માટે રાષ્ટ્રીય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન ચોક્કસ થીમ-પેટા વિષયોને લઈને કરવામાં આવે છે. NCERT ન્યુ દિલ્હી દ્વારા નવેમ્બર-2024માં આયોજિત થનાર રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શનીની તૈયારીનો પ્રથમ તબક્કો જિલ્લા કક્ષાએ આયોજિત થતા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનોથી શરૂ થાય છે. જીસીઈઆરટી-ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા માળખા મુજબ CRC/BRC/SVS/જિલ્લાકક્ષા/ઝોનકક્ષા અને રાજ્યકક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનો ક્રમશઃ યોજાય છે. આ સમગ્ર આયોજન માટે માર્ગદર્શન તેમજ અનુદાન પણ જીસીઈઆરટી-ગાંધીનગર દ્વારા જ આપવામાં આવે છે. વર્ષ 2024-25ના દરેક તબક્કાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનોના મુખ્ય વિષય અને પેટા વિષયો આ મુજબ હતાં.

  મુખ્ય વિષય : ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી " Science and Technology for Sustainable Future "

  પેટા વિષયો :

1. ખોરાક આરોગ્ય અને સફાઈ Food, Health and Hygiene
2. પરિવહન અને પ્રત્યાયન Transport and Communication

3. પ્રાકૃતિક ખેતી Natural farming

4. ગાણિતિક મોડેલ અને ગણાનાત્મક ચિંતન Mathematical Modelling and Computational Thinking

5. A. આપત્તિ વ્યવસ્થાપન Disaster Management

5. B. કચરાનું વ્યવસ્થાપન અને સંસાધાનોનું વ્યાવસ્થાપન Waste Management -Resource Management

રાજકોટ અને મોરબી જિલ્લાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન ઓગષ્ટ- 2024 થી ડિસેમ્બર – ૨૦૨૪ દરમિયાન કરવામા આવ્યું હતું. જે અન્વયે CRC/BRC/SVS કક્ષાથી લઈ રાજકોટ અને મોરબી જિલ્લાકક્ષાના મળી કુલ 221 પ્રદર્શનો થયા જેમાં આશરે 2661 કૃતિઓ પ્રદર્શિત થઈ હતી. રાજકોટ અને મોરબી જિલ્લાના જિલ્લા કક્ષાના પ્રદર્શનોના આયોજન નીચે મુજબ થયેલ હતા.

| ક્રમ | જિલ્લો | પ્રદર્શનનો વિભાગ | પ્રદર્શન સ્થળ | તારીખ | જિલ્લાકક્ષાના પ્રદર્શન કન્વીનર |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | પ્રાથમિક | ભગવતસિંહજી પ્રાથમિક શાળા, બાપુના બાવલા ચોક, ઉપલેટા. | 9-10-11 ડિસેમ્બર-2024 | વિજયભાઈ ગજેરા<br>બી.આર.સી.સી. ઉપલેટા |
| ૨ | રાજકોટ | માધ્યમિક | ક્રિસ્ટલ એકેડેમી,<br>ધોરાજી – જામકંડોરણા રોડ, ધોરાજી. | 10-11-12 ડિસેમ્બર-2024 | મહેશભાઈ મકવાણા કન્વીનરશ્રી, મહર્ષિ દધીચિ શાળા વિકાસ સંકુલ, ધોરાજી |
| ૩ | મોરબી | પ્રાથમિક | લાઈફ લીંકસ વિદ્યાલય (પ્રેરણા શૈક્ષણિક સંકુલ), ટંકારા-લતીપર રોડ, કલ્યાણપર, તા. ટંકારા, જિ. મોરબી. | 12-13-14 ડિસેમ્બર-2024 | કલ્પેશભાઈ ફેફર<br>બી.આર.સી.સી.- ટંકારા |
| ૪ | મોરબી | માધ્યમિક | | | ભાવેશભાઈ જીવાણી<br>કન્વીનર, મહર્ષિ દયાનંદ શાળા વિકાસ સંકુલ, ટંકારા |

મોરબી અને રાજકોટ જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક/ઉ.મા. વિભાગના જિલ્લાકક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પ્રદર્શનના અંતે નિર્ણાયકો દ્વારા પસંદ થયેલ 20 કૃતિઓ આગળના તબક્કામાં ડાયેટ – સુરેન્દ્રનગર દ્વારા આયોજિત ઝોન કક્ષાના ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં રજૂ થઈ હતી.

રાજકોટ અને મોરબી જિલ્લાની આ 20 કૃતિના રજૂકર્તા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકો દ્વારા ખૂબ ઉત્તમ રીતે પોતાની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપે ઝોન કક્ષાએથી રાજકોટ જિલ્લાની પ્રાથમિક વિભાગની 4 અને મોરબી જિલ્લાની માધ્યમિક વિભાગની 5 મળી કુલ 9 કૃતિઓ રાજ્ય કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પ્રદર્શન માટે પસંદગી પામી હતી. રાજ્યકક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન -2024-25 તારીખ: 02/02/2025 થી તારીખ : 05/02/2025 દરમિયાન શ્રીમદ રાજચંદ્ર ગુરુકુળ, કરંજવેરી, તા. ધરમપુર, જિ. વલસાડ ખાતે યોજાયું હતું. જેમા આ 5 કૃતિના રજૂકર્તા વિદ્યાર્થીઓ

અને માર્ગદર્શક શિક્ષકોએ રાજકોટ અને મોરબી જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું. જેમાંથી રાજકોટ જિલ્લાની 1. ગુંદાળા જામ પ્રાથમિક શાળા – જસદણની કૃતિ SAVE EARTH FOR BIOTIC HEALTH 2. શ્રી નારણકા પ્રા. શાળા, કોટડાસાંગાણીની કૃતિ આધુનિક ખીલો, અને VIDHYA VIHAR HIGH SCHOOL-ATKOT તા. જસદણની કૃતિ ASSISTANT OF THE FARMER રાષ્ટ્રીય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન માટે નોમીનેટ થઇ છે, જે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ અને સમગ્ર જિલ્લાના શિક્ષણ પરિવાર માટે ગર્વની વાત છે. રાજકોટ અને મોરબી જિલ્લાના તમામ સ્તરના વિજ્ઞાન પ્રદર્શનો માટે સંકલન બેઠકનું આયોજન, ગ્રાન્ટ ફાળવણી, માર્ગદર્શન વર્કશોપ, પ્રદર્શનોના આયોજન અને અમલીકરણ, કૃતિના મૂલ્યાંકન અને મોનીટરીંગ વગેરે કામગીરી ડાયેટ –રાજકોટના વિજ્ઞાન સલાહકાર શ્રી દિપાલીબેન વડગામા દ્વારા સુપેરે કરવામાં આવી. CRC/BRC/SVS કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનોના સુચારુ આયોજનમાં તમામ CRCC, તાલુકા BRCC, કોર્પોરેશન ઝોનના URCC, SVS કન્વીનર્સ તેમજ જિલ્લા કક્ષાના પ્રદર્શનોના કન્વીનરશ્રીઓનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો. તમામ સ્તરે પ્રદર્શિત થતી કૃતિઓના મૂલ્યાંકનની કપરી કામગીરીમાં વિજ્ઞાન-ગણિત વિષયના નિષ્ણાંત શિક્ષકો, કોલેજના અધ્યાપકો તેમજ લોક વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞોના જ્ઞાનનો લાભ મળ્યો. વિજ્ઞાન પ્રદર્શનો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ માટે ઉપયોગી બની રહે અને ખરા અર્થમાં વિજ્ઞાન પ્રદર્શનોના હેતુઓ સિદ્ધ થાય તે માટે બંને જિલ્લાના શિક્ષણાધિકારીઓશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓશ્રીઓ, શાસનાધિકારીશ્રી તેમજ ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ. સંજયભાઈ મહેતાએ માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# પ્રાથમિક અને માધ્યમિક/ઉ.મા. વિભાગ
## ઝોન કક્ષા માટે પસંદ થયેલી કૃતિની વિગતો

| કક્ષા | વિભાગ | શાળાનું નામ | કૃતિનું નામ | શિક્ષકનું નામ | વિદ્યાર્થીના નામ |
|---|---|---|---|---|---|
| પ્રાથમિક વિભાગ | 1 | શ્રી ડૉ. સર્વપલ્લી રાધાક્રિશ્નન પ્રાથમિક શાળા નં. ૬૩ રાજકોટ MSB સેન્ટર ઝોન | રેઈન પ્રોટેક્ટેડ વોશિંગ ક્લોથ | વિવેકભાઈ પી. પંચોલી | પ્રિયાંશુ સિનોજાભાઈ ગુપ્તા<br>નવસાદ નૂરમહમદભાઈ ઈદ્રીસી |
| | 2 | રાજપરા તાલુકા શાળા, કોટડાસાંગાણી | EV રોડ | વિશાલભાઈ વી. મોડા | વિવેક પી. યાદવ<br>જેનિશ આર. કુમરખાણિયા |
| | 3 | ગુંદાળા(જામ) પ્રા શાળા, તા. જસદણ | SAVE EARTH FOR BIOTIC HEALTH | અદિતિબેન કે. દેશાણી | બંસી એન. જાપડા<br>નવ્યા જે. ઈટોલિયા |
| | 4 | પ્રાથમિક શાળા નં. ૮૯ રાજકોટ MSB વેસ્ટ ઝોન | ગણિતની સરળ સમજ અને વ્યવહારિક ઉપયોગ | રાજેશભાઈ વી. ગડારા | માધવ ભરતભાઈ બાટીયા<br>સુમન ગુલઝારભાઈ જેસાણી |
| | 5 | શ્રી નારણકા પ્રા. શાળા, તા. કોટડાસાંગાણી | આધુનિક ખીલો | શ્રીકાંતભાઈ સી. આસોદરીયા | શિવાની જે. વાળા<br>ક્રિષ્ના એસ. પરમાર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| માધ્યમિક વિભાગ | 1 | CRYSTAL INTERNATIONAL SCHOOL | Plastoscope | Harmanjeet kaur | Seraji Kevin Jayesh<br>Vaishnav Heer Jasminbhai |
| | 2 | Shree Kasturba highschool Rajkot | Ultra Sonic Sound Levitator | Vyas Binaben Sharadchandr | Amotiya Bhumi Nareshbhai<br>Chauhan Aksha Rajakbhai |
| | 3 | VIDHYA VIHAR HIGH SCHOOL-ATKOT | ASSISTANT OF THE FARMER | VADAVIYA RAJESHKUMAR PRABHUBHAI | MENIYA YASH VIJAYBHAI<br>SIDHDHAPARA RAJ HARESHBHAI |
| | 4 | ડેલ્ટા સાયન્સ સ્કૂલ - ઉપલેટા | ઊંચાઈ માપવાનું ગાણિતીક યંત્ર | બકોરી વિશાલ રસિકભાઈ | બાડેચા બંસી કમલેશભાઈ<br>બઢ તનવી વિરમભાઇ |
| | 5 | સરદાર પટેલ વિધામંદિર | થર્મોડાયનેમિક અસર | ડો. બી.ટી. સાવલિયા | દેસાઈ મંથન વિનોદભાઈ<br>ધારૈયા ધ્રુવ હિરેનભાઈ |

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજકોટ

રાજ્ય કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન – 2024-25 માટે પસંદ થયેલી કૃતિની વિગતો

જિલ્લો : રાજકોટ અને મોરબી

વિભાગ : પ્રાથમિક તથા માધ્યમિક અને ઉ. માધ્યમિક

| કક્ષા / જિલ્લો | વિભાગ | શાળાનું નામ | તાલુકો | કૃતિનું નામ | શિક્ષકનું નામ | વિદ્યાર્થીના નામ | Zone level Result Rank |
|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ પ્રાથમિક વિભાગ | 2 | રાજપરા તાલુકા શાળા | કોટડાસાંગાણી | EV રોડ | વિશાલભાઈ વી. મોડા | વિવેક પી. યાદવ<br>જેનિશ આર. કુમરખાણિયા | First |
| | 3 | ગુંદાળા(જામ) પ્રા શાળા | જસદણ | SAVE EARTH FOR BIOTIC HEALTH | અદિતિબેન કે. દેશાણી | બંસી એન. જાપડા<br>નવ્યા જે. ઈંટોલિયા | First |
| | 5 | શ્રી નારણકા પ્રા. શાળા | કોટડાસાંગાણી | આધુનિક ખીલો | શ્રીકાંતભાઈ સી. આસોદરીયા | શિવાની જે. વાળા<br>ક્રિષ્ના એસ. પરમાર | First |
| રાજકોટ મા. અને ઉ.મા. વિભાગ | 3 | VIDHYA VIHAR HIGH SCHOOL-ATKOT | જસદણ | ASSISTANT OF THE FARMER | VADAVIYA RAJESHKUMAR PRABHUBHAI | MENIYA YASH VIJAYBHAI<br>SIDHDHAPARA RAJ HARESHBHAI | First |
| મોરબી પ્રાથમિક વિભાગ | 1 | હસનપર પ્રાથમિક શાળા | વાંકાનેર | અંધજન સહાયક હેલ્મેટ | પાંચોટિયા જીતેન્દ્રભાઈ | પરસોન્ડા કોમલ કિશોરભાઈ<br>ગોરીયા વૈભવી | First |
| | 4 | મહર્ષિ વિધાલય | હળવદ | ગણિત નગરી | જાકાસણિયા રામજીભાઇ | કૈલા એંજલ એન.<br>પટેલ નિષ્ઠા એમ. | First |
| | 5 | નવા મહિકા પ્રા.શાળા | વાંકાનેર | ઘાસમાંથી કાગળનું સર્જન | ચાવડા જાગૃતિ કે. | મુંધવા કિંજલ બી.<br>બાદી ફરાજ એફ. | second |
| મોરબી મા. અને ઉ. મા. વિભાગ | 1 | શ્રી હાઇસ્કુલ હરબટીયારી | ટંકારા | સ્માર્ટ ડસ્ટબીન | સંધ્યાબેન જે. વરમોરા | સંઘાણી સંજના રમણીકભાઈ<br>ભાગીયા ક્રિપ્ટી નિલેશભાઈ | second |
| | 5 | મંગલમ વિદ્યાલય | હળવદ | નિર્ધૂમ ઓઈલ ચૂલો | જાકાસણીયા રામજીભાઇ | પટેલ કીર્તન વિજયભાઈ<br>કંટારિયા ખુશ રાકેશભાઇ | second |

## બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન -2024-25 આંકડાકીય માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | CRC કક્ષા સંગૃહિત માહિતી | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | CRC ની સંખ્યા | કુલ શાળાઓની સંખ્યા | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા | રજૂ થયેલ કૃતિ | ભાગ લેનાર વિદ્યાર્થી | ભાગ લેનાર શિક્ષકો | મેળવેલ લોક સહયોગ | મુલાકાતીઓની સંખ્યા | | | |
| | | | | | | | | | શાળાઓ | શિક્ષકો | વિદ્યાર્થીઓ | ગ્રામજનો |
| 1 | રાજકોટ | 126 | 972 | 907 | 1181 | 2368 | 1008 | 36600 | 600 | 2446 | 27754 | 4109 |
| 2 | મોરબી | 56 | 585 | 505 | 513 | 1135 | 503 | 0 | 271 | 665 | 6945 | 2693 |
| | કુલ: | 182 | 1557 | 1412 | 1694 | 3503 | 1511 | 36600 | 871 | 3111 | 34699 | 6802 |

## તાલુકા/કોર્પોરેશન બ્લોક કક્ષા પ્રદર્શનોની સંગૃહિત માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | BRC ની સંખ્યા | કુલ શાળાઓની સંખ્યા | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા | રજૂ થયેલ કૃતિ | ભાગ લેનાર વિદ્યાર્થી | ભાગ લેનાર શિક્ષકો | મેળવેલ લોક સહયોગ | મુલાકાતીઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | શાળાઓ | શિક્ષકો | વિદ્યાર્થીઓ | ગ્રામજનો |
| 1 | રાજકોટ | 14 | 972 | 433 | 466 | 928 | 441 | 28800 | 264 | 864 | 9770 | 981 |
| 2 | મોરબી | 5 | 585 | 164 | 171 | 342 | 164 | 2500 | 87 | 312 | 3888 | 1339 |
| | કુલ: | 19 | 1557 | 597 | 637 | 1270 | 605 | 31300 | 351 | 1176 | 13658 | 2320 |

## સંકુલ કક્ષાના પ્રદર્શનોની સંગૃહિત માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | SVS ની સંખ્યા | કુલ શાળાઓની સંખ્યા | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા | રજૂ થયેલ કૃતિ | ભાગ લેનાર વિદ્યાર્થી | ભાગ લેનાર શિક્ષકો | મેળવેલ લોક સહયોગ | મુલાકાતીઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | શાળાઓ | શિક્ષકો | વિદ્યાર્થીઓ | ગ્રામજનો |
| 1 | **રાજકોટ** | 10 | 549 | 238 | 301 | 587 | 290 | 0 | 108 | 408 | 9816 | 650 |
| 2 | **મોરબી** | 6 | 219 | 163 | 183 | 366 | 183 | 0 | 58 | 330 | 8277 | 866 |
| | **કુલ:** | 16 | 219 | 163 | 183 | 366 | 183 | 0 | 58 | 330 | 8277 | 866 |

## જિલ્લા કક્ષાના પ્રદર્શનોની સંગૃહિત માહિતી

| ક્રમ | જિલ્લો | કુલ **BRC /SVS** | ભાગ લીધેલ શાળા સંખ્યા | રજુ થયેલી કૃતિ સંખ્યા | ભાગ લેનાર વિદ્યાર્થીની | | | ભાગ લેનાર શિક્ષકો | | | લોક સહયોગ | મુલાકાતીની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુ | ક | કુલ | સ્રી | પુરુષ | કુલ | રૂા. | શાળા | શિક્ષકો | વિદ્યાર્થી | ગામજનો |
| 1 | રાજકોટ (પ્રાથમિક) | 14 | 70 | 69 | 66 | 72 | 138 | 25 | 44 | 69 | 310000 | 32 | 208 | 7652 | 1820 |
| 2 | રાજકોટ (માધ્યમિક) | 10 | 50 | 48 | 45 | 51 | 96 | 19 | 29 | 48 | 0 | 35 | 102 | 1800 | 85 |
| 3 | મોરબી (પ્રાથમિક) | 5 | 25 | 25 | 20 | 30 | 50 | 8 | 17 | 25 | 0 | 22 | 46 | 876 | 45 |
| 4 | મોરબી (માધ્યમિક) | 6 | 30 | 27 | 34 | 20 | 54 | 7 | 20 | 27 | 0 | 10 | 34 | 1118 | 34 |

**વર્ષ: 2024-25 દરમ્યાન યોજાયેલ ઇડીએન - 16L તાલીમ**

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમર્થી ની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સપ્ટેમ્બર | ગુજરાતી ધોરણ 3 થી 5 અને હિન્દી ધોરણ 4 થી 5 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | 1 | 113 | 70516 |
| 2 | સપ્ટેમ્બર | ગણિત ધોરણ 3 થી 5 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 2 | 1 | 57 | 46029 |
| 3 | સપ્ટેમ્બર | પર્યાવરણ ધોરણ 3 થી 5 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 2 | 1 | 54 | 47225 |
| 4 | સપ્ટેમ્બર | અંગ્રેજી ધોરણ 3 થી 5 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 2 | 1 | 53 | 43636 |
| 5 | સપ્ટેમ્બર | અંગ્રેજી ધોરણ -5 અજ. પાપુ MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 2 | 1 | 52 | 46250 |
| 6 | સપ્ટેમ્બર | ગણિત ધોરણ 6 થી 8 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | 1 | 52 | 59788 |
| 7 | સપ્ટેમ્બર | ગુજરાતી ધોરણ 6 થી 8 અને ધોરણ 6 અને 7 અજ. પા.પુ. MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | 1 | 51 | 64679 |
| 8 | સપ્ટેમ્બર | અંગ્રેજી ધોરણ 6 થી 8 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | 1 | 51 | 57812 |
| 9 | સપ્ટેમ્બર | હિન્દી - સંસ્કૃત ધોરણ 6 થી 8 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | 1 | 99 | 53169 |
| 10 | સપ્ટેમ્બર | સામાજિક વિજ્ઞાન ધોરણ 6 થી 8 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | 1 | 63 | 61760 |
| 11 | સપ્ટેમ્બર | ગુજરાતી ધોરણ 9 થી 10 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | 1 | 55 | 49035 |
| 12 | સપ્ટેમ્બર | ગણિત ધોરણ 9 થી 10 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | | | |
| 13 | સપ્ટેમ્બર | અંગ્રેજી ધોરણ 9 થી 10 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | | | |

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમર્થી ની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 14 | સપ્ટેમ્બર | વિજ્ઞાન ધોરણ 9 થી 10 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | | | |
| 15 | સપ્ટેમ્બર | સામાજિક વિજ્ઞાન ધોરણ 9 થી 10 MT તાલીમ, રાજકોટ | CRCc/ SRG/ શિક્ષક | 3 | | | |
| 16 | સપ્ટેમ્બર | રાજકોટ CRC અને QDC કક્ષા કલાઉત્સવ | શિક્ષક, વિધાર્થી | 1 | 183 | 7111 | 131840 |
| 17 | સપ્ટેમ્બર | રાજકોટ BRC અને SVS કક્ષા કલાઉત્સવ | શિક્ષક, વિધાર્થી | 1 | 24 | 2269 | 434800 |
| 18 | ઓક્ટોબર | રાજકોટ જિ લ્લા કક્ષા કલાઉત્સવ | શિક્ષક, વિધાર્થી | 1 | 2 | 408 | 233924 |
| 19 | ડિસેમ્બર | ગુણોત્સવ 2.0 સ્કૂલ એક્રેડીટેશન તાલીમ | CRCc/ BRCc/ TPEO | 1 | 4 | 152 | 79788 |
| 20 | ડિસેમ્બર | માધ્યમિક અને ઉ.મા. સ્કૂલ અક્રેડીટેશન તાલીમ | આચાર્ય | 1 | 6 | 285 | 180276 |
| 21 | જાન્યુઆરી | તાલુકા ક્ક્ષા વાર્તા સ્પર્ધા- રાજકોટ | સ્પર્ધક, શિક્ષક, નિર્ણાયક | 1 | 14 | 795 | 117600 |
| 22 | જાન્યુઆરી | જિલ્લા ક્ક્ષા વાર્તા સ્પર્ધા- રાજકોટ | સ્પર્ધક, શિક્ષક, નિર્ણાયક | 1 | 1 | 109 | 41098 |
| 23 | જાન્યુઆરી | ઇનોવેશન શેરીંગ વર્કશોપ | શિક્ષક | 1 | 1 | 33 | 17185 |
| 24 | જાન્યુઆરી | સૌરાષ્ટ્ર-1 ઝોનકક્ષા વાર્તા સ્પર્ધા | શિક્ષક | 2 | 1 | 130 | 118553 |
| 25 | ફેબ્રુઆરી | એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટીવલ- રાજકોટ | શિક્ષક | 1 | 16 | 771 | 744690 |
| 26 | ફેબ્રુઆરી | ઇનોવેશન રાઈટ અપ વર્કશોપ | શિક્ષક | 2 | 1 | 34 | 22727 |
| 27 | માર્ચ | GAS-6 FI તાલીમ | શિક્ષક | 1 | 1 | 194 | 90652 |
| | | | **કુલ** | **55** | **265** | **12991** | **2813032** |

## ઇડીએન – 16L તાલીમ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ

- **ઇનોવેશન શેરીંગ વર્કશોપ**

શિક્ષકો નવતર કાર્યો કરે અને અધ્યયન –અધ્યાપન પ્રક્રિયા દ્વારા બાળકોને શીખવવામાં આવે તો આવી સમસ્યાઓમાથી બહાર આવી શકાય.રાજ્યની સરકારી પ્રાથમિક શાળાનાં શિક્ષકો નવતર પ્રયોગોથી માહિતગાર બને અને શાળામાં બાળકોનાં શિક્ષણકાર્ય દરમ્યાન ઉપયોગી બની શકે.આવા હેતુ સાથે ઇનોવેશન શેરિંગ વર્કશોપનું આયોજન જાન્યુઆરી માસમાં કરવામાં આવેલ હતું, જેમાં લાભાર્થી તરીકે કુલ- 33 શિક્ષકો ઉપસ્થિત રહ્યા.આ વર્કશોપમાં ગત વર્ષના રાજ્યકક્ષાએ પસંદગી પામેલ ઇનોવેટિવ શિક્ષકોને આમંત્રિત કરી એમના ઇનોવેશનનું શેરિંગ કરવામાં આવેલ હતું તેમના ઇનોવેશન કઈ બાબતો એવી હતી કે જે માટે પસંદગી પામેલ તેની વિગતે રજૂઆત ઇનોવેટિવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ હતી. આ ઇનોવેશન શેરિંગ વર્કશોપની ફલશ્રુતિ એ હતી કે રાજકોટ જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના શિક્ષકો એક બીજાના ઇનોવેશનથી વાકેફ થાય અને નવા ઇનોવેટિવ શિક્ષકો રાજકોટ જિલ્લા અને કોર્પોરેશનમાંથી મળી રહે.

- **ઇનોવેશન રાઇટઅપ વર્કશોપ**

ઇનોવેશન રાઈટ-અપ વર્કશોપનું આયોજન રાજકોટમાં કરવાનું પ્રયોજન પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો નવતર અને અભિનવ પ્રયોગો કરવા માટે પ્રોત્સાહિત થાય તે આશયથી ફેબ્રુઆરી માસમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.લાભાર્થી તરીકે શિક્ષકો, હેડટીચર,સી.આર.સી.કૉ. આમ કુલ- 34 તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ રાઈટ અપ વર્કશોપનો હેતુ ઇનોવેશન ફેસ્ટીવલમાં મુલાકાતીઓને આપવા માટે બુકલેટ તેમજ બેનર માટે રાઈટઅપ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું.આ વર્કશોપની નીપજ એ હતી કે ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર તમામ ઇનોવેટીવ શિક્ષકોના ઇનોવેટીવ કાર્યનું ઉડાણપૂર્વકનું લખાણ લખાય જેને ઇનોવેશન ફેસ્ટિવલમાં ડિજિટલ બૂક સ્વરૂપે પ્રદર્શિત કરી શકાય જેથી રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનની તમામ શાળાઓના શિક્ષકોને તેમનો લાભ મળી શકે.

- **જિલ્લાકક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ**

એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ યોજવા પાછળનો મુખ્ય હેતુ જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોએ કરેલ નવતર પ્રયોગો પ્રદર્શિત કરી જિલ્લા કક્ષાના તમામ તાલુકાની શાળાઓમાંથી ક્લસ્ટર દીઠ 5 શિક્ષકોને પ્રદર્શન નિહાળવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. ઇનોવેશન ફેસ્ટિવલમાં લાભાર્થી તરીકે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો હેડટીચર, સી.આર.સી.કો.,બી.આર.સી.કો.,ડી,એલ.એડ.ની તાલીમાર્થીનીઓ ડાયટના વ્યાખ્યાતાઓ અને વહીવટી સ્ટાફ તેમજ ડી.ઇ.ઑ.શ્રી, ડી.પી.ઑશ્રી, શાસનધિકારીશ્રી, નાયબ ડી.પી.ઑ.શ્રી તેમજ વિવિધ સંઘના આગેવાનો,ટી.પી.ઓ.શ્રી,કેળવણી નિરીક્ષકો,ઇનોવેશનની મૂલ્યાંકન કમિટીના સભ્યો, વગેરે કુલ-771 મુલાકાતીઓ ઉપસ્થિત રહ્યા હતા.જેનું આયોજન (તારીખ-12/02/2025 થી 14/02/2025) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટ ખાતે યોજવામાં આવ્યું હતું. ઇનોવેશન ફેસ્ટીવલની મુલાકાત લેવા આવનાર તમામ મુલાકતીઓને ફિડબેક ફોર્મ અને મૂલ્યાંકન માટેની માર્ગદર્શિકા આપવામાં આવી હતી જેમાં તમામ મુલાકાતીઓએ ઇનોવેશન સ્ટોલની મુલાકાત લઈ, જેમાં ભાગ લેનાર તમામનું પરંતુ પોતાના તાલુકા સિવાયના તાલુકાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ઇનોવેશન ફેસ્ટીવલની નિપજ એ હતી કે મુલાકાતીઓએ ઇનોવેટીવ શિક્ષકોએ કરેલ ઇનોવેશન પોતાની શાળામાં અપનાવે અને અનુભવેલ મુશ્કેલીઓને સરળતાથી સમજી શકે તે હતો.

- **પ્રાથમિક શાળાઓમાં એક્રેડીટેશન મૂલ્યાંકનની પ્રક્રિયા તાલીમ વર્ગો**

જી.સી.ઇ.આર.ટી.ના આદેશાનુસાર EDN 16 L ગ્રાન્ટમાંથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા ગુણોત્સવ 2.0 અન્વયે પ્રાથમિક શાળાઓમાં એક્રેડીટેશનની નવી મૂલ્યાંકન પ્રક્રિયા અને માળખાની તાલીમના 4 વર્ગો તારીખ 12-12-2024 થી 14-12-2024 દરમિયાન યોજવામાં આવ્યા હતા. આ તાલીમનો મુખ્ય હેતુ ગુણોત્સવ 2.0 ના શાળા એક્રેડીટેશનના નવા માળખા અને પ્રક્રિયા વિશેની સંપૂર્ણ સમજ જિલ્લાના તમામ TPEOશ્રી, કે.નિ.શ્રી, તમામ બી.આર.સી. કોર્ડીનેટરશ્રી તથા સી.આર.સી.કોર્ડીનેટર પ્રાપ્ત કરે. આથી પ્રસ્તુત તાલીમમાં ગુણોત્સવ 2.0 મૂલ્યાંકનના ચાર સોપાનો - આચાર્ય દ્વારા સ્વમૂલ્યાંકન, સી.આર.સી.કોર્ડી. દ્વારા મૂલ્યાંકન, ડેટા આધારિત મૂલ્યાંકન તથા 33% ક્રોસ વેરીફિકેશન આ ચારેટ સોપનોને ક્રમશ: સૈદ્ધાંતિક તથા પ્રયોગિક સ્વરૂપે Swift chat Boot દ્વારા

સમજાવવામાં આવેલ હતા. તાલીમમાં તજ્જ્ઞ તરીકે ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ સાથે રાજ્ય VSK માંથી શ્રી રાજેશભાઇ પટેલ તથા જિલ્લાના VSK માં કાર્યરત સ્કૂલ ઇનસ્પેક્ટરશ્રીઓ જોડાયા હતા. પ્રસ્તુત તાલીમમાં જિલ્લાના તમામ તાલુકાના TPEOશ્રી, કે.નિ.શ્રી, તમામ બી.આર.સી. કોર્ડીનેટરશ્રી તથા સી.આર.સી.કોર્ડીનેટર થઇને કુલ 149 લાભાર્થીઓએ ગુણોત્સવ 2.0 ની ૨૦૨૪-૨૫ની નવી મૂલ્યાંકનની પ્રક્રિયાની સંકલ્પનાઓ સ્પષ્ટ કરી હતી. તાલીમમાં જિલ્લાના DPEO શ્રી તથા શાસનાધિકારી સાહેબશ્રીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તથા ડાયટના વ્યાખ્યાતાઓ પણ જોડાયા હતા. EDN 16 L ની 80076/- રૂપિયા ગ્રાન્ટનો વપરાશ થયો હતો.

- **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એક્રેડીટેશન મૂલ્યાંકનની પ્રક્રિયા તાલીમ વર્ગો**

  જી.સી.ઇ.આર.ટી.ના આદેશાનુસાર EDN 16 L ગ્રાન્ટમાંથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા ગુણોત્સવ 2.0 અન્વયે સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એક્રેડીટેશનની નવી મૂલ્યાંકન પ્રક્રિયા અને માળખાની તાલીમના 6 વર્ગો તારીખ 23-12-2024 થી 27-12-2024 દરમિયાન યોજવામાં આવ્યા હતા. આ તાલીમનો મુખ્ય હેતુ ગુણોત્સવ 2.0 ના શાળા એક્રેડીટેશનના નવા માળખા અને પ્રક્રિયા વિશેની સંપૂર્ણ સમજ જિલ્લાની તમામ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ પ્રાપ્ત કરે. આથી પ્રસ્તુત તાલીમમાં ગુણોત્સવ 2.0 મૂલ્યાંકનના ચાર સોપાનો - આચાર્ય દ્વારા સ્વમૂલ્યાંકન, SAT-PAT-બોર્ડના પરિણામ આધારિત મૂલ્યાંકન ડેટા આધારિત મૂલ્યાંકન તથા 33% ક્રોસ વેરીફિકેશન આ ચારેટ સોપનોને ક્રમશ: સૈદ્ધાંતિક તથા પ્રયોગિક સ્વરૂપે એકસેલ ચેકલીસ્ટ દ્વારા સમજાવવામાં આવેલ હતા. તાલીમમાં તજ્જ્ઞ તરીકે ડી.આર.યુ. શાખાના વ્યાખ્યાતા સોનલબેન ચૌહાણ સાથે રાજ્ય VSK માંથી શ્રીમતી દિવ્યાબેન વ્યાસ તથા જિલ્લાના VSK માં કાર્યરત સ્કૂલ ઇનસ્પેક્ટરશ્રીઓ જોડાયા હતા. પ્રસ્તુત તાલીમમાં જિલ્લાની કુલ 285 સરકારી  અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ ગુણોત્સવ 2.0 ની 2024-25ની નવી મૂલ્યાંકનની પ્રક્રિયાની સંકલ્પનાઓ સ્પષ્ટ કરી હતી. EDN 16 L ની 180276/- રૂપિયા ગ્રાન્ટનો વપરાશ થયો હતો.

- **કલાઉત્સવ કાર્યક્રમો :**

ગુજરાત રાજ્ય સરકારશ્રીની પ્રેરણાથી જી.સી.ઇ.આર.ટી. માર્ગદર્શિત કલાઉત્સવ યોજાય છે. આ કલાઉત્સવનો મુખ્ય હેતુ પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓમાં રહેલ વિવિધ કલા-કૌશલ્ય અને પ્રતિભાને બહાર લાવવાનો, તેઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડવાનો અને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવાનો હોય છે. દર વર્ષ કલાઉત્સવનું આયોજન કરવામાં આવે છે જેમાં 2024-25 ના વર્ષે કલાઉત્સવમાં ચિત્રકલા, સ્વ સર્જિત કાવ્યલેખન, ગાયન અને વાદનની સ્પર્ધાઓ યોજવામાં આવી. આ ચારેય સ્પર્ધાઓ ત્રણ વિભાગમાં યોજવામાં આવી. ધોરણ 6 થી 8 પ્રાથમિક વિભાગ, ધોરણ 9 અને 10 માધ્યમિક વિભાગ અને ધોરણ 11 અને 12 ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ.

**"ગરવી ગુજરાત" થીમ** આધારીત વિષયવસ્તુને લઇને શાળા કક્ષાથી શરૂ કરીને ક્રમશ: CRC/QDC કક્ષા, BRC/SVSકક્ષા અને ત્યારબાદ જિલ્લાકક્ષાએ આ સ્પર્ધાઓ યોજવામાં આવેલ.

- શાળાકક્ષા કલાઉત્સવ - રાજકોટ જિલ્લામાં તા. 15/9/2024 થી 30/09/2024 દરમિયાન રાજકોટ જિલ્લાની તમામ પ્રકારની પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં કલાઉત્સવ આયોજિત થયેલ હતો. જેમાં ધોરણ 6 થી 12 માં અભ્યાસ કરતા 35996 વિદ્યાર્થીઓએ સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો.
- સી.આર.સી.કક્ષા તથા કયુ.ડી.સી.કક્ષા કલાઉત્સવ - શાળાકક્ષાએ વિભાગવાર ચારેય સ્પર્ધાના પ્રથમ વિજેતાઓ એવા અનુક્રમે 3529 સ્પર્ધકોએ બીજા તબક્કામાં 125 જેટલા CRC કક્ષાએ તથા 1375 સ્પર્ધકોએ 58 QDC કક્ષાએ કલાઉત્સવ સ્પર્ધામાં ભાગ લીધો હતો.
- તાલુકાકક્ષા તથા સંકુલકક્ષા કલાઉત્સવ - CRC/QDC કક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતા એવા પ્રાથિમક વિભાગના 498 સ્પર્ધકોએ તાલુકાકક્ષાની સ્પર્ધામાં તથા માધ્યમિક – ઉ.મા. ના 411 સ્પર્ધકોએ સંકુલ કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. શાળાના આચાર્ય, શિક્ષકો, CRC co, QDC સંયોજક, BRC co, SVS સંયોજકો જે-તે કક્ષાએ કલાઉત્સવના કન્વીનર તરીકે ઉત્તમ રીતે આયોજન કરીને વિદ્યાર્થીઓની કલાને પારખીને પ્રોત્સાહિત કરેલ હતા.

- જિલ્લાકક્ષા કલાઉત્સવ - જિલ્લાકક્ષાનો કલાઉત્સવ તા. 10-08-2024 ના રોજ રાજકોટ બાલભવન ખાતે યોજાયેલ હતો. જેમાં વિભાગવાર ચારેય સ્પર્ધામાં 130 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

**રાજકોટ જિલ્લામાં કલાઉત્સવમાં ભાગ લેનાર બાળકોની તારીજ 2024-25**

| ક્રમ | સ્પર્ધા | વિભાગ | શાળાકક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | CRC/QDC કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | તાલુકા/SVS કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | જિલ્લા કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | કલાઉત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા વિભાગવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ચિત્ર | પ્રાથમિક | 5374 | 5923 | 11297 | 378 | 513 | 891 | 29 | 95 | 124 | 3 | 11 | 14 | **5784** | **6542** | **12326** |
| ૨ | બાળકવિ | પ્રાથમિક | 4249 | 4484 | 8733 | 421 | 499 | 920 | 24 | 101 | 125 | 2 | 12 | 14 | **4696** | **5096** | **9792** |
| ૩ | ગાયન | પ્રાથમિક | 4247 | 4797 | 9044 | 386 | 479 | 865 | 29 | 96 | 125 | 5 | 9 | 14 | **4667** | **5381** | **10048** |
| ૪ | વાદન | પ્રાથમિક | 3785 | 3154 | 6922 | 571 | 282 | 853 | 115 | 9 | 124 | 13 | 1 | 14 | **4484** | **3446** | **7913** |
| | કુલ | પ્રાથમિક | **17655** | **18358** | **35996** | **1756** | **1773** | **3529** | **197** | **301** | **498** | **23** | **33** | **56** | **19631** | **20465** | **40079** |
| ૧ | ચિત્ર | માધ્યમિક | 346 | 365 | 711 | 79 | 116 | 195 | 7 | 49 | 56 | 2 | 8 | 10 | **434** | **538** | **972** |
| ૨ | બાળકવિ | માધ્યમિક | 208 | 235 | 443 | 81 | 95 | 176 | 12 | 41 | 53 | 0 | 10 | 10 | **301** | **381** | **682** |
| ૩ | ગાયન | માધ્યમિક | 257 | 249 | 506 | 100 | 101 | 201 | 25 | 26 | 51 | 5 | 4 | 9 | **387** | **380** | **767** |
| ૪ | વાદન | માધ્યમિક | 188 | 144 | 332 | 110 | 55 | 165 | 44 | 7 | 51 | 8 | 0 | 8 | **350** | **206** | **556** |
| | કુલ | માધ્યમિક | **999** | **993** | **1992** | **370** | **367** | **737** | **88** | **123** | **211** | **15** | **22** | **37** | **1472** | **1505** | **2977** |
| ૧ | ચિત્ર | ઉ.મા. | 203 | 267 | 470 | 74 | 83 | 157 | 13 | 38 | 51 | 2 | 8 | 10 | **292** | **396** | **688** |
| ૨ | બાળકવિ | ઉ.મા. | 143 | 160 | 303 | 72 | 76 | 148 | 13 | 37 | 49 | 2 | 8 | 10 | **230** | **281** | **510** |
| ૩ | ગાયન | ઉ.મા. | 191 | 205 | 396 | 84 | 92 | 176 | 19 | 30 | 49 | 4 | 5 | 9 | **298** | **332** | **630** |
| ૪ | વાદન | ઉ.મા. | 188 | 126 | 314 | 96 | 61 | 157 | 45 | 6 | 51 | 8 | 0 | 8 | **337** | **193** | **530** |
| | કુલ | ઉ.મા. | **725** | **758** | **1483** | **326** | **312** | **638** | **90** | **111** | **200** | **16** | **21** | **37** | **1157** | **1202** | **2358** |

| Grand Total | શાળાકક્ષાએ | | | CRC, QDC કક્ષાએ | | | BRC, SVS કક્ષાએ | | | જિલ્લાકક્ષાએ | | | તમામ તબક્કાના કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| | 19379 | 20109 | **39471** | 2452 | 2452 | **4904** | 375 | 535 | **909** | 54 | 76 | **130** | 22260 | 23172 | **45414** |

શાળાકક્ષાથી લઇને જિલ્લાકક્ષાના તમામ સ્તરે ચિત્ર, બાળકવિ, ગાયન અને વાદન એમ ચાર સ્પર્ધાઓ નિયત વિષય સાથે થયેલ. CRC કક્ષાથી લઇ જિલ્લાકક્ષા સુધી સ્પર્ધકો અને નિર્ણાયકો માટે અલ્પાહાર, ચા, ભોજન, પ્રમાણપત્રો, શિલ્ડ, મોમેન્ટો, સ્પર્ધકો તથા આયોજકો માટે સ્ટેશનરી અને બેનરનો ખર્ચ માટે ડાયટ – રાજકોટ દ્વારા EDN 16 L ની ગ્રાન્ટફાળવવામાં આવેલ હતી. શાળાકક્ષાથી લઇને જિલ્લાકક્ષા સુધીના ખર્ચ રકમ વિગત આ મુજબ થયેલ.

કલાઉત્સવ 2024-25 : ગ્રાન્ટ વપરાશ વિગત

| જિલ્લો | કલાઉત્સવ કક્ષા | કુલ ફાળવેલ ગ્રાંટ | CRC & QDC કક્ષાની સ્પર્ધાનો થયેલ ખર્ચ | | | | આખરી બચત |
|---|---|---|---|---|---|---|---|
| | | | ઇનામ | નિર્ણાયક | આયોજન | કુલ ખર્ચ | |
| **રાજકોટ** | CRC કક્ષા કલાઉત્સવ | 664200 | 302400 | 151200 | 210600 | 664200 | **176640/-** |
| | QDC કક્ષા કલાઉત્સવ | 683200 | 214400 | 107900 | 184260 | 506560 | |
| | BRC કક્ષા કલાઉત્સવ | 215600 | 56000 | 33600 | 126000 | 215600 | **6400/-** |
| | SVS કક્ષા કલાઉત્સવ | 225600 | 80000 | 48000 | 97600 | 219200 | |
| | જિલ્લાકક્ષા કલાઉત્સવ | 199600 | 36000 | 27600 | 170320 | 233920 | **-34320/-** |
| | **રાજકોટ કુલ** | **1988200** | **688800** | **368300** | **788780** | **1839480** | **1,48,720/-** |

આમ, રાજકોટ જિલ્લામાં CRC, QDC, BRC, SVS તથા જિલ્લા તમામ કક્ષાનો મળીને કુલ 18,39,480/- રૂપિયા ખર્ચ થયેલ હતો અને 1,48,720/- રૂપિયા બચત રહી હતી.

- **બાળવાર્તા કાર્યક્રમો**

NEP 2020, NIPUN BHARAT ના અનુસંધાને ગુજરાત સરકારે વર્ષ 2022-23 ને 'બાળવાર્તા વર્ષ' તરીકે તેમજ 15 નવેમ્બરને પ્રતિવર્ષ 'બાળવાર્તા દિન' તરીકે ઉજવવાનું ઠરાવવામાં આવેલ. તે અંતર્ગત વર્ષે 2024-25 માં રાજ્યની તમામ સરકારી, આદર્શ નિવાસી, આશ્રમશાળા, કે.જી.બી.વી. ના પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં (ધોરણ 1 થી 8 ના વિદ્યાર્થીઓ માટે) વાર્તાસ્પર્ધાઓ અને વાર્તાના કાર્યક્રમોનું આયોજન GCERT ના માર્ગદર્શન હેઠળ ફરજિયાત કરવામાં આવ્યું હતું. બાળવાર્તા વર્ષ નિમિત્તે બાળવાર્તા સ્પર્ધા કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં.

વાર્તા સ્પર્ધાઓ બે પ્રકારની યોજાઇ હતી. (૧) બાળવાર્તા કથન સ્પર્ધા અને (૨) બાળવાર્તા લેખન નિર્માણ સ્પર્ધા. આ બાળવાર્તા સ્પર્ધાઓ ત્રણ વિભાગમાં કરવામાં આવેલ હતી. જેમાં, વિભાગ-01 ફાઉન્ડેશનલ સ્ટેજમાં બાલવાટિકાથી ધોરણ 2 સુધીના બાળકો તથા વિભાગ-02 પ્રીપેરેટરી સ્ટેજમાં ધોરણ 3 થી 5 માં

અભ્યાસ કરતા બાળકો માટે બાળવાર્તા કથનની સ્પર્ધા હતી. જ્યારે વિભાગ-03 મિડલ સ્ટેજમાં ધોરણ 6 થી 8 માં અભ્યાસ કરતા બાળકોનો માટે બાળવાર્તા લેખન નિર્માણની સ્પર્ધા હતી.

બાળવાર્તાની સ્પર્ધાઓ શાળાકક્ષાથી લઇને રાજ્ય સ્તર સુધીની યોજવામાં આવેલ હતી. શાળા સ્તરે પ્રથમ આવેલ વિદ્યાર્થી CRC સ્તરે, CRC સ્તરે પ્રથમ આવેલ વિદ્યાર્થી  તાલુકા સ્તરે અને તાલુકા સ્તરે પ્રથમ આવેલ વિદ્યાર્થીએ જિલ્લા સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જિલ્લા સ્તરે પ્રથમ ત્રણ વિજેતા બાળકો ઝોનકક્ષાએ ભાગ લીધો હતો. સૌરાષ્ટ્ર -1 ઝોનકક્ષાની સ્પર્ધાનું આયોજન પણ ડાયટ રાજકોટની ડી.આર.યુ. શાખા દ્વારા કરવામાં આવેલ હતું.

- શાળાકક્ષા વાર્તાસ્પર્ધા - રાજકોટ  જિલ્લાની તમામ પ્રાથમિક શાળામાં બાળવાર્તા સ્પર્ધા યોજાઇ હતી. જેમાં 25607 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- સી.આર.સી. કક્ષા વાર્તાસ્પર્ધા - રાજકોટના 125 સી.આર.સી.કક્ષાએ 2496 વિદ્યાર્થીઓએ બાળવાર્તા સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ માટે કોઇ ગ્રાન્ટ જોગવાઇ ન હોવા છતાં પણ સી.આર.સી. કોર્ડી.એ ખૂબ જ સારી રીતે આ સ્પર્ધાઓ યોજી હતી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ હતા.
- તાલુકાકક્ષા વાર્તા સ્પર્ધા - તારીખ 20-12-2024 થી 04-01-2025 દરમિયાન તાલુકાકક્ષાની વાર્તા સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના 14 તાલુકામાં વાર્તા સ્પર્ધાઓ યોજાઇ થયેલ જેમાં 361 સ્પર્ધકો, 121 શિક્ષકો, 313 નિર્ણાયકો મળી કુલ 795 લાભાર્થીઓએ ભાગ લીધો હતો. જેનો ખર્ચ 1,17,600/- રૂપિયા થયો હતો.
- રાજકોટ જિલ્લાકક્ષા બાળવાર્તા સ્પર્ધા - તારીખ 10-01-2025 ના રોજ ડાયટ રાજકોટ ખાતે રાજકોટ જિલ્લાકક્ષા બાળવાર્તા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં 41 વિદ્યાર્થીઓ, 52 શિક્ષકો તથા 12 નિર્ણાયકો થઇને કુલ 105 લાભાર્થીઓ જોડાયા હતા. જિલ્લાકક્ષાએ ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા રાઇટીંગ પૅડ, બોલપેન, પાઉચ તથા શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ હતા. જિલ્લાકક્ષાએ બાળવાર્તા સ્પર્ધાની વિડીયોગ્રાફી કરવામાં આવી હતી. તથા વિદ્યાર્થીઓએ રચેલ વાર્તા બુક તૈયાર કરવામાં આવી હતી. જિલ્લાકક્ષાની વાર્તા સ્પર્ધામાં   41098/- રૂપિયાનો ખર્ચ થયેલ હતો.

- સૌરાષ્ટ્ર – 1 ઝોનકક્ષા બાળવાર્તા સ્પર્ધા - તારીખ ૩૦ અને 31 જાન્યુઆરી 2025 ના રોજ બે દિવસ માટે ડાયટ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર – 1 ઝોનકક્ષા બાળવાર્તા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ અને કચ્છ એમ છ જિલ્લાના 52 વિદ્યાર્થીઓ, 81 શિક્ષકો તથા 10 નિર્ણાયકો થઇને કુલ 143 લાભાર્થીઓ જોડાયા હતા. સૌરાષ્ટ્ર-1 ઝોનકક્ષાએ ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર, બોલપેન, ટ્રાવેલિંગ બેગ તથા શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ હતા. જ્યારે હાજર તમામ શિક્ષકોને સર્ટીફિકેટ આપીને સન્માનિત કરવામાં આવેલ હતા. પ્રથમ ત્રણ વિજેતાઓને અલગથી શિલ્ડ આપીને વિશેષરૂપે સન્માનિત કરવામાં આવેલ હતા. ઝોનકક્ષાએ બાળવાર્તા સ્પર્ધાની વિડીયોગ્રાફી કરવામાં આવી હતી. તથા વિદ્યાર્થીઓએ રચેલ વાર્તા અને કહેલ વાર્તાનું પુસ્તક તૈયાર કરી સ્પર્ધકોને આપવામાં આવેલ હતું. ઝોનકક્ષાની વાર્તા સ્પર્ધામાં 1,22,812/- રૂપિયાનો ખર્ચ થયેલ હતો.
- આમ, રાજકોટ જિલ્લામાં બાળવાર્તા સ્પર્ધાના કુલ 141 કાર્યક્રમો થયા હતા. જેમાં કુલ 28638 લાભાર્થીઓ જોડાયા હતા અને EDN 16 L ની 2,81,512/-રૂપિયા ગ્રાન્ટ વપરાશ થયો હતો.

- **GAS- 6 (GAS-Gujarat Achievement Survey-6) -2025**

GAS-(Gujarat Achievement Survey) અમલીકરણ ગુજરાત રાજ્યમાં પ્રાથમિક બાળકોની શૈક્ષણિક સિદ્ધિ ચકાસવા માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા GAP (Gujarat Achievement at Primary level) અને ત્યાર બાદ GLAS (Gujarat Learning Achievement Survey) નામ આપવામાં આવ્યું. જે હવેથી GAS (Gujarat Achievement Survey) ઓળખવામાં આવનાર છે. જે પૈકી GAS- Gujarat Achievement Survey -1,2,3,4,5 પૂર્ણ થયો અને આ વર્ષે GAS-6 ની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. જે પૈકી GAS-6 નું અમલીકરણ માર્ચ મહિનામાં તા: 27/03/2025 નાં રોજ સવારે 11.00 થી 1.00 કલાકે ધોરણ-5,7,8 માં સમગ્ર ગુજરાતમાં કરવામાં આવ્યું હતું. ધોરણ 5 માટે કસોટી સમય 11.00 થી 12.30 અને ધોરણ 7 અને 8 માટે કસોટી સમય 11.00 થી 1.00 હતો. GAS-6 કસોટી અમલીકરણ માટે શાળાની પસંદગી રાજ્ય કક્ષાએથી થયેલ હતી. આખા રાજ્યમાં સંશોધનના ભાગરૂપે કાર્ય થયેલ હતું. પ્રસ્તુત સર્વેમાં રાજકોટ જિલ્લાનાં વિવિધ 12 તાલુકાઓમાંથી તાલુકા દીઠ 15 શાળાને પસંદ કરવામાં આવેલ હતી. રાજકોટ જિલ્લામાંથી 180 શાળાઓની પસંદગી કરવામાં આવેલ હતી.

રાજકોટ જિલ્લામાં ધોરણ-5માં 1285, ધોરણ-7માં 1379 અને ધોરણ-8માં 1216 વિદ્યાર્થીઓએ આ સર્વેમાં ભાગ લીધેલ. સર્વેમાં પસંદ થયેલ ધોરણ-5માં ગુજરાતી, ગણિત અને પર્યાવરણ અને ધોરણ-7 અને 8માં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી અને સામાજીક વિજ્ઞાન વિષયોની કસોટી તૈયાર કરવામાં આવેલ હતી. ધોરણ-5 માં કુલ 45 ગુણની કસોટી લેવામાં આવેલ જેમાં 1 થી 15 કલમો ગુજરાતી વિષયની, 16 થી 30 કલમો ગણિત વિષયની અને 31 થી 45 કલમો પર્યાવરણ વિષયની હતી. ધોરણ-7 અને ૮માં 60 ગુણની કસોટી હતી. જેમાં 1 થી 15 કલમો ગુજરાતી વિષયની, 16 થી 30 કલમો ગણિત વિષયની અને 31 થી 45 કલમો વિજ્ઞાન વિષયની અને 46 થી 60 કલમો સામાજિક વિજ્ઞાન વિષયની હતી. તમામ ધોરણ અને વિષયમાં કસોટીનું સ્વરૂપ બહુ વિકલ્પ પ્રકારના પ્રશ્નોનું હતું ધો. 5,7 અને 8નાં વિદ્યાર્થીઓએ OMR શીટમાં પ્રતિચાર આપવાના હતા. કસોટી અમલીકરણ માટે ફિલ્ડ ઇન્વેસ્ટીગેટર તરીકે તે શાળા સિવાયના શિક્ષકની પસંદગી કરવામાં આવેલ તે માટે તા. 26/03/2025 નાં રોજ તાલીમનું આયોજન રાજકોટ જિલ્લા માટે દરેક તાલુકાના બી.આર.સી. ભવન ખાતે કરવામાં આવેલ હતું. જેમાં દરેક લાયઝનશ્રીએ વર્ગ સંચાલકની ભૂમિકા અને તજજ્ઞની કામગીરી કરેલ હતી. અને સાહિત્ય વિતરણની કામગીરી કરવામાં આવેલ હતી. આ અંતર્ગત તમામ પ્રકારનું સાહિત્ય સીલબંધ કવરમાં શાળાદીઠ બેગ સાથે ગાંધીનગરથી આપવામાં આવેલ હતા. અને કસોટી અમલીકરણ બાદ તમામ કસોટીનું કલેક્શન પ્રથમ તાલુકાકક્ષાએ અને ત્યાંથી ડાયટ ખાતે કરવામાં આવેલ અને OMR તથા તમામ સાહિત્ય સર્વે પૂર્ણ થયા બાદ STTI ગાંધીનગર ખાતે તા:28/03/2025ના રોજ જિલ્લા કો-ઓર્ડીનેટર દ્વારા રૂબરૂ જમા કરવામાં આવેલ હતું. રાજ્ય કક્ષાએ OMR શીટનું સ્કેનીંગ કરવામાં આવેલ. તેના આધારે ડાયટના ડેટાનાં આધારે પરિણામ તૈયાર કરવામાં આવેલ હતું. જેમાં PQ, SQ અને TQ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. અને તેનું પણ કલમવાઈઝ એનાલીસીસ કરવામાં આવેલ હતું. આ સર્વેમાં મહત્તમ જે તે શાળાના 30 વિદ્યાર્થીઓની આપેલ નમૂના પસંદગી મુજબ સિલેક્ટ કરીને કસોટી લેવાની હતી.

વર્ષઃ **2024-25 દરમ્યાન યોજાયેલ RTGS/PFMS/SMSA તાલીમ**

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | કુલ ખર્ચ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સપ્ટેમ્બર | ગુજરાતી ધોરણ 3 થી 5 અને હિન્દી ધોરણ 4 થી 5 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 44 | 1032 | 942786 |
| 2 | સપ્ટેમ્બર | ગણિત ધોરણ 3 થી 5 શિક્ષકતાલીમ, રાજકોટ | શિક્ષક | 2 | 24 | 990 | 664317 |
| 3 | સપ્ટેમ્બર | પર્યાવરણ ધોરણ 3 થી 5 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 2 | 24 | 981 | 658826 |
| 4 | સપ્ટેમ્બર | ગણિત ધોરણ 6 થી 8 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 22 | 842 | 850208 |
| 5 | સપ્ટેમ્બર | ગણિત ધોરણ 9 થી 10 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 8 | 294 | 181827 |
| 6 | સપ્ટેમ્બર | વિજ્ઞાન ધોરણ 9 થી 10 તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 4 | 136 | 168875 |
| 7 | સપ્ટેમ્બર | સામાજિક વિજ્ઞાન ધોરણ 9 થી 10 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 2 | 143 | 185030 |
| 8 | સપ્ટેમ્બર | વિજ્ઞાન ધોરણ 9 થી 10 તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 1 | 55 | 67415 |
| 9 | ઓક્ટોબર | અંગ્રેજી ધોરણ 6 થી 8 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 22 | 845 | 796415 |
| 10 | ઓક્ટોબર | વિજ્ઞાન ધોરણ 6 થી 8 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 21 | 834 | 792449 |
| 11 | ઓક્ટોબર | સામાજિક વિજ્ઞાન ધોરણ 6 થી 8 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 22 | 825 | 813958 |
| 12 | ઓક્ટોબર | ગુજરાતી ધોરણ 9 થી 10 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 2 | 141 | 174905 |
| 13 | ઓક્ટોબર | વિજ્ઞાન ધોરણ 6 થી 8 શિક્ષક તાલીમ, રાજકોટ | શિક્ષક | 3 | 10 | 409 | 398997 |

| ક્રમ | માસ | તાલીમનું નામ | લાભાર્થી જૂથ | તાલીમનાં દિવસો | વર્ગોની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | કુલ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| 14 | નવેમ્બર | NAS 2024 FI તાલીમ | ડી.એલ.એડ. વિધાર્થી | 1 | 2 | 135 | 410589 |
| 15 | ફેબ્રુઆરી | ગુજરાતી ધોરણ 3 થી 5 તાલીમ | શિક્ષક | 2 | 24 | 858 | 524023 |
| 16 | ફેબ્રુઆરી | અંગ્રેજી ધોરણ 3 થી 5 | શિક્ષક | 2 | 23 | 769 | 487722 |
| 17 | ફેબ્રુઆરી | હિન્દી ધોરણ 3 થી 5 તાલીમ | શિક્ષક | 1 | 22 | 790 | 250537 |
| 18 | ફેબ્રુઆરી | ગણિત ધોરણ 3 થી 5 તાલીમ | શિક્ષક | 2 | 22 | 807 | 504300 |
| 19 | ફેબ્રુઆરી | પર્યાવરણ ધોરણ 3 થી 5 તાલીમ | શિક્ષક | 1 | 23 | 795 | 232525 |
| 20 | માર્ચ | ગુજરાતી ધોરણ 6 થી 6 તાલીમ | શિક્ષક | 2 | 21 | 777 | 495389 |
| 21 | માર્ચ | સંસ્કૃત ધોરણ 6 થી 8 તાલીમ | શિક્ષક | 1 | 20 | 731 | 243412 |
| 22 | માર્ચ | ગણિત ધોરણ 6 થી 8 તાલીમ | શિક્ષક | 2 | 21 | 771 | 485792 |
| 23 | માર્ચ | સામા. વિ. ધોરણ 6 થી 8 તાલીમ | શિક્ષક | 2 | 22 | 763 | 496594 |
| 24 | માર્ચ | હિન્દી ધોરણ 6 થી 8 તાલીમ | શિક્ષક | 1 | 24 | 862 | 273644 |
| 25 | માર્ચ | અંગ્રેજી ધોરણ 6 થી 8 તાલીમ | શિક્ષક | 2 | 21 | 766 | 501481 |
| 26 | માર્ચ | વિજ્ઞાન ધોરણ 6 થી 8 તાલીમ | શિક્ષક | 2 | 22 | 768 | 496009 |
| | | | **કુલ** | **58** | **473** | **17119** | **12098025** |

**Others/RTGS/PFMS**

- **ધોરણ 9-અને 10 વિજ્ઞાન,ગણિત,ગુજરાતી,સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી તાલીમ વર્ગ**

  ધોરણ 9-અને 10 વિજ્ઞાન,ગણિત,ગુજરાતી,સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી શિક્ષક તાલીમનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષકો માટે સતત વ્યાવસાયિક સજ્જતાના ભાગરૂપે 50 કલાકની (Continuous Professional Development –CPD) ભલામણ કરવામાં આવેલ લર્નિંગ આઉટકમ,લર્નિંગ પેડાગોજીકલ પ્રોસેસ, અભ્યાસબિંદુ આમ અધ્યયન નિષ્પત્તિ આધારિત એકમની સમજ કેળવવાનો હતો એ આશયથી સપ્ટેમ્બર માસમાં રાજકોટ જિલ્લામાં કુલ-813 શિક્ષકો લાભાર્થી તરીકે ઉપસ્થિત રહ્યા હતા.આ તાલીમવર્ગમાં તમામ વિષયોનું ઇનોવેટિવ પેડગોજી આધારિત શિક્ષણકાર્ય કેવી રીતે કરશો તેની સમજ આપવામાં આવી હતી .આ તાલીમ વર્ગની નિપજ એ હતી કે શિક્ષક તાલીમ વખતે તમામ વિષયોની સમજ શિક્ષક સુધી પહોચે અને વર્ગખંડ પ્રક્રિયા રસપ્રદ અને આનંદદાયી બને તે હતી. તેનું પરિણામ વર્ગખંડમાં બાળકો સુધી પહોંચે.

- **ધોરણ -3 થી 5 પ્રથમ સત્ર શિક્ષક તાલીમ**

  ધોરણ-3 થી 5 ગુજરાતી, ગણિત, પર્યાવરણ, ધોરણ 4 અને 5 હિન્દી, ધોરણ – 3 થી 5 અંગ્રેજી અને ધોરણ -5 અંગ્રેજી અજમાયશી પાઠ્યપુસ્તકની તાલીમનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષકો માટે સતત વ્યાવસાયિક સજ્જતાના ભાગરૂપે 50 કલાકની (Continuous Professional Development –CPD) ભલામણ કરવામાં આવેલ જે અંતર્ગત લર્નિંગઆઉટકમ, લર્નિંગ પેડાગોજીક્લ પ્રોસેસ, અભ્યાસબિંદુ તેમજ કઈ ઇનોવેટિવ પેડગોજી નો ઉપયોગ કરી શકાય તેની સમજ કેળવવાનો હતો એ આશયથી સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનમાં લાભાર્થી તરીકે કુલ 5625 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.આ તાલીમવર્ગમાં શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃધ્ધિ થાય તેની સમજ આપવામાં આવી હતી. તાલીમની નિપજ એ હતી તેનું પરિણામ વર્ગખંડમાં બાળકો સુધી પહોંચે બાળકો વિચારતા થાય તેમનામા પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય કેળવાય તે આજના સમયની જરૂરિયાત છે.

- **ધોરણ -6 થી 8 પ્રથમ સત્ર શિક્ષક તાલીમ**

ધોરણ- 6 થી 8 ગણિત, હિન્દી, અંગ્રેજી,સંસ્કૃત,વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની તાલીમનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષકો માટે સતત વ્યાવસાયિક સજ્જતાના ભાગરૂપે 50 કલાકની (Continuous Professional Development – CPD) ભલામણ કરવામાં આવેલ જે અંતર્ગત લર્નિંગઆઉટકમ, લર્નિંગ પેડાગોજીક્લ પ્રોસેસ, અભ્યાસબિંદુ તેમજ કઈ ઇનોવેટિવ પેડગોજીનો ઉપયોગ કરી શકાય તેની સમજ કેળવવાનો હતો એ આશયથી સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનમાં લાભાર્થી તરીકે કુલ 4094 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.આ તાલીમવર્ગમાં શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃધ્ધિ થાય તેની સમજ આપવામાં આવી હતી. તાલીમની નિપજ એ હતી કે શિક્ષકો વર્ગખંડમાં વિષયવસ્તુ અંગેની સંકલ્પના સ્પષ્ટ કરી તેનું પરિણામ મેળવી શકે ,બાળકો વિચારતા થાય, તેમનામા પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય કેળવાય, ગોખણિયા અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ સાથેનું શિક્ષણ મેળવે તે માટે શિક્ષકની ક્ષમતામાં અભિવૃધ્ધિ કરવી આવશ્યક છે.

- **ધોરણ -3 થી 5 બીજા સત્રની શિક્ષક તાલીમ**

ધોરણ-3 થી 5 ગુજરાતી, ગણિત, પર્યાવરણ, અંગ્રેજી ધોરણ 4 અને 5 હિન્દીની તાલીમનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષકો માટે સતત વ્યાવસાયિક સજ્જતાના ભાગરૂપે 50 કલાકની (Continuous Professional Development – CPD) ભલામણ કરવામાં આવેલ જે અંતર્ગત લર્નિંગઆઉટકમ, લર્નિંગ પેડાગોજીક્લ પ્રોસેસ, વિવિધ અભિગમ તેમજ કઈ ઇનોવેટિવ પેડગોજી નો ઉપયોગ કરી શકાય તેની સમજ કેળવવાનો હતો એ આશયથી ફેબ્રુઆરી અને માર્ચ માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનમાં લાભાર્થી તરીકે કુલ 4019 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.આ તાલીમવર્ગમાં શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃધ્ધિ થાય તેની સમજ આપવામાં આવી હતી. તાલીમની નિપજ એ હતી કે અભ્યાસક્રમ અને પેડગોજીના સમન્વય થકી જ વર્ગખંડ પ્રક્રિયામાં અપેક્ષિત રીતે સફળ બની રહી હતી.

- **ધોરણ -6 થી 8 બીજા સત્રની શિક્ષક તાલીમ**

ધોરણ-6 થી 8 ગુજરાતી, ગણિત, હિન્દી, અંગ્રેજી,સંસ્કૃત,વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની તાલીમનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષકો માટે સતત વ્યાવસાયિક સજ્જતાના ભાગરૂપે 50 કલાકની (Continuous Professional Development –CPD) ભલામણ કરવામાં આવેલ જે અંતર્ગત લર્નિંગ

આઉટકમ, લર્નિંગ પેડાગોજીક્લ પ્રોસેસ, અભ્યાસબિંદુ  તેમજ કઈ ઇનોવેટિવ પેડગોજીનો ઉપયોગ કરી શકાય  તેની સમજ કેળવવાનો હતો. એ આશયથી ફેબ્રુઆરી અને માર્ચ માસમાં રાજકોટ જિલ્લા અને રાજકોટ કોર્પોરેશનમાં  લાભાર્થી તરીકે કુલ  5438 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમવર્ગમાં શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃધ્ધિ થાય  તેની સમજ આપવામાં આવી હતી. તાલીમની નિપજ એ હતી કે શિક્ષકો વર્ગખંડમાં વિષયવસ્તુ અંગેની સંકલ્પના સ્પષ્ટ કરી  તેનું પરિણામ મેળવી શકે, બાળકો વિચારતા થાય, તેમનામા પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય કેળવાય,  ગોખણિયા અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ સાથેનું શિક્ષણ મેળવે તે માટે શિક્ષકની ક્ષમતામાં અભિવૃધ્ધિ કરવી આવશ્યક છે.

- **નવભારત સાક્ષરતા ઓરીએનટેશન કાર્યક્રમો -**

જી.સી.ઇ.આર.ટી.ના આદેશાનુસાર NILP – ન્યૂ ઇન્ડિયા લિટરસી પ્રોગ્રામ અંતર્ગત ઉલ્લાસ કાર્યક્રમ ઓરીએન્ટેશનના 04 તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ ચારેય તાલીમ કાર્યક્રમોમાં ઉલ્લાસ કાર્યક્રમની સમજ, ઉલ્લાસ એપ્લીકેશનનું પ્રેકટીકલ કાર્ય કરાવવામાં આવેલ હતું.

  - તારીખ 31-08-2024 ના રોજ રાજકોટ જિલ્લાના તમામ સંકુલના કન્વીનરશ્રીઓ, TPEOશ્રીઓ, BRC Co.શ્રીઓ માટે 03 કલાકની ઓરીએન્ટેશનની તાલીમ યોજવામાં આવી જેમાં 40 વ્યક્તિઓ જોડાયા હતા.
  - તારીખ 13-08-2024 ના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટના પ્રથમવર્ષની 41 તાલીમાર્થી બહેનોને, તારીખ 15-08-2024 ના દ્વિતીય વર્ષની 36 તાલીમાર્થી બહેનોને ઉલ્લાસ કાર્યક્રમની પૂરી સમજ સાથે નિરક્ષરોનું રજીસ્ટ્રેશન કાર્ય તથા નિરક્ષરોને સાક્ષર કરવાની એન્ડ્રોલોજી સમજાવવામાં આવી હતી.
  - તારીખ 16-08-2024 ના લોહાણા મહિલા અધ્યાપન મંદિરની 120 તાલીમાર્થી બહેનો તથા અધ્યાપકશ્રીઓને ઉલ્લાસ કાર્યક્રમની પૂરી સમજ સાથે નિરક્ષરોનું રજીસ્ટ્રેશન કાર્ય તથા નિરક્ષરોને સાક્ષર કરવાની એન્ડ્રોલોજી સમજાવવામાં આવી હતી.

- **રોલ-પ્લે અને ફોકડાનસ પ્રતિયોગિતાના કાર્યક્રમો**

રાષ્ટ્રીય વસતી શિક્ષણ એકમ (NPEP)ના અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરની પ્રેરણાથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના જિલ્લા સંશાધન એકમ (NPEP) દ્વારા કિશોરો, તરુણો અને યુવાવર્ગને સ્પર્શતા આ તમામ વિષયો અને પડકારરૂપ સમસ્યાઓને લઈને અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા  છે. જેના એક ભાગરૂપે રાજકોટ જિલ્લાના સરકારી માધ્યમિક શાળાના ધોરણ 09 માં અભ્યાસ કરતા રાષ્ટ્રીયકૃત રોલ-પ્લે અને લોકનૃત્ય પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ.

રાજકોટ જિલ્લાકક્ષાની રોલ-પ્લે અને લોકનૃત્ય પ્રતિયોગિતા તારીખ 06-09-2024 ના રાજકોટ ડાયટમાં યોજવામાં આવી હતી જેમાં રોલ-પ્લે સ્પર્ધામાં 4 શાળાના 20 વિદ્યાર્થીઓ અને લોકનૃત્યમાં 5 શાળાના 28 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માર્ગદર્શક શિક્ષકો સહિત કુલ 69 લાભાર્થી હતા. ત્રણ નિર્ણાયકોની એક ટીમે બંને સ્પર્ધાનું મૂલ્યાંકન કરેલ હતું. સંચાલક અને પટ્ટાવાળા મળી કુલ 73 વ્યક્તિઓ આ કાર્યક્રમમાં હાજર હતા. સરકારી મા. શાળામાં ધોરણ ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની જિલ્લાકક્ષાની રોલ-પ્લે અને લોકનૃત્ય પ્રતિયોગિતાનું રજીસ્ટ્રેશન 10:00 વાગ્યાથી શરૂ કરવામાં આવ્યું હતું. રોલ-પ્લે અને લોકનૃત્ય આ બંને સ્પર્ધામાં જિલ્લામાંથી 09 ટીમે ભાગ લીધો હતો. સ્પર્ધાઓ પૂર્ણ થયા બાદ નિર્ણાયકશ્રીઓએ દરેક સ્પર્ધકને માર્ગદર્શન આપેલ હતું. તેમજ વધારે સારા પર્ફોર્મન્સ માટે પુન: રજૂઆત કરાવી હતી. સ્પર્ધકો અને નિર્ણાયકો વચ્ચે પ્રશ્નોત્તરી યોજવામાં આવેલ હતી. તેમજ લેખિતમાં પ્રતિભાવ લેવામાં આવેલ હતા. સમાપનમાં વિજેતા ટીમને ઇનામ તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. સંજયભાઇ મહેતા, ડૉ. હમીરભાઇ કાતડ તથા ડૉ. પ્રશાંતભાઇએ ઉપસ્થિત રહીને સ્પર્ધકોની કૃતિ નિહાળી હતી અને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરેલ હતા.

સ્પર્ધકોને બંને સ્પર્ધામાં ખૂબ જ મજા આવી. લોકનૃત્યના ગીતમાં વ્યસનમુક્તિના સંદેશને વણી લેવાની બાબત અસર કરી ગઇ હતી. કાર્યક્રમના અંતે યોજવામાં આવેલ ચર્ચામાં વિદ્યાર્થીઓમાં ધ્યાન ખેંચાઈ આવે તેવાં વર્તન પરિવર્તનો જોવા મળ્યાં.

- **Advocacy Program on Mental Health and Wellbeing -**

  NCERT ના NPEP તેમજ GCERT ની PEC શાખાના આદેશ અન્વયે તારીખ 03-03-2025 ના D.El.Ed / B.Ed. ના પ્રશિક્ષણાર્થીઓ માટે Mental Health and Well-being વિષયને લઇને Advocacy કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં બંને વર્ષની મળીને કુલ 99 પ્રશિક્ષણાર્થી બહેનો જોડાઇ હતી.

  આ તાલીમમાં માનસિક સ્વાસ્થય અને સુખાકારી - વૈશ્વિક સિનારીયો, માનસિક સ્વાસ્થય અને સર્વાંગી સુખાકારીની સંકલ્પના, શિક્ષકના માનસિક સ્વાસ્થયની જરૂરીયાત, સ્વસ્થ માનસિક સ્વાસ્થયના લક્ષણો તથા માનસિક સ્વાસ્થય અને સુખાકારી વધારવાની પ્રવૃત્તિઓને વણી લેવામાં આવી હતી. DLEd ના પ્રશિક્ષણાર્થીઓ માટેનો સમગ્ર કાર્યક્રમ સમયપત્રક મુજબ ચાલ્યો હતો. જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓના ઉદાહરણો લઇને સુખમય જીવન કઇ રીતે જીવી શકાય એ વાત પ્રશિક્ષણાર્થી બહેનોને સમજાવવામાં આવી હતી. WHO એ આપેલાં માનસિક સ્વાસ્થય અને સુખાકારીની વ્યાખ્યા અને સંકલ્પના ઉદાહરણો અને પ્રવૃત્તિ કરાવીને સમજાવવામાં આવી હતી. વાસ્તવિક પરિસ્થિતિઓના ઉદાહરણો સાથે જીવનશૈલી, વર્તન-વ્યવહારો, સંબંધો, સમાજ, વ્યવસાયિક સ્થિત, બાહ્ય પરિબળોની વ્યક્તિ ખાસ કરીને શિક્ષકના માનસિક સ્વાસ્થય પર પ્રભાવ-અસર કઇ રીતે પાડે છે તે સમજાવવનો પ્રયાસ કરવામાં આવેલ. તાલીમના અંતે પ્રશિક્ષણાર્થી બહેનો શિક્ષકના માનસિક સ્વાસ્થયની બાળકોના જીવન પર પાડતી અસરોને સમજી શક્યા હતા. તેમજ જીવન કૌશલ્યો સ્વજાગૃત્તિ, સ્વની ઓળખ, સમસ્યા ઉકેલ કૌશલ્ય, તનાવાનુકૂલન કૌશલ્ય, ભાવનાત્મક અનુકૂલન, લાગણીઓનું વ્યવસ્થાપન કૌશલ્ય તથા ધ્યાન, યોગ, મુદ્રાઓ, કલાઓ દ્વારા માનસિક સ્વાસ્થય બનાવી રાખવાની બાબતોને જાણી હતી.

- **NAS—National Achievement Survey-2024 PARAKH**

  સંપૂર્ણ રાષ્ટ્રમાં પરખ- રાષ્ટ્રીય સર્વેક્ષણ-2024 અંતર્ગત સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક અને માધ્યમિક બાળકોની શૈક્ષણિક સિદ્ધિ ચકાસવા માટે NCERT, DILHI અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા NAS-(National Achievement Survey) હાથ ધરવામાં આવે છે. દર ત્રણ વર્ષ બાદ આ સર્વે હાથ ધરવામાં આવે છે. તેના પરિણામોના આધારે જે અધ્યયન નિષ્પતિ કઠિન આવેલ હોય તેના આધારે જિલ્લા કક્ષાએ તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે અને સંશોધન કાર્ય પણ કરવામાં

આવે છે. આ વર્ષે NAS નું અમલીકરણ તા.04/12/2024નાં રોજ સમગ્ર ભારતમાં કરવામાં આવેલ હતું. આ અંતર્ગત જિલ્લા કક્ષાએ નીચે મુજબ સમિતિ બનાવેલ હતી. જેનો હેતુ પાયાની કક્ષાએ, પ્રાથમિક કક્ષાએ અને માધ્યમિક કક્ષાએ શીખવાની અધ્યયન નિષ્પતિઓનું મૂલ્યાંકન કરવાનો હતો. માટે આ સર્વે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેની સરકારી શાળાઓ, સરકારી સહાયિત શાળાઓ અને ખાનગી શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ કરોડ વિદ્યાર્થીઓને આવરી લેવાનું સુચારુ આયોજન કરવામાં આવેલ હતું.

| Designation | | Name | Contact No. | Email Address |
|---|---|---|---|---|
| DLC (District Level Coordinator) - 1 | DIET's Principal | Shree Pragnaben Vallabhbhai Radadiya | 9426225558 | pvradadiya@gmail.com |
| DLC (District Level Coordinator) - 2 | District Education Officer (DEO) | Shree Dikshitbhai H. Patel | 9909970214 | dikshit.15577@gmail.com |
| DLC (District Level Coordinator) - 3 | District Primary Education Officer (DPEO) | Shree Dikshitbhai H. Patel | 9909971694 | dikshit.15577@gmail.com |
| ADLC (Assistant District Level Coordinator) - 1 | DIET's Lecturer | Dr. Prashantbhai A. Ambasana | 9924871816 | Prashant.med@gmail.com |
| ADLC (Assistant District Level Coordinator) - 2 | DIET's Lecturer | Dr. Hamirbhai H. Katad | 9998298742 | hhkatad@gmail.com |

આ વર્ષે આ સર્વે ધોરણ 3,6 અને ધોરણ 9 માં અમલીકરણ કરવામાં આવેલ હતો. ધોરણ ૩ ની 30 શાળા, ધોરણ-૬ ની 31 અને ધોરણ 9 ની 51 શાળામાં આ સર્વે યોજવામાં આવેલ. અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમની શાળાની પસંદગી રાષ્ટ્રીય કક્ષાએથી કરવામાં આવેલ હતી. ધોરણ-૩ માં કુલ 774, ધોરણ-૬માં 768 અને ધોરણ-૯માં 1476 વિદ્યાર્થીઓએ આ સર્વેમાં ભાગ લીધેલ હતો. રાજકોટ જિલ્લાની કુલ 102 શાળાઓનો આ સર્વેમાં સમાવેશ કરવામાં આવેલ હતો. અને દરેક શાળાદીઠ એક એફ.આઈ.ની પસંદગી કરવામાં આવેલ એફ.આઈ. તરીકે, ડી.એલ.એડ, કોલેજના વિદ્યાર્થીઓએ કામગીરી કરેલ હેતી. દરેક એફ.આઈ અને તાલુકાદીઠ એક રિઝર્વ એફ.આઈ.માટે તાલીમનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ ખાતે તા: 22/11/2024 ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. પ્રશાંતભાઈ અંબાસણા અને ડૉ. હમીરભાઈ કાતડ દ્વારા તજજ્ઞની કામગીરી કરવામાં આવી હતી.આ સાથે સર્વેમાં સમાવિષ્ટ શાળામાં PQ, SQ અને TQ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. મહત્તમ જે તે શાળાના 30 વિદ્યાર્થીઓની આપેલ નમૂના પસંદગી મુજબ સિલેક્ટ કરીને કસોટી લેવાની હતી અને તમામ સાહિત્ય

લઇ આવવાની અને લઇ જવાની કામગીરી રાષ્ટ્રીય કક્ષા દ્વારા નિમાયેલ સી.બી.એસ.સી. બોર્ડના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ હતી.

- **પીએસટીઇ પ્રશિક્ષણાર્થીઓ માટે થયેલ કાર્યક્રમો**
- **યોગ દિવસ**

તારીખ: 21/6/2024 ના રોજ યોગ દિવસની ઉજવણી એસ.વાયના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ડો. હેમાંગીબેન તેરૈયા દ્વારા તાલીમાર્થીઓ તેમજ પી.એસ.ટી.ઈ ના તમામ અધ્યાપકો એ યોગ કરીને આ દિવસની ઉજવણી કરવામાં આવી **હતી.**

- **પ્રથમવર્ષ પ્રવેશોત્સવ**

તારીખ: 24/6/2024ના રોજ ડી.એલ.એડ FYના તાલીમાર્થીઓ માટે પ્રવેશોત્સવ અને વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. FY ડી.એલ.એડ ના તાલીમાર્થીઓને ગળામાં ખેસ પહેરાવીને છાત્રાલયના દ્વારથી શંખવગાડીને વાજતે ગાજતે પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી. પ્રાચાર્યશ્રી સંજયભાઈ મહેતા તેમજ તમામ અધ્યાપકો અને વહીવટી સ્ટાફ સાથે વાલીઓ પણ તેમાં જોડાયેલ હતા. સ્વાગતમાં કંકુ, ચોખા અને ફૂલ આપી, મીઠું મોઢું કરાવેલ. શ્લોક-પ્રાર્થના કરી. પ્રાચાર્યશ્રી ડૉ.સંજયભાઈ મહેતા સાથે તમામ અધ્યાપકોએ દીપપ્રાગટ્ય કર્યું હતું. ડૉ.સંજયભાઈ મહેતાએ તાલીમાર્થીઓનુ શાબ્દિક સ્વાગત અને મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાનો પરિચય માધવીબેન શુક્લ આપ્યો હતો. દ્વિતીયવર્ષની તાલીમાર્થીએ સ્વાગત ગીતનું ગાન કર્યું હતું. PSTE શાખાના બધા જ અધ્યાપકોએ તેમનો પરિચય આપ્યો હતો. અંતે તાલીમાર્થીએ આભારવિધિ કરી હતી.

- **ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી**

તા:22/7/24 ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી SY ની તાલીમાર્થીઓએ પોતાના ઇન્ટર્નશીપ ગ્રૂપમાં ઉજવવામાં આવેલ હતી. અને એફ.વાય.ના તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના કાર્યક્રમમાં ઉજવણી કરવામાં આવી હતી. તે અંતર્ગત કરવામાં આવી હતી. સંસ્થામાં રંગોળી કરવામાં આવી હતી.

- **સ્વાતંત્ર્ય અને પ્રજાસત્તાક દિન ઉજવણી**

  તા. 15મી ઓગસ્ટ અને તા. 26મી જાન્યુઆરીના દિવસે ડાયેટના શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. હેમાંગીબેન તેરૈયા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વાતંત્ર્યપર્વ, પ્રજાસત્તાકપર્વ અને યોગદિવસની ઉજવણી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે યોજવામાં આવ્યો હતો.

- **હિન્દી દિવસ**

  ડાયેટ ખાતે તા.14/09/2024 ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કવિ પરિચય, કાવ્ય પઠન, કવિ સંમેલન, ડિબેટ , સમૂહગાન જેવા કાર્યક્રમ યોજીને ઉજવણી કરવામાં આવી હતી.

- **શિક્ષક દિન**

  તારીખ: 5 સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સી.ટી એરવાડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાચાર્ય તેમજ ઓ.એસ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. એફ.વાય અને એસ.વાયના તાલીમાર્થીઓએ સંસ્થામાં પ્રાચાર્ય,અધ્યાપક, વહીવટી સ્ટાફ અને વર્ગ-4ના કર્મચારીની ભૂમિકા ભજવી હતી. એફ.વાયના તાલીમાર્થી દ્વારા દીવા સ્વપ્નનું નાટક ભજવવામાં આવ્યું હતું. આમ શિક્ષક દિનની ઉજવણી ખૂબ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

- **ગાંધીજયંતિ**

  તા.2/10/2023ના રોજ ગાંધીજયંતિ ની નિમિત્તે ડી.એલ.એડ. તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના કાર્યક્રમ યોજ્યો હતો. તેમાં ભજન, વ્યક્તિ વિશેષ, ગીત, પુસ્તક સમીક્ષા અને ક્વિઝનું આયોજન કારવામાં આવ્યું હતું. તમામ સ્ટાફ સાથે રહીને સ્વચ્છત્તા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત તમામ તાલીમાર્થીઓના જૂથ બનાવી તેમાં અધ્યાપકને સામેલ કરીને પ્રાર્થના હૉલ, મેદાનની સફાઈ તેમજ ત્રિકોણબાગના સર્કલમાં સ્થાપિત કરેલ ઢેબરભાઇના પૂતળાની સફાઈ તથા સંસ્થાની બહારની બાજુમાં રસ્તાની સફાઈ કરવામાં આવી હતી.

- **નવરાત્રી**

  તારીખ: 3 ઓક્ટોબર થી 12 ઓક્ટોબર સુધી નવરાત્રી નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમાં દરરોજ રાત્રે તાલીમાર્થી બહેનો ગરબા રમી શકે તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. એક દિવસ દિવ્યાંગ

બાળક ઉત્તમ મારૂ દ્વારા ગરબા રજૂ કરવામાં આવ્યા હતા. આમ તમામ અધ્યાપકો અને તાલીમાર્થી બહેનોએ ગરબા રમીને નવરાત્રિનો તહેવાર ખૂબ ધૂમધામ પૂર્વક ઉજવ્યો હતો.

- **રમતોત્સવ**

તારીખ 18 જાન્યુઆરી 2025એ પ્રાચાર્ય ડો. સંજયસર મહેતાના માર્ગદર્શન હેઠળ ડો. હિમાંગીબેન તેરૈયા તેમજ તેની ટીમ દ્વારા રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેદાનમાં ઝોન કક્ષાનો રમોત્સોવ યોજવામાં આવ્યો હતો. તેમાં જીસીઇઆરટીના રવેસી પરમાર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ છે. જેમાં સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓએ ખો-ખો,ગોળફેંક, રસા ખેંચ, 100મી દોડ અને ટેબલ ટેનિસ જેવી રમતોમાં ભાગ લીધો હતો. તેમજ એફ.વાય તેમજ એસ.વાયની તાલીમાર્થી બહેનો પણ ત્યાં ખેલાડીઓ નો ઉત્સાહ વધારવા માટે ગયા હતા. વિજેતા ખેલાડીઓને મહેમાનો દ્વારા ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આમ તમામ કાર્યક્રમ ખૂબ સરસ રીતે પૂર્ણ થયો હતો.

- **એક્સપોઝર વિઝીટ પોરબંદર**

તારીખ 28 જાન્યુઆરી 2025 ના રોજ પોરબંદર ખાતે પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં પી.એસ ટી.ઈ. શાખાના તમામ અધ્યાપકો અને વહીવટી શાખાના ક્લાર્ક તેમજ એસ.વાય અને એફ.વાય ના તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. અમે પોરબંદરમાં ડાયેટ, જાંબુવંતી ગુફા-રાણાવાવ, શ્રી હરિ મંદિર પોરબંદર, કીર્તિ મંદિર તેમજ પોરબંદરની ચોપાટીની મુલાકાત લીધી હતી.

- **હિમોગ્લોબીન**

તારીખ 15 ફેબ્રુઆરી 2025 ના દિવસે શ્રી બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ અને કુંડારીયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશનના સ્થળેથી શ્રી હિરલબેન હિન્સુ અને વૈશાલીબેન મજીઠીયા આવ્યા હતા. તેમને હિમોગ્લોબિનની માહિતી આપી હતી. તેમજ એસ.વાય અને એફ.વાય ના તાલીમાર્થીઓનું હિમોગ્લોબિન ચકાસ્યું હતું. તેમજ હિમોગ્લોબિનની ગોળીઓ તાલીમાર્થીઓને આપવામાં આવી હતી.

- **સન્માન સમારોહ**

તા.23/09/2024ના રોજ નવદુર્ગા ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા કસબી કાર્યક્રમ અંતર્ગત એસ.વાય.ના તાલીમાર્થી બહેનો ના પરિણામ માંથી જેમનો એક થી ત્રણ નંબર આવેલ છે, તેમને મહેમાનો દ્વારા પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર તેમજ સાલ પહેરાવીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

- **વિજ્ઞાન દિવસ**

તારીખ 28 ફેબ્રુઆરી 2025 ના રોજ વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માધવી મેડમ શુક્લ દ્વારા વિજ્ઞાન વિશેની માહિતી આપવામાં આવી હતી. જેમાં એફ.વાય અને એસ..વાય ના તાલીમાર્થી બહેનો વૈજ્ઞાનિકો વિષે માહિતી આપી હતી અને ગીત રજૂ કર્યા હતા.  આ કાર્યક્રમમાં ડાયેટનો સ્ટાફ અને તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 13.0 પ્રવૃત્તિઓ/કાર્યક્રમ/તાલીમ/વર્કશોપ/સેમિનાર તેમજ અન્ય પ્રવૃત્તિઓનાં ફોટોગ્રાફકસ

### પી. એન્ડ એમ. શાખા















વાર્ષિક આયોજન
2024-25
આયોજન અને વ્યવસ્થાપન શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
વાર્ષિક અહેવાલ
2023-24
આયોજન અને વ્યવસ્થાપન શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
Email: dietrajkot1@gmail.com, Website: www.dietrajkot.org

## ઇ.ટી.શાખા







## ડબ્લ્યુ.ઇ. શાખા























MICROBES IN THE BIOSPHERE




SMART VIRTUAL CLASSROOM


SMART VIRTUAL CLASSROOM





## સી.એમ.ડી.ઇ. શાખા























WELCOME






પ્રજ્ઞા અભિગમ





## ડી.આર.યુ. શાખા

# DRU શાખા : તાલીમની તસ્વીરો










# રાજકોટ જિલ્લાકક્ષા કલાઉત્સવની તસ્વીરો



# રાજકોટ જિલ્લાકક્ષા બાળવાર્તા સ્પર્ધાની તસ્વીરો
























# સૌરાષ્ટ્ર -1 ઝોનકક્ષા બાળવાર્તા સ્પર્ધાની તસ્વીરો



# રોલ-પ્લે અને લોકનૃત્ય સ્પર્ધાની તસ્વીરો



## આઇ.એફ.આઇ.સી. શાખા













SHREE GREEN FARM ENGLISH SCHOOL




Inspired By GCERT, Organized By DIET RAJKOT
10th District Level Educational Innovation Festival 2024-25
Welcomes You
Date : 12 to 14 February-2025
Inspired By GCERT, Organized By DIET RAJKOT
10th District Level Educational Innovation Festival 2024-25
Date : 12 to 14 February-2025
Registration
I
Innovation


2019
Organized By DIET RAJKOT


District Level
Educational Innovation
Festival 2024-25



## પી.એસ.ટી.ઇ. શાખા




WELCOME
SELFIE POINT
24 06 24
DIET-RAJKOT


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ
આપનું હાર્દિક સ્વાગત કરે છે.
શિક્ષક દિનની


DIET
RAJKOT




WELCOME
SELFIE
POINT


ફેબ્રુઆરી
2025
RAJKOT


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ









